રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## સ્વ. પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા તથા પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ

વકતા : શ્રી રતિલાલ બોરીસાગર

વિષય : દર્શકનું 'વાલ્મીકિ રામાયણનું મર્મદર્શન'



તારીખ : ૧૫ ઑક્ટોબર - ૨૦૨૪

સ્થળ : લોકભારતી ગ્રામવિદ્યાપીઠ

વર્ષ: ૭૮ અંક : ૦૪ ૧૫ નવેમ્બર, ૨૦૨૪

## પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ



ઉદ્‌ઘોષક : શ્રી ધરતીબહેન જોગરાણા



આવકાર : શ્રી અરુણભાઈ દવે



વકતાશ્રીનો પરિચય : શ્રી મનસુખભાઈ સલ્લા




મંચસ્થ મહાનુભાવો



લોકદક્ષિણામૂર્તિ પરિવારનો સુજ્ઞ શ્રોતાગણ



પૂ. વિ. સન્માનવિધિનું સંકલન : શ્રી હસમુખભાઈ દેવમુરારિ



# કોડિયું

વર્ષ : ૭૮ | નવેમ્બર ૨૦૨૪ | અંક : ૦૪

## અનુક્રમણિકા


૦૧ દોસ્ત, સૌનો દોસ્ત ...૦૮
મનોહર ત્રિવેદી

૦૨ નિરંતર પ્રયોગશીલ પુરુષાર્થી : રતિલાલ સુદાણી ...૧૧
પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

૦૩ આગાખાન કુંજનું સુગંધી પુષ્પ પંકજ દવે ...૧૪
અપૂર્વ ઓઝા

૦૪ વેળાવદરના(વીર) તખુભાઈ સાંડસુર ...૧૭
ઘનશ્યામસિંહજી રાઠોડ

૦૫ સુમન-રીટા ...૨૦
અતુલભાઈ પંડ્યા

૦૬ હું મુમુક્ષુ છું. ...૨૩
નાનાભાઈ ભટ્ટ

૦૭ સૂર્ય આપણો પરમ મિત્ર છે. ...૨૪
વિનોબા ભાવે

૦૮ જૂનું માનસ અકબંધ ...૨૫
મનુભાઈ પંચોળી 'દર્શક'

૦૯ સૂર્ય એટલે પરમેશ્વરનો ટપાલી... ...૨૬
ગુણવંત શાહ

૧૦ આપણા કામોની પ્રાથમિકતા કેવી રીતે નક્કી કરવી? -૨ ...૨૭
મુનિ દવે

૧૧ વાચનવિશ્વના મહાનાયક, વાત્સલ્યમૂર્તિ : મુકુંદરાય મુનિ ...૩૦
પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

૧૨ એક સાધકની સાધનાનો દસ્તાવેજ: 'શબ્દ અને શ્રુત' ...૩૩
ડૉ. દિનુ ચુડાસમા

૧૩ કથા આશા અને વિકાસની : માતાજીએ પરીક્ષા લીધી ...૩૫
બિંદુ-પાર્થેશ

૧૪ સંસ્થા સમાચાર ...૩૮
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની
જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### ચાલો, વિદ્યાર્થી સન્માનનું પગેરું પકડીએ..

વૈજ્ઞાનિકોની સ્વીકૃત માન્યતા-ગણતરી પ્રમાણે આજથી ચૌદેક અબજ વર્ષ પહેલાં બ્રહ્મઅણું ફાટ્યું હતું. અને તેમાંથી અખૂટ-અમાપ ઊર્જા અને દ્રવ્ય (પદાર્થ) ઉત્સર્જ થયા એટલું જ નહીં, સમયનો પણ જન્મ ત્યારે થયો. આમ ઊર્જા અને પદાર્થ એકના એક જ છે. નિરંજન નિરાકાર એવી ઊર્જામાંથી જ આપણને દેખાતા એવા આપણા સહિતના પદાર્થો આકાર લે છે. આથી તો ઊર્જાને 'ચેતના' કહીને ભારતીય પ્રાચીન ઋષિઓએ તેને 'બ્રહ્મન' કહ્યું. જેના પરથી આપણે વિશ્વને બ્રહ્માંડ કહ્યું. ચારસોથી પાંચસો અબજ તારા ધરાવતી ગેલેકસી-આકાશગંગાઓ (તારાવિશ્વો) રચાવા લાગી. અબજોની સંખ્યામાં જન્મેલ ગેલેકસીસ પૈકી એક તારાવિશ્વ-'મીલ્કીવે ગેલેકસી'માં લગભગ ત્રીજી પેઢીના સરખામણીએ સામાન્ય એવા સૂર્ય નામના તારાનો ૪.૫ અબજ વર્ષ પહેલા જન્મ થયો. સૂર્યના નવેક ગ્રહો, બોંતેર જેટલા ઉપગ્રહો અને અગણિત અનેક પ્રકારના અવકાશીય પિંડોનો પરિવાર છે. સૂર્યથી ત્રીજા ક્રમે રહેલી પૃથ્વી ગ્રહ પર મળેલી માફકસરની ગરમીના પ્રતાપે આજથી ૩.૮૫ અબજ વર્ષ પહેલા આવરણીય રચનાઓ સ્થિર થઈ. સર્જનહારની અલૌકિક ઘટમાળમાં સમુદ્રથી ત્રીસેક ફૂટની ઊંડાઈએ ૨૩ પ્રકારના અમિનો એસિડનું યોગ્ય ક્રમમાં અકસ્માતે ગોઠવાઈ જવાથી આજથી ત્રણેક અબજ વર્ષ પહેલા જૈવિક ગુણો ધરાવતા પ્રથમ ડી.એન.એ.નો જન્મ થયો અને તેના સંયોજનથી પૃથ્વીલોકનું સૌ પ્રથમ જીવબિંદુ 'કોએસર્વેટસ' પ્રગટ્યું. આ જીવબિંદુ 'કોએસર્વેટસ'માં બે પ્રકારના જીવો વિકસ્યા. એક એવો પ્રકાર વિકસ્યો કે જેણે પોતાનો જરૂરી ખોરાક જાતે પેદા કરી લઈ સ્વાવલંબન સાધ્યું અને તેમાંથી વનસ્પતિ-જગતનો જન્મ થયો. બીજા પ્રકારના જીવોએ બીજા પાસેથી હડપી લઈને પોતાની જરૂરિયાત પૂરી કરવાની વિવિધ યુક્તિઓ-શક્તિઓ પ્રાપ્ત કરી અને તેમાંથી પશુ-પંખી-પ્રાણી-માનવ સહિતના જગતનો વિકાસ થયો. અત્યંત મહત્ત્વની હકીકત એ છે કે આ વનસ્પતિ અને પ્રાણી જગતના તમામ જીવો એક બીજાના ભરોસે, વિશ્વાસે અને આધારે ટકી રહ્યા છે અને ટકી શકે. આ ભરોસો જ્યાં જ્યાં અને જેટલો જેટલો ભંગ થયો ત્યાં તેટલી ચેતના ક્ષીણ થઈ છે, સંવેદના મરી ગઈ છે અને સર્વાંશે ચૈતન્યસભર સૃષ્ટિને પારાવાર નુકસાની વેઠવી પડી છે.

ત્રણ અબજ વર્ષોમાં કાળક્રમે અબજો પ્રકારના સૂક્ષ્મજીવો, પક્ષીઓ, પ્રાણીઓ અને વનસ્પતિઓના જમેલાથી પૃથ્વી કલરવ કરતો સજીવગ્રહ બની ગયો. માણસ તો હજુ માત્ર એકાદ લાખ વર્ષ પહેલા જ પૃથ્વી પર પાપા પગલી માંડતો થયો છે. એંસી હજાર વર્ષ તો તે ભટકતું જીવન જીવ્યો અને બારેક હજાર વર્ષથી ખેતી કરી સ્થિર જીવન જીવતો થયો છે. સંસ્કૃતિના મંડાણ છેલ્લા આઠેક હજાર વર્ષથી થયાનું જણાય છે. માણસમાં સુખની સંવેદનાનો સળવળાટ તો છેલ્લા છ હજાર વર્ષથી થયો !

એક ગણતરી પ્રમાણે આપણા જીવતા ગ્રહ પૃથ્વી ઉપર દસેક કરોડ પ્રકારના જીવો વસે છે. તેમની જાતી-પ્રજાતીઓ તો અબજોમાં છે. આ દસ કરોડ પ્રકારના જીવોમાંથી માત્ર ૧૭ લાખ જીવોની જ ઓળખ થઈ શકી છે. પણ જેટલા જીવોની ઓળખ થઈ શકી છે તેનો અભ્યાસ બહુ રોમાંચક છે. આ તમામ જીવોમાં બે લક્ષણો એવા છે કે જે બધા જીવોમાં સામાન્ય છે! એક તારણ એ નીકળ્યું છે કે તમામે તમામ જીવનું અંતિમ લક્ષ એક જ

છે અને તે છે જીવનમાં મોજ કરવી ! બસ જલસા કરવા ! બીજું લક્ષણ એ જાણવા મળ્યું કે દરેક જીવ તેની પ્રસન્નતાની અભિવ્યકિત નૃત્ય દ્વારા કરે છે. આથી આ પૃથ્વીલોકના તમામ જીવોને નૃત્ય કરતા આવડે છે અને એ તેમનો રાજીપો પોતપોતાના નૃત્યથી વ્યકત કરતા રહે છે.

પૃથ્વીલોકનું સૌથી ઉત્તમ-સર્વશ્રેષ્ઠ ગણાતું પ્રાણી-માણસ અન્ય જીવો કરતા એકંદરે અન્ય જીવોની સરખામણીએ વધારે દુઃખી જણાય છે! અન્ય કોઈ જીવો આત્મહત્યા કરતા નથી. આ દુઃખનું મુખ્ય કારણ જીવનમાં જે કાંઈ મળ્યું છે તેનો સંતોષ નથી એ છે. **સંતોષનો અભાવ જ દુઃખનું કારણ છે.** સુખી થવું અને રહેવું એ માણસનો પ્રાકૃતિક અધિકાર છે. સુખપ્રાપ્તિ કરવા પ્રયત્ન કરવો અનિવાર્ય છે. આ પ્રયત્ન ખોટા રસ્તે અને ખોટા સાધનો દ્વારા થતો હોવાથી ગંતવ્ય સ્થળે પહોંચાતું નથી.

વાસ્તવમાં આપણે અતિરેકવાદનો ભોગ બનેલા છીએ. આપણે જેણે ખૂબ મેળવ્યું છે, ભેગું કર્યું કે જબરી પદ-પ્રતિષ્ઠા-વટ મેળવ્યા છે તેનાથી પ્રભાવિત થઈએ છીએ. અથવા તો જેણે ગુમાવ્યું છે, સઘળાનો ત્યાગ કર્યો છે તેના ચાહક-પ્રશંસક બનીએ છીએ. આપણને અદાણી-અંબાણી કે બાવા-સાધુ આકર્ષે છે. જે સાવ સામાન્ય જિંદગી જીવે છે, જે મળ્યું તેમાં સંતોષી છે, કાંઈ ખોટું કરતો નથી, તેનું જીવનકાર્ય યજ્ઞાર્થે કર્યે જાય છે તેવા પ્રત્યે આપણે આકર્ષાતા નથી, તેવાની નોંધ પણ લેતા નથી. **વાસ્તવમાં જે મળ્યું છે તેમાં સંતોષી જીવન જીવી રહ્યા છે તે અખંડાનંદી છે.** ન ત્યાગ ન સંગ્રહ. મળ્યું તેમાં પ્રસન્નતાથી જીવવું એ જ સાચી જીવન-ભક્તિ છે. સંતોષી કાર્યપ્રણાલી એ ભજન છે. જે સહજરીતે મળ્યું છે તેને પ્રભુકૃપા માનીને પ્રભુપ્રસાદ સ્વપરૂપે સ્વીકાર કરવો એ જ સુખની ગુરુચાવી છે.

આપણે અતિરેકવાદ નહીં સમતોલવાદ કે મધ્યમવાદને જીવનશૈલી તરીકે સ્વીકારવાનો છે. શું પ્રાપ્ત કર્યું એ મહત્ત્વનું નથી, ક્યા સાધનોથી અને કયા માર્ગે પ્રાપ્ત કર્યું છે તે મહત્ત્વનું છે. આપણે આજ સુધીમાં જે ૭૪ વિદ્યાર્થીઓનું સન્માન કર્યું છે તે બધા સંતોષીઓ છે, નિજાનંદી છે. તેમને જે મળ્યું છે તેમાં તેમને સંતોષ છે. જીવનમાં જે કાંઈ સહજ મળ્યું છે તેનો સમાજ માટે સર્જનાત્મક-રચનાત્મક અભિગમથી ઉપયોગ કરવો એ જ ખરો મુક્તાનંદ છે. ભૌતિક સુવિધાથી મળતું સુખ અસ્થાયી છે જ્યારે જીવનના સંતોષથી મળેલી પ્રસન્નતા ચિરસ્થાયી છે.

લોકભારતીના સન્માનિત વિદ્યાર્થીઓએ કાંઈ અસાધારણ સંગ્રહ કર્યો નથી કે ત્યાગ કર્યો નથી. સહજ જે મળ્યું છે તેમાં સંતોષ માન્યો છે. જીવનનો આ સંતોષી અભિગમ જ તેમને સન્માનિત કરવા માટે પૂરતો છે. **તેમણે સમાજ સાથે સત્સંગ અને સ્વ સાથે સ્વસંગ માણ્યો છે.**

લોકભારતીના સન્માનિત કે એ કક્ષાના સૌ વિદ્યાર્થીઓ સર્વશ્રેષ્ઠ નથી પણ શ્રેષ્ઠ તો છે જ. સર્વશ્રેષ્ઠમાં હરિફાઈ છે. હરિફાઈ જ્યાં આવે ત્યાં અનેક પ્રકારના માનવ સહજ દૂષણો આવવાના જ છે. સૌથી મોટો દૂર્ગુણ અહંકાર તો અડ્ડો જમાવીને જ બેસે. આપણે સ્પર્ધા-હરિફાઈ- સરખામણી કર્યા વગર જેણે પોતાને મળેલ સહજ-પ્રામાણિક પ્રાપ્તિમાંથી સંતોષથી પોતાની જિંદગી જીવીને લોકભારતીની સંસ્કારી કેળવણીને ઉજાગર કરી હોય તેવા સંતોષીઓને પોંખીએ છીએ. **જીવનનો સંતોષ એ જ સમગ્ર માનવજાતની વિશ્વશાંતિની ગુરુચાવી છે.**

એક એવું તારણ પણ જાણમાં આવ્યું છે કે વિશ્વમાં એક ટકા લોકોને પણ પોતાનું ગમતું કામ મળતું નથી. એટલે કે

આજીવિકા અને પ્રસન્નતાનો સ્ત્રોત નવ્વાણું ટકા લોકો માટે એક નથી. જેમણે ગમતું કામ મેળવ્યું હોય અથવા મળેલ કામને ગમતું કરી લીધું હોય તેવા લોકો સો વર્ષનું આયુષ્ય ભોગવે છે!! જાપાનમાં અને સ્કેન્ડીનેવિયન દેશોના કેટલાક ટાપુઓમાં આજે પણ આ હકીકત છે. આજે સતત વધી રહેલી આત્મહત્યાઓ પ્રસન્નતાના-સંતોષના અભાવાનું પરિણામ છે. આ અભિગમથી સમજીએ તો લોકભારતીના સન્માનિત વિદ્યાર્થીઓ સાવ સહજરૂપે સમાજમાં જ્યાં જે જીવનશૈલીથી જીવી રહ્યા છે તે માનવ-જીવનશૈલીની દીવાદાંડી સમાન છે, પ્રેરણારૂપ છે. લોકભારતીની જીવનમૂલ્યનિષ્ઠ કેળવણી સમાજને ધરેલી ઉત્તમોત્તમ ભેટ છે.

આજે વિશ્વમાં સ્વીકૃત અને વ્યાપક બનતી શિક્ષણ પ્રણાલી ફીનલેન્ડની ગણાય છે. વાસ્તવમાં વિષયના વાડાઓ તોડીને જીવનમાં અને પ્રકૃતિમાં બનતી ઘટનાઓના આધારે અનુભવ અને અનુબંધ દ્વારા પ્રવૃત્તિઓથી ભણાવાતી આ શિક્ષણ પ્રણાલી નઈ તાલીમની આધુનિક આવૃત્તિ સમાન છે. લોકભારતીની જીવનલક્ષી કેળવણી આજની NEP, ફીનલેન્ડ અને આયર્નલેન્ડની શિક્ષણ પ્રણાલીઓને સમાવી લેતી એવી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી સ્થાયી શિક્ષણ-પ્રણાલી છે. આ વાત આજે નહીં તો કાલે સમાજે સ્વીકારવી જ પડશે. પણ આપણે બોલવું તો પડશેને? બોલે તેના બોર વેંચાય...

નઈ તાલીમનું, લોકભારતીત્વનું શિક્ષણવિશ્વમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને ખોખલી કરી રહી છે. આના સંદર્ભે લોકભારતીના અવૈધિક શિક્ષણના વિદ્યાર્થિની રજનીબહેન ગાંધીની પ્રેરક ઈચ્છાથી પ્રારંભાયેલી 'ઝાડના પારખાં ફળ પરથી' જેવા બાઈબલના પ્રસિદ્ધ વાક્યને ધ્યાને ધરીને ચાલતી આ સન્માનવિધિ વિદ્યાર્થી અને સંસ્થા બંને માટે ગૌરવની ઘટના બનતી રહી છે. આ તમામ સન્માનિત વિદ્યાર્થીઓના કાર્યો અને અનુભવોની નોંધ 'ઝાડના પારખાં ફળ પરથી' એ શીર્ષકથી પુસ્તિકા સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવી રહી છે. આ પુસ્તિકાઓ અનેકક્ષેત્રોના અભ્યાસુઓને અનેક દૃષ્ટિએ પ્રેરણા પુરી પાડી રહી છે. આવનારા સમયમાં શિક્ષણ જગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવોથી સભર પ્રકાશનો પહોંચાડવાનો અમારો પુરુષાર્થ સાર્થક થશે તેવી આશા છે.

આપણા શાસ્ત્રોએ સમજાવ્યું છે તેમ કર્મના પરિણામ કરતાં કર્મમાં કરેલી સક્રિય ભાગીદારી સાચા સુખ-સંતોષ આપે છે. તું રંગાઈ જાને રંગમાંના ભાવથી કામ કરવાનું છે. આ વિદ્યાર્થીઓએ પરિણામ, પુરસ્કાર કે સન્માનનો વિચાર કર્યા વગર પોતાના ભાગે આવેલા કર્મને યજ્ઞાર્થે ગણીને, ગુણવત્તા અને પ્રતિબદ્ધતાથી ફરજ બજાવી હોવાથી તેમનું કામ જીવન માટે ભજન બની રહ્યું. કામ કરતી વખતે જે ઘડિયાળ જુવે છે તે કર્મચારી છે અને જે ઘડિયાળ તરફ નજર પણ નથી કરતો તે માલિક છે. જે મળ્યું છે તેનો સ્વીકાર કરીને માલિક બનેલા આ સન્માનિત વિદ્યાર્થીઓ લોકભારતીત્વના પ્રચારકો, પ્રહરીઓ અને ભજનિકો છે.

વળી, આ સહજ થયેલી પ્રક્રિયા છે કારણ કે આનંદ-પ્રસન્નતા એ લેવાની કે મેળવવાની કે માંગવાની બાબત નથી, એ તો આપવાની બાબત છે. અન્યને સંતોષ આપીને આનંદિત થયેલ આ વિદ્યાર્થીઓ ઘણું લાંબું, નિરોગી અને નિજાનંદી જીવન-ધન્યતા પામે તેવી પ્રભુ પ્રાર્થના સાથે શુભેચ્છાઓ.

— [signature]

## ૦૧ દોસ્ત, સૌનો દોસ્ત

**મનોહર ત્રિવેદી**



મેં 'એતદ'માં એક લેખ કરેલો. એનું શીર્ષક હતું : 'દોસ્ત, મારો દોસ્ત'. આજે વિચારું છું તો થાય છે, ના, એ માત્ર મારો જ નહીં, સૌનો દોસ્ત છે. ૦૭-૦૩-૧૯૪૩ એ એની જન્મતારીખ. નામ, દોસ્ત મોહમ્મદ રહેમાનભાઈ બ્લોચ. વખત જતાં સર્ટિફિકેટ સિવાય એ ફક્ત દોસ્ત, દોસ્તભાઈ બની રહ્યા. આ જ એની ઓળખ. પિતા રહેમાનભાઈ ગામડાંગામના મંત્રી-તલાટી. અણિશુદ્ધ ગાંધીજન, સાચા અર્થમાં વૈષ્ણવજન. સફેદ બરછટ ખાદીનાં ધોતી-ખમીસ, માથે ગાંધીટોપી. સાદગીનો વૈભવ આઠેઆઠ ભાઈ-બહેનોએ પિતા પાસેથી વારસામાં મેળવેલો. માતા દૂરીબા પતિના મામુલી પગારમાંથી ઘરસંસાર નિભાવી જાણે, દીપાવી જાણે, એવાં ઘરરખ્ખું ગૃહિણી. આંગણે આવનારને ઓછપનો અણસાર સરખો ન આવવા દે. રહેમાનભાઈનું એક ફેફસું ગીતા ને બીજું કુરાનને શ્વસે. દૂરીબા પતિના પગલામાં પગલું પરોવીને ચાલે. ઘેર ગાયો રાખવાનો શોખ. સંતાનોને ઘી-દૂધ-છાશ છાંડવાનો વારો ન આવવો જોઈએ. સંતાનોને જ શું કામ, આસપાસનાં પડોશીઓને પણ મળવાં જોઈએ. વહેંચે, વેચે નહીં જ ! કંઠ અને કલાનો વારસો દોસ્તભાઈએ માતા પાસેથી મેળવેલો. છોકરાઓનું સંસ્કારઘડતર આશ્રમી-કેળવણીથી થાય, એવી રહેમાનભાઈની દૃઢ માન્યતા. એટલે દીકરા-દીકરીઓને ખડસલી અને લોકભારતીમાં ભણાવ્યાં. પાંચ સંતાનો તો સીધા કેળવણી સાથે જ સંકળાયેલાં. પિતૃપક્ષનો આ વારસો. મોસાળમાંથી સચ્ચાઈ અને નિર્ભયતાનો વારસો મેળવેલો. એક નાના ગાયકવાડ રાજ્યના વરિષ્ઠ પોલીસ અધિકારી, બીજા નાના કોઈ વાતે વાંકું પડેલું, તે બહારવટે ચડેલા. વટ સચ્ચાઈનો. મોટાભાઈએ આ અઘરું કામ સોંપ્યું સૌરાષ્ટ્રના પાણીદાર પોલીસ-અધિકારી છેલભાઈ દવેને. એમની સમજાવટથી બહારવટું છૂટ્યું. દોસ્તભાઈને આશ્ચર્ય એ વાતે છે કે નાનાની બંદુકનું મારા હાથમાં કલમમાં રૂપાંતર શી રીતે થયું?

એવા આ દોસ્તભાઈ ખડસલી તેમ જ લોકભારતીમાં ભણ્યા. સ્નાતક થઈને માતૃસંસ્થા ખડસલીમાં શિક્ષક થઈને ઠર્યા. ઠરીઠામ થયા. પૂ. ભાઈ(મૂ.મો. ભટ્ટ) દ્વારા ગૃહપતિનો જે વારસો મળેલો તેને માનવીય અભિગમથી દીપાવી જાણ્યો.

પૂ. ભાઈએ એના લોહીમાં ધબકતા ગૃહપતિપણાને પારખીને કહ્યું : 'દોસ્ત, એક ઉત્તમ ગૃહપતિ થવાને લાયક છે. વિદ્યાર્થી તરફનો તેનો પ્રેમ અને કરુણા આપોઆપ તેને ઉત્તમ ગૃહપતિ સ્થાપિત કરશે' દર્શકદાદાએ પોતાની ઝીણી આંખે નોંધ્યુંઃ 'દોસ્ત મહંમદમાં સારા માસ્તરના બધા ગુણ નિહાળું છું. તે આજીવન માસ્તર થવા સર્જાયો હોય તેવું લાગે છે.' એવા આ દોસ્તને ખડસલીના ઢોરા પરના ખૂણાખાંચરા અજવાળતા રહ્યા.

૧૯૬૫માં લોકભારતી સ્નાતક થઈ, બી.એડ.ની ઉપાધિ મેળવી ખડસલીમાં જ શિક્ષક-ગૃહપતિ ને છેલ્લે આચાર્યપદને દીપાવી, ૨૦૦૧માં સેવાનિવૃત્ત થયા. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ-ગૌશાળા, ખેતીકામ, છાત્રાલય સફાઈ, સાંસ્કૃતિક-સાંગીતિક કાર્યક્રમો, નાટકો, નૃત્ય, ગરબા, દાંડિયારાસ, વાર્ષિકોત્સવ જેવી એકએકથી ચડિયાતી ને વિદ્યાર્થીઓ તેમ જ આસપાસનાં ગ્રામીણોને મોજ પડે તેવી અસંખ્ય પ્રવૃત્તિઓ કરતા-કરાવતા રહ્યા. બાળકોને ખબર પણ ન પડે એમ એમનું જીવનઘડતર કરતા રહ્યા. એ માટે જરૂર ઊભી થઈ તો પોતે જ નાટકો લખ્યાં અથવા આપણી શ્રેષ્ઠ વાર્તાઓનું નાટ્ય રૂપાંતર પણ કર્યું, જેવાં કે, સત-અસત, કન્યાવિદાય જેવી લોકનૃત્ય નાટિકાઓ, પીપળા-પાર્લામેન્ટ, દવાખાનું, મંદિર-મસ્જિદ(દ્વિઅંકી), પાળિયા બોલે છે, હળવા પ્રહસનો, મોક-અદાલત, મોક-યુ.નો., સંઘર્ષ અને સમન્વય, સ્વાતંત્ર્ય કથાઓ, ઇત્યાદિ... કથાઓ નાનાભાઈ જેબલિયાની હોય, શરદબાબુની હોય કે ટોલ્સટોયની પણ હોય.

સહકર્મીઓએ પણ પોતાનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિની પેઠે એનાં હેતાળ સૂચનોને ઝીલ્યાં ને સંસ્થાની પ્રતિષ્ઠા વધારી. આટઆટલી પ્રવૃત્તિઓ છતાં શૈક્ષણિક પ્રદાન કરવામાં લગીરે બેધ્યાન નહીં થવાનું. શ્રેણી દસ-બારનાં પરિણામ મહદ અંશે ૧૦૦% જ આવે. અને આ બધાં વચ્ચે સાહિત્યિક વાતાવરણ પણ એવું જ જળાવયેલું રહે. રાતના બે વાગે પણ છાત્રો ઊભા થવાનું નામ ન લે એવાં કવિસંમેલન અહીં થાય. આ જોઈ રમેશ પારેખે કહેલું: ‘અનેક કવિ-સંમેલનમાં જાઉં છું, આવી દાદ અને આવી રસવૃદ્ધિ બીજે ક્યાંય નથી જોઈ.’ સદગત હર્ષદ ચંદારાણા, અરવિંદ ભટ્ટ જેવા કવિઓ અવશ્ય હોકારો પુરાવે.

૨૦૦૧માં સરકારી નિયમાનુસાર વયનિવૃત્ત થયા. મન-હૃદયની સ્ફૂર્તિ અનેકવિધ કામ સાથે એમને જોડતી રહી. સર્વોદય યોજના-માલપરા અને રાવળસર(જામનગર)માં એ જોડાયા. ૧૦૦૦ જેટલા શિક્ષકો સાથે જ્ઞાનગોષ્ઠિ, શિબિરો, વંચિત અને ઝૂંપડાંવાસી ૧૨૦૦ જેટલાં છોકરા-છોકરીઓને શૈક્ષણિક સુવિધા અપાવી. અનેકોને રાજગાર માટે સાધનોની સહાય અપાવી, બેરોજગારમુક્ત કર્યા.

શ્રી દીપકભાઈ મહેતા કે હિંમતભાઈ ગોડા, જયન્તીભાઈ અંધારિયા જેવા એના પૂર્વ શિક્ષકો હોય; ડોલરરાય માંકડ(ડો.કાકા) ગુણવંત શાહ, નાગજીભાઈ દેસાઈ, મોતીભાઈ પટેલ જેવા સુજ્ઞજનો હોય; મનસુખભાઈ સલ્લા, કરશનભાઈ ડાંગર કે મારા જેવા એના મિત્રો-સહાધ્યાયીઓ હોય એ સૌને એ સૂતરના તાંતણે બાંધી શક્યા છે. લઘુમતી-બહુમતીના વિચારો એને પજવતા નથી, એ સંમતિ-સન્મતિના પંથના પ્રવાસી છે.

વિદ્યાગુરુ ફાઉન્ડેશન-સાવરકુંડલાનું ‘લલ્લુભાઈ શેઠ શિક્ષણ-સન્માન’ તેમ જ કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ-જામનગર જેવી અનેક સંસ્થાઓએ તેમનું ગૌરવ કર્યું છે. આજે લોકભારતી પૂર્વવિદ્યાર્થી સન્માનથી એ પુરસ્કૃત થઈ રહ્યા છે. શુભકામનાઓ અને અભિનંદન.

મો.૯૩૨૭૭૩૯૦૬૮

**સન્માન પ્રતિભાવ**

**દોસ્તભાઈ બ્લોચ**

મારા ઘડતરનો પાયો નંખાણો લોકશાળા ખડસલીમાં અને ચણતર લોકભારતી સણોસરામાં. લોકશાળા ખડસલીમાં મારો અભ્યાસ પૂરો થયો અને ત્યારે વિદાય સમારંભમાં અમારા આચાર્ય શ્રી હિંમતભાઈ ગોડાને વચન આપેલ કે, ‘હું આજીવન ગામડાંમાં કામ કરીશ.’ લોકભારતીમાં સ્નાતકનો અભ્યાસ પૂરો કર્યો ત્યારે મેં પૂજ્ય મનુદાદાની હાજરીમાં આજીવન ગામડાંમાં કામ કરવાની પ્રતિજ્ઞા લીધેલી. શહેરનાં અનેક પ્રલોભનો આવ્યાં, પણ મેં ગામડું છોડ્યું નહીં. મારી બંને માતૃસંસ્થાને આપેલ વચન પાળ્યું છે. મેં ૧૦૦ ટકા પાણી બતાવ્યું તેનો મને આનંદ છે.

વિદ્યાર્થીકાળથી માંડીને આચાર્ય સુધીની આડત્રીસ વર્ષની મારી સફર લોકશાળામાં રહી, આ દરમિયાન શિક્ષણના અનેક પ્રયોગો કર્યા અને તેના ઉજળાં પરિણામ મળ્યાં. ૧૯૮૨માં ભયંકર વાવાઝોડું આવ્યું, નદી કાંઠે રહેતા

અને વાડાથી ગુજરાન ચલાવતા વંચિતોનું બધું તણાઈ ગયું. લોકશાળાએ નિરાધારોને બેઠાં કરવાનું બીડું ઝડપ્યું, તેનાં બાળકોને શિક્ષણ અને સંસ્કાર આપવાની જવાબદારી મારા શીરે આવી. આવા ૧૨૦૦ જેટલાં બાળકોનાં ઘડતર અને સંસ્કાર સિંચનનું મેં કામ કર્યું. પૂજ્ય મનુદાદા વહેલી સવારે અમને ઉઠાડવા આવે ત્યારે મોટેથી બોલે, 'દોસ્ત, ઊઠ, આપણે પંથ બહુ લાંબો છે.'

આ લાંબા પંથને કાપીને ધ્યેય સુધી પહોંચવાનું બળ મને લોકભારતીએ આપ્યું. લોકશાળામાંથી નિવૃત્ત થયો એટલે વાત્સલ્યધામ ટ્રસ્ટ માલપરાએ મને બોલાવી લીધો અને સર્વોદય યોજનાની કામગીરી સોંપી. આ પછી ઠક્કરબાપા ટ્રસ્ટ-જામનગરના પ્રમુખ શ્રી કરસનભાઈએ મને બોલાવ્યો કહ્યું, 'તમારી કર્મભૂમિ સમાણા પણ રહી છે તમે માલપરામાં કામ કરો છો તેવું જ કામ રાવલસરમાં આપણે કરવાનું છે.' સમાજસેવાનું કામ મને ગમે એટલે મેં બંને સંસ્થાની જવાબદારી સ્વીકારી હતી. બોટાદ અને જામનગર જિલ્લાનાં ૬૦ ગામોમાં મારી સેવાલક્ષી પ્રવૃત્તિ ચાલે છે.

૩૦૦ જેટલાં સિલાઈ મશીન, ૧૫૦ જેટલી હાથ લારીઓ, ૫,૦૦૦ જેટલાં તગારાં, પાવડા, તાલપત્રી, ખેત-ઓજાર, છેવાડાના લાભાર્થીઓને ૨૦૦ ડોલ અને ઘાસ ઢસડવાના રેકડા. ૫,૦૦૦થી વધુ સ્કૂલબેગ, રોજગાર લક્ષી સાધનો, મહિલા જાગૃતિ શિક્ષણ અને આરોગ્યના કાર્યક્રમો પાછળ જ કરોડો રૂપિયાનું ખર્ચ થયેલ છે. સરકારશ્રીની અને સ્વૈચ્છિક સંસ્થાઓની આર્થિક સહાયથી આ કામ થઈ શક્યું છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિની આર્થિક સહાયથી ઉનાળામાં છાશ કેન્દ્રો પણ ચાલે છે. લોકભારતીએ મારું સન્માન કરી મને ઉજળો કરી બતાવ્યો છે. તે માટે તેમનો આભારી છું. જીવનથી થાકું ત્યારે લોકભારતીમાં આવી નોળવેલ સૂંઘી જાઉં ને તરોતાજા થઈને પાછો કામે લાગી જાઉં છું.

મો.૯૪૨૮૧૯૦૫૧૭

**ગાંધીજીની આર્ષવાણી**

ગોળમેજી પરિષદ વખતે ગાંધીજી ઈંગ્લેન્ડ હતા ત્યારે એક પત્રકારે બાપુને પૂછયું હતુંઃ

'ભારત પણ સ્વતંત્ર થશે એટલે ઈંગ્લેન્ડની જેમ સુખ-સુવિધાનાં સાધનો પાછળ દોટ મૂકશે ને ?'

બાપુએ ત્યારે ઉત્તર આપેલો કે : 'ભારતની વસતી જોતાં તમારી જેમ જીવવા માટે અમારે દસ પૃથ્વી જોઈએ ! તે કયાંથી લાવવી ?'

ગાંધીજીની આ આર્ષવાણી હતી.

---

**ગાંધીજીના પ્રભાવનું રહસ્ય**

લુઇ ફિશરે ગાંધીજી વિશે મહાદેવભાઈ દેસાઈને પૂછેલો એક સવાલ હતો.

લુઇ ફિશરઃ 'લોકો પર ગાંધીજીના પ્રભાવનું મુખ્ય કારણ ગાંધીજીની ધગશ છે. આ ધગશનું મૂળ શું હશે?'

મહાદેવભાઈ : 'દેહના જે વિષયો છે તેને વિશુદ્ધ કરી ઉચ્ચત્તર શ્રેણીએ ચડાવવાથી આ ધગશ ઉત્પન્ન થઈ છે.'

## ૦૨ નિરંતર પ્રયોગશીલ પુરુષાર્થી : રતિલાલ સુદાણી

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**



લોકભારતીના કૃષિ સ્નાતક (૧૯૮૦) રતિલાલ સુદાણી (જન્મ : ૧/૫/૧૯૫૫) નિત્ય પ્રયોગશીલ પુરુષાર્થી રહ્યા છે. અભ્યાસકાળ દરમિયાન તેમના મુખ્ય વિષય સહકારનો પ્રત્યક્ષ અનુભવ મેળવવા વિદ્યાર્થી ગ્રાહક સહકારી ભંડાર અને કાર્યકર ધિરાણ સહકારી મંડળીમાં લાંબો સમય સક્રિય કામગીરી સંભાળી. વહીવટ અને હિસાબી પાસાંઓની સજ્જતા કેળવી. ગ્રંથાલયમાં તેઓ નિયમિત જતાં. કૃષિ, પશુપાલનની અદ્યતન ટેક્નૉલૉજી અંગેના સાહિત્યનો તલસ્પર્શી અભ્યાસ કરે, નોંધ લખે.

સ્નાતક થયા પછી ભારતીય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન-બાયફમાં દોઢેક વર્ષ ત્રણ રાજ્યોમાં પ્રવૃત્ત રહ્યા. દસેક ગૂંઠા જમીનમાં પણ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા શાકભાજી, ઘાસચારાનું મહત્તમ ઉત્પાદન કઈ રીતે મેળવી શકાય તે અંગે ઉત્પાદકો પાસે સફળ પ્રયોગો કરાવ્યા. પશુઓની સારવારના ઘરગથ્થું ઉપચાર અંગે પશુપાલકોમાં જાગૃતિ લાવ્યા. મહારાષ્ટ્રમાં જે.પી. નાયક સ્થાપિત વિજ્ઞાન આશ્રમ પાબળમાં ડૉક્ટર કલબાગ સાથે સાતેક વર્ષ કામ કરવાની તક મળી. સેંકડો વ્યકિતઓને કૃષિ, પશુપાલન અને ગ્રામોદ્યોગ દ્વારા સ્વરોજગારી સર્જન માટે તાલીમ આપી. આગાખાન રુરલ સપોર્ટ પ્રોગ્રામમાં ચારેક વર્ષની સેવાઓ દરમિયાન દૂધાળા પશુઓને દૂધ વધારવા અપાતા ઓકિસટોકિસન હોર્મોન્સની ઘાતક અસરો અંગે ચેતવણી આપી, હોમિયોપેથિક દવાઓ અપનાવતા કર્યા. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ આણંદ દ્વારા સ્થાપિત ગુજરાત પર્યાવરણ સેવા સોસાયટીના સેક્રેટરી તરીકે કર્મચારીઓની કાર્યક્ષમતા વધારી. પરિણામે ખોટ કરતી સંસ્થા નફો કરતી થઈ ગઈ.

૧૯૯૬માં તેમના મિત્ર ડૉક્ટર સુરેશ પવાર સાથે તેમણે 'ભૂજળશ્રી - જિયોટેક કન્સલ્ટન્ટ' સંસ્થાની સ્થાપના કરી. છેલ્લાં ૨૮ વર્ષથી ભૂગર્ભ જળ ક્ષેત્રે સંશોધિત વૈજ્ઞાનિક પદ્ધતિનો અભ્યાસ કરી તેના અમલ માટે તેઓ સક્રિય છે. તેઓ વિજ્ઞાન આશ્રમમાં હતા ત્યારે અર્થરેઝિસ્ટિવિટીમીટર જેવા અદ્યતન સાધનથી ભૂગર્ભ જળ તપાસી આપતા. તેમણે આ પ્રકારના તમામ ઉપકરણો વસાવ્યા છે. જેનાથી ખેતરમાં પાણી પ્રાપ્તિના સલામત અંદાજ સરળતાથી મેળવી શકાય છે. તેમના ૭૦% તારણો સાચાં સાબિત થયાં છે. તેઓ વર્ષમાં સોએક દિવસ આ કામમાં રોકાયેલા રહે છે. ત્રણેક હજાર ખેડૂતોની તેમણે મુલાકાત લીધી છે. ભૂગર્ભ જળ સર્વે માટે ભારતના વિવિધ રાજ્યો ઉપરાંત આફ્રિકન દેશ તાન્ઝાનિયા પણ જઈ આવ્યા છે.

પોતાના જ્ઞાનને સુદૃઢ કરવા તેમણે ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ઈકોલોજી એન્ડ એન્વાયર્નમેન્ટ ન્યૂ

દિલ્હીથી પર્યાવરણ વિષયક અનુસ્નાતક ડિપ્લોમાં અને એન્ટરપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ અમદાવાદથી સાહસિકતા વ્યવસ્થાપન પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ છે. તેમના ચિંતનપૂર્ણ લેખો વિવિધ સામયિકમાં પ્રકાશિત થતા રહે છે. તેમનું પુસ્તક 'દૂધાળા પશુઓના રોગો અને તેમની માવજત' થકી વાચકોની પ્રસંશા મેળવી છે. તેઓ સાતેક જેટલી સંસ્થાઓના પ્રમુખ, સંયોજક કે કારોબારી સભ્ય છે. તેમણે લોકભારતીની કેળવણીમાંથી સ્વનિર્ભર બનવાનું ધ્યેય, સ્વપ્ન સેવ્યું હતું. જે આજે પરિપૂર્ણ થયું છે. રતિભાઈ પશુપાલકો, ખેડૂતો અને સમાજને માર્ગદર્શન આપીને સંધ્યા સમયે સાર્થકતાની સમુચિત લાગણી અનુભવે છે. આજે માતૃસંસ્થા તેમનું સન્માન કરી રહી છે તેનો તેમને પરમ સંતોષ, ગૌરવ છે.

મો. ૯૪૨૬૪૬૧૦૯૦

**સન્માન પ્રતિભાવ**

**શ્રી રતિલાલ સુદાણી**

સ્વ. મનુદાદાની પુણ્યતિથિ(૨૯ ઓગસ્ટ-૨૦૨૪)ના દિવસે જ લોકભારતીના પૂર્વ વિદ્યાર્થીઓ કે જેમણે સમાજમાં જઈને લોકભારતીત્વને ઉજાગર કર્યું હોય તેવી આ વર્ષની વ્યક્તિઓની યાદીમાં સન્માન સમિતિએ મારા નામનો સમાવેશ કર્યો છે એ બદલ મને સવિશેષ આનંદ છે. એ બદલ હું સૌનો હૃદયપૂર્વક આભારી અને ઋણી છું.

મારું પ્રાથમિક શિક્ષણ ગામડે, માધ્યમિક શિક્ષણ, વિજ્ઞાન અને ટેક્નૉલૉજીમાં, ઉચ્ચ શિક્ષણ શહેરમાં થવા છતાં શૈક્ષણિક દૃષ્ટિએ મને સૌથી વિશેષ આનંદ અને સંતોષ આપણી સંસ્થા-લોકભારતીના વિશિષ્ટ પ્રકારના શિક્ષણથી થયો. મારી આંતરિક શક્તિઓ બહાર આવી અને સર્વાંગી વિકાસ થયો, તેના કારણે જ કોઈપણ વિસ્તારમાં, કોઈપણ ક્ષેત્રે, અનેક પ્રકારના વ્યવસાયમાં સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે દાખલ થઈને સંપૂર્ણ નિષ્ઠા અને પ્રામાણિકતાથી ફરજ બજાવીને વારંવાર નાની મોટી કામયાબી હાંસલ કરી શક્યો છું, જેનાથી જે તે સંસ્થાને, લાભાર્થીઓને અને મને પોતાને કામ કર્યાનું સમાધાન થયું છે. જેની ફલશ્રુતિરૂપે એ સૌએ અને મારી માતૃસંસ્થાએ મને અલગ અલગ રીતે સન્માનિત કર્યો છે. મને મારો જીવનહેતુ બર આવ્યાનો પરમ આનંદ અને સંતોષ છે.

લોકભારતીના શિક્ષણથી જ પ્રભાવિત થઈને મેં મારાં પાંચ કુટુંબી બાળકોને ગ્રામદક્ષિણામૂર્તિ, લોકભારતી અને ગૂજરાત વિદ્યાપીઠમાં સફળતાપૂર્વક નઈ તાલીમ શિક્ષણ લેવા પ્રેરિત કર્યાં છે. મારા પુત્ર અને પુત્રવધુએ પણ ભુવનેશ્વરમાં ડૉ.વર્ગીસ કુરિયેન સ્થાપિત સંસ્થામાં MBA-Rural Managementનો અભ્યાસ કરીને સીધી યા પરોક્ષ રીતે ગ્રામવિકાસલક્ષી સેવામાં જોડાયેલાં છે. હાલમાં તેઓ ભારત સરકારના મંત્રાલયમાં અલગ અલગ પ્રોજેક્ટ સંભાળી રહ્યાં છે.

લોકભારતીના સિદ્ધાંત મુજબ જ સ્વાવલંબી બનવા માટે અનુભવ મેળવવાના શુભાશયથી મેં કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં કામ કર્યું, પરંતુ ગામડાંના યુવાનોને વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના પ્રત્યક્ષ ધંધાકીય વ્યવહારુ શિક્ષણ આપીને સ્વરોજગારીથી સ્વાવલંબી બને એ માટે સ્વ. ડૉ. કલબાગ, વૈજ્ઞાનિક અને શિક્ષણશાસ્ત્રી (કે જેમને સ્વ. મનુદાદા સાથે જ જમનાલાલ બજાજ એવોર્ડ મળેલો)એ પાબલ-મહારાષ્ટ્રમાં વિજ્ઞાન આશ્રમની સ્થાપના કરેલી. ત્યાં શરૂઆતથી જ જોડાઈને સંસ્થાના એક મહત્ત્વના અંગ તરીકે સાત વર્ષ સુધી વિવિધ જવાબદારીઓ સાથે તાલીમ આપતાં આપતાં મેં પોતે પણ સ્વાવલંબી બનવા માટે બાગાયત નર્સરી, પોલ્ટ્રી, વગેરેમાં હાથ અજમાવેલો. ૧૯૯૦માં વિજ્ઞાન આશ્રમ દ્વારા વિકસિત ભૂગર્ભ જળ સંશોધનનું સાદું અને સસ્તું ઇલેક્ટ્રોનિક સાધન-રેજિસ્ટીવીટી મીટર ત્યાં મેં જાતે બનાવીને ગુજરાતમાં ભૂગર્ભ જળ સંશોધન વ્યવસાયની શરૂઆત કરી. ૧૯૯૬માં વિજ્ઞાન આશ્રમ, પાબલમાંના મારા સહકાર્યકર ડૉ. સુરેશ પવાર સાથે જોડાઈને 'ભૂજલશ્રી' વ્યાપારિક નામથી ગુજરાત, મહારાષ્ટ્ર અને પડોશી રાજ્યોમાં અમારો પૂર્ણ સમયનો વ્યવસાય શરૂ કર્યો જે હાલ પણ ચાલી રહ્યો છે. ખેડૂતો ઉપરાંત સેવાભાવી

સંસ્થાઓ, સરકારી વિભાગો, ઉદ્યોગો, વગેરેને ભૂગર્ભ જળ સંશોધન પ્રવૃત્તિ સાથે પર્યાવરણ સંરક્ષણ, જળ સંસાધન વિકાસ વગેરે ક્ષેત્રે કન્સલ્ટન્સી સર્વિસ આપીએ છીએ. જેનાથી ખાસ કરીને હજારો ખેડૂતોની આર્થિક સ્થિતિમાં મોટો સુધારો આવ્યો છે. આવા કાર્યોને હું આપણી લોકભારતી સંસ્થાની દેણ ગણું છું.

ભારત સરકારની પ્રધાનમંત્રી કૌશલ્ય વર્ધન યોજના(PMKVY)માં એગ્રિકલ્ચર સ્કિલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા(PMKVY) સાથે કૃષિ પશુપાલન વિષયના અનુભવી નિષ્ણાંત તરીકે જોડાઈને ગુજરાત અને રાજસ્થાનમાં કૃષિ યુનિવર્સિટી સહ અન્ય યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, સેવાભાવી સંસ્થાઓ, હાઈસ્કૂલ વગેરે દ્વારા ચાલતા ટૂંકા અને લાંબા ગાળાના કૃષિ અને પશુપાલન સંબંધિત તાલીમ કાર્યક્રમો અને એના તાલીમાર્થીઓનું એસેસમેન્ટ કરું છું. છેલ્લાં દસ વર્ષમાં આવા એકસો જેટલા લાંબા અને ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમોનું અને એમાંના ૨૫૦૦ જેટલા તાલીમાર્થીઓનું એસેસમેન્ટ કર્યું છે. તેઓ પણ સ્વાવલંબનની દિશામાં આગળ વધ્યા છે, આ બાબતને પણ હું આપણી લોકભારતી સંસ્થાની દેણ જ ગણું છું. અને છેલ્લે કહીશ કે આ મારું સન્માન નહિ, પણ આપણી સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને લોકવૈજ્ઞાનિક પણ જેમને વરેલા છે એવા ગ્રામોપયોગી વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના સન્માન સાથે આપણી સંસ્થામાંના મારા સર્વ નાનામોટા પ્રેરણાદાયી આદરણીય સંચાલકો, અધ્યાપકો અને કાર્યકરો ઉપરાંત મારા સહાધ્યાયી બહેનો અને ભાઈઓનું પણ સન્માન થઈ રહ્યું છે, એવી લાગણી સાથે હું ખૂબ આનંદ અને સંતોષ અનુભવું છું.

મો. ૯૪૨૭૩ ૮૨૩૬૮
મો. ૯૯૭૮૧ ૧૫૯૬૮

સ્ત્રી અને પુરુષ એક દરજ્જાનાં છે, એક જ નથી; એ અપૂર્વ જોડી છે, એકબીજાની પૂરણી છે અને બંને અરસપરસ ટેકારૂપ છે. તે એટલે સુધી કે એકને અભાવે બીજાનો સંભવ નથી.

---

જો આપણે આત્મશુદ્ધિ કરવી હોય, જો હિંદુ ધર્મને બચાવવો હોય, તો આપણે બળાત્કારે પળાવવામાં આવતા વૈધવ્યના મહાવ્યાધીમાંથી બચી જવું જોઈએ.

---

જે લોકોએ શિક્ષણનો લાભ મળ્યો છે તેમણે દીર્ઘકાળ થયાં ગામડાં તરફ નજર સરખી નથી કરી, તેમણે શહેરી જીવન પસંદ કર્યું છે.

---

અહિંસા એ કેવળ વ્યકિતગત સદ્‌ગુણ છે એવું હું માનતો નથી. એ સામાજિક સદ્‌ગુણ પણ છે ને બીજા સદ્‌ગુણોની માફક એને પણ પ્રયત્નપૂર્વક કેળવવો પડે છે.

---

સત્યમાં અહિંસા છુપાયેલી છે, અહિંસામાં સત્ય. તે બંને એક સિક્કાની બે બાજુ છે. એક બાજુ અહિંસા, બીજી બાજુ સત્ય.

---

સત્ય જે પારસમણિરૂપ છે, જે કામધેનુંરૂપ છે તે કેમ જડે? તેનો જવાબ ભગવાને આપ્યો છે; અભ્યાસ અને વૈરાગ્યથી. સત્યરૂપી પરમેશ્વર મારે સારુ રત્નચિંતામણિ નીવડેલ છે. બધાને સારુ નીવડો.'

--ગાંધીજી

## ૦૩ આગાખાન કુંજનું સુગંધી પુષ્પ પંકજ દવે

**અપૂર્વ ઓઝા**



આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ સંસ્થા (AKRS) એક આંતરરાષ્ટ્રીય અને સંપૂર્ણ વ્યવયાસિક અભિગમ ધરાવતી ઉત્તમ કક્ષાના વ્યવસ્થાપનથી ગ્રામોત્થાનનું કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા છે. ૧૯૮૫માં સ્થપાયેલ આ સંસ્થામાં IRMA, IIM અને TISS જેવી ભારતની વિશ્વવિખ્યાત સંસ્થામાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરેલાને કામે રાખવામાં આવતા. સંપૂર્ણ અંગ્રેજી અને કમ્પ્યૂટર પર થતા વહીવટી માળખામાં સૌના આશ્ચર્ય વચ્ચે સંસ્થાના પ્રથમ મુખ્ય વહીવટી અધિકારીશ્રી અનિલભાઈ શાહે ગુજરાતી માધ્યમમાં અને લોકભારતીમાં ભણેલા સ્નાતક પંકજ દવેને પસંદ કર્યા. સમગ્ર સ્ટાફ માટે જોણું બનેલા પંકજભાઈ ટૂંક સમયમાં આગાખાન સંસ્થાનું નજરાણું બની ગયા !

ત્રીસ વર્ષ અમે સાથે કામ કર્યું. મારા માટે તે સાથીદાર ઉપરાંત એક શિક્ષક રહ્યા. ગઢુ, સાયલા અને નેત્રંગ એમ ત્રણે કેન્દ્રોમાં પંકજભાઈએ એક બાહોશ, તટસ્થ, નિષ્ઠાવાન, પારદર્શી, ન્યાયી, પ્રતિબદ્ધ અને સંવેદનશીલ વહીવટદાર તરીકે યજ્ઞાર્થે સેવા કરીને સમગ્ર આગાખાન પરિવારમાં અદકેરું સ્થાન બનાવી લીધું. અંગત જીવનમાં સ્વીકારેલી સ્વૈચ્છિક સાદાઈ અને ઘસાઈને ઊજળાં થવાના પરિવારમાંથી મેળવેલા સંસ્કારે વર્ષોથી કાર્યરત એવા વિશ્વવિખ્યાત સંસ્થામાંથી ભણીને આવતા કુશળ કાર્યકરોની સમકક્ષ પહોંચીને પંકજભાઈએ લોકભારતીની કેળવણીને ઊજાગર કરીને લોકભારતીના સ્નાતકો માટે આગાખાનમાં નોકરીનાં દ્વાર ખોલી આપ્યાં.

દરિયાકાંઠાના પ્રદેશમાં, દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં અને આદિવાસી વિસ્તારમાં આવેલા આગાખાન સંસ્થાનાં ત્રણે કેન્દ્રોમાં તેમણે નોંધપાત્ર કામગીરી કરી. આ બધાં કેન્દ્રોમાં તમામ કાર્યકરો સાથેની ભાઈબંધી નોંધપાત્ર રહી. ત્રણે કેન્દ્રોના નાના-મોટા સૌ સેવકો પંકજભાઈને પોતીકા ગણીને દિલ ઠાલવી શકતા એ હકીકત છે. પંકજભાઈ તમામ કાર્યકરોની આવડત વિશે તો ઠીક પણ વ્યક્તિગત જરૂરિયાત અને પરિવારના સભ્યોની મુશ્કેલીઓથી પણ અવગત રહીને સાથીદારોની સુખાકારી માટે હંમેશા ચિંતિત રહેતા. રાજકીય આગેવાનો, સરકાર, લાભાર્થીઓ, દાતાઓ, સ્થાપક-સંચાલકો વગેરે સાથે ધર્મ અને કર્મ સંદર્ભે અમારે વારંવાર ગંભીર તકરારો-સંઘર્ષ થતાં. આ તકરારોના નિરાકરણ માટે અમારી પાસે એક માત્ર પાત્ર હતું, હા પંકજભાઈ. તેમના આ કરુણાસભર પરિવારભાવથી તેમનું નેતૃત્વ સંપૂર્ણ હકારાત્મક અભિગમને વરેલું રહ્યું. આગાખાનના સૌથી ઉપરી અધિકારીથી લઈને સામાન્ય ડ્રાઈવર સુધીનો ભરોસો બનેલા. સૌના આદરપાત્ર પ્રિય પંકજભાઈમાં અમને પાંચ મહત્ત્વના ગુણો અનુભવાયા કે જે અમારા સૌ માટે પ્રેરણાદાયી રહ્યા છે.

(૧) **પરિવારભાવઃ** તમામ કાર્યકરો સાથે પ્રેમાળ-હેતાળ સંબધો. સૌનું ગૌરવ જાળવીને વ્યવહાર. ભાંગ્યાના ભેરુ બનવા સદા તત્પર. પંકજભાઈ એટલે આગાખાન પરિવારની ૧૦૮.

(૨) **સંસ્થા પ્રતિબદ્ધતાઃ** સંસ્થાનાં તમામ નિયમો, મૂલ્યોને જાળવીને વફાદારીથી વહીવટ. કોઈ ખોટાં પ્રલોભનો આપ્યા વગરની સત્ય આધારિત વાત. પોતે સખત અને સતત પરિશ્રમ કરીને પછી જ બીજાને કામમાં જોડે.

(૩) **સફળ નેતૃત્વઃ** સંસ્થાના, સરકારી તંત્રના, દાતાઓ કે સાથીદારો સાથે જ્યારે જ્યારે વાદ-વિવાદ ઊભા થાય ત્યારે સંપૂર્ણ ધીરજથી, સંવેદનાથી, સત્યથી અને સંવાદથી ઉકેલ લાવે, પાર કરે. અહંકાર કે વટ વગરના સેવાકીય કાર્યને જ મહત્ત્વ આપીને નિરાકરણ લાવનાર પંકજભાઈને આગાખાનની આંતરિક મૂલ્યાંકન સમિતિએ ત્રણે કેટેગરીમાં શ્રેષ્ઠ વહીવટકાર તરીકે નવાજ્યા હોય તેવી અમારી સંસ્થા-ઇતિહાસની વિરલ ઘટના છે.

(૪) **તટસ્થતા-પારદર્શિતાઃ** જે તે વિસ્તારની જરૂરિયાતના સંદર્ભે આયોજનો અને બજેટ તૈયાર કરીને તેમણે ફંડિંગ એજન્સી અને લાભાર્થી વચ્ચે પ્રેમસેતુ બાંધ્યો. રાજકીય દખલગીરી હોય, સંસાધનોની સમાન વહેંચણીનો પ્રશ્ન હોય, સમુદાયો વચ્ચેના સંઘર્ષો હોય કે સ્ટાફની અંદરોઅંદર કટોકટી સર્જાણી હોય... પંકજભાઈની હાજરી અને નિર્ણય સૌને સંતોષકારક રહેતો અને સમાધાન થઈ જતું એ પંકજભાઈના વ્યકિતત્વની ઉજળી બાજુ રહી.

(૫) **સહુનો સ્વીકારઃ** સંસ્થાના સર્વાંગીણ વિકાસ સંદર્ભે જરૂરી એવાં ગ્રામીણ સંગઠનો સ્થાપવા અને તમામ ક્ષેત્રે સશક્તિકરણનું આયોજન કરી, અમલીકરણ કરવાની અગત્યની જવાબદારી પંકજભાઈએ સફળતાથી પાર પાડી. આ માટે તેમણે ક્યારેય નિષ્ક્રિય થયા વગર, નકારાત્મકતાને વ્યવહારમાં ઘૂસવા દીધા વગર સૌ સાથે સંબંધો મજબૂત કરતા રહ્યા. સરકારની નવી નીતિઓ, વૈશ્વિક સ્તરે બદલાતી જીવનશૈલી, બદલાતી માનસિકતા, બદલાતા વ્યવસ્થાપનના અભિગમો અને વપરાતી નવી નવી ટેક્નૉલૉજીનો તેમણે પૂરા હકારાત્મક અભિગમથી સ્વીકાર કર્યો છે. તમામ ક્ષેત્રે સૌનો સ્વીકાર કરીને પંકજભાઈ આગાખાન સંસ્થાના એક આદર્શ-નમૂનેદાર નેતૃત્વ પૂરું પાડનાર વિકાસકર્મીની ઉમદા છાપ મૂકીને નિવૃત્ત થયા છે.

આગાખાન સંસ્થા પંકજભાઈને કાયમ સત્ય, પ્રેમ અને કરુણાસભર વિદ્યા અને અવિદ્યાના વિવેકપૂર્ણ સમન્વયથી, લોકભારતીની કેળવણીને ઉજાગર કરનાર સંવેદનશીલ પાયાના કાર્યકર તરીકે કાયમ યાદ કરશે. તેમને નિવૃત્તિ પછી પણ ત્રણ વર્ષ આગ્રહપૂર્વક રોક્યા. આગાખાન સંસ્થા પરિવાર પંકજભાઈ અને કુંજનબહેન નિરોગી-પ્રસન્ન જીવન જીવે તેવી પ્રાર્થના કરે છે.

(ભૂતપૂર્વ મુખ્ય વહીવટી અધિકારી, આગાખાન સંસ્થા)

**સન્માન પ્રતિભાવ**

**હૈયે હરખ ન માય**

**પંકજ દવે**

આજે ૬૬ વર્ષની વયે નિવૃત્તિને પ્રવૃત્તિમય બનાવીને સંપૂર્ણ નિજાનંદી જીવન જીવી રહ્યો છું, ત્યારે મારા પરિવારની કર્મભૂમિ અને મારી માતૃસંસ્થા મને પોંખી રહી છે તેનો બહુ મોટો સંતોષ અને આનંદ અનુભવી રહ્યો છું. સ્વાતંત્ર્યસેનાની અને ૧૯૩૯થી પૂજ્ય નાનાભાઈ ભટ્ટના સાથીદાર બનેલા, પૂજ્ય મનુદાદાના હનુમાનભક્ત બનેલા મારા પિતાશ્રી મનુભાઈ દવે અને માતા પુષ્પાબહેનને દંડવત પ્રણામ સાથે સમગ્ર લોકભારતીની ચેતનાને વંદન કરું છું. લોકભારતીની તપોભૂમિમાં ઉછેર થવો, સ્વાતંત્રસેનાની અને શ્રીજીની ભક્તિમાં રમમાણ એવા પરિવારમાં ખાદીના બાળોતિયા અને સર્વોદય વિચાર ગળથૂથીમાં મને મળેલાં હતા. લોકભારતી જેવી ગાંધીવિચારને વરેલી ગ્રામાભિમુખ સંસ્થામાં ભણવાનું મળે એથી મોટું સદ્ભાગ્ય શું હોઈ શકે? મને બહુ સારા ગુરુજનો, વિશ્વાસુ મિત્રો, વફાદાર સાથી કાર્યકરો અને વિશ્વવિખ્યાત સંસ્થામાં કામ કરવાની તક મળી. મારી અંગત, પારીવારિક અને સંસ્થાગત એમ ત્રણે ક્ષેત્રની ચડતી-પડતી-દુઃખ-પ્રશ્નો અને હરખના સમયે પડછાયાથી પણ ચડી જાય તેવો સાથ આપનાર જીવનસાથી

કુંજન મળી એ મારું પરમ સદ્ભાગ્ય છે.

આગાખાન જેવી વિશ્વવિખ્યાત સંસ્થામાં બહુ મોટી પ્રખ્યાત યુનિવર્સિટીના અંગ્રેજી માધ્યમમાં ભણીને આવેલા સાથી કાર્યકરોથી પ્રારંભમાં તો ભારે મૂંઝાયેલો, પણ દઢ વિશ્વાસથી મૂલ્યનિષ્ઠ પારદર્શિતાથી કરેલી સેવાએ મારામાં પ્રાણ પૂર્યા. મારા વાણી, વર્તન અને વ્યવહારથી હું ટૂંક સમયમાં જ સૌમાં પ્રિય થઈ ગયો. મને ફટાફટ પ્રમોશન મળતાં રહ્યાં અને ત્રણે આગાખાન કેન્દ્રોમાં જ્યાં પ્રશ્નો ઊભા થાય ત્યાં મને મોકલી દેવાનું શરૂ થયું. આથી મારે સામાન સાથે જે તે સ્થળના સાથીદારો અને પર્યાવરણ સાથે સેટ થવું એ પડકાર બની ગયો હતો. લોકભારતીનો વિદ્યાર્થી ગમે તેવી આફતને અવસરમાં ફેરવી શકે તે મેં પણ સમાજને પૂર્ણ સમર્પિતભાવથી સેવા કરીને સાબિત કરી આપ્યું. પિતાશ્રી પાસેથી સત્યાગ્રહી નિર્ભયતા અને સાહસિકતા શીખેલો. મારી માએ મને માનવીય અભિગમ ધરાવતી સંવાદી સંબંધોની લ્હાણી કરતાં શીખવ્યું. ટીકાકાર સાથે પણ પ્રેમથી, સંવાદ કરવાનું વાક્ચાતુર્ય અને સામેનાને મનાવી લેવાનું પણ તેમણે ભણાવેલું. ગમે તેવી કપરી અને ભૂકંપી ઘટનાઓ વખતે ધીરજથી, મક્કમતાથી સત્યના સહારે ટકી રહેવાનું અને ઈશ્વર પ્રત્યેની અખૂટ શ્રદ્ધાથી જીવવાનું હું મોટાભાઈ અરુણભાઈ પાસેથી શીખ્યો.

લોકભારતી દાદાઓની બાબતે ભારે નસીબદાર છે. અમને મનુદાદા, બુચદાદા, ઝવેરદાદા, શુકલદાદા, ઈસ્માઈલદાદા, મૂળશંકરદાદા વગેરેનો સંસ્કારી ખોળો મળ્યો. અરે, કલી કરનાર અલીદાદા પણ મળ્યા. કુમુદભાઈ, મુનિભાઈ, યશવંતભાઈ, ભરતભાઈ ભટ્ટ, મનસુખભાઈ સલ્લા, યોગેશભાઈ ભટ્ટ, મહિપતસિંહ ઝાલા, નાનાલાલ વંઢ્રા, એલ.ડી. પટેલ, પઠાણભાઈ, ઝાલાવાડિયાભાઈ, ભલાણીભાઈ, રમણીકભાઈ, દિનેશભાઈ, બાલુભાઈ ગજેરા જેવાએ અમારી કેળવણી કરી. અમે તો ડ્રાઈવરો અને પટ્ટાવાળા જેવા ચોથા વર્ગના ગણાતા કર્મચારીઓને પણ અમારી કેળવણી કરનાર શિક્ષકો જ માન્યા.

આગાખાન સંસ્થાનાં ત્રણે કેન્દ્રોમાં પૂરી વફાદારીથી કામ કરીને ગામડાંઓના સ્થાયી વિકાસને વરેલાં હજારો કામો સફળતાથી પાર પાડવામાં હું નિમિત્ત બન્યો તેનો મને બહુ મોટો સંતોષ છે. અંદાજે ૧૦૦૦ જેટલા નાના,મોટા ચેકડેમો, ૮૦ જેટલાં તળાવો, ૧૦૦૦૦ હેકટર જેટલી જમીનમાં સમતલનાં કામો, ૩૦૦ ગામોમાં પીવાના પાણીની યોજનાઓ, ૨૦૦૦૦ જેટલા પીવાના ભૂગર્ભ ટાંકાઓ, ૪૦૦૦૦ આસપાસ શૌચાલયો, સિંચાઈની કાયમી તંગી ભોગવતાં સાયલા, ચોટીલા, વાંકાનેર, જસદણ બાજુનાં ગામોમાં ડ્રીપ ઈરીગેશનથી કપાસનું વાવેતર કરાવવું વગેરે જેવાં કામો થયાં. ૧૦૦૦ જેટલાં ભાઈઓ અને મહિલાઓના સ્વસહાય જૂથો બનાવ્યાં.

આમ, લોકભારતીની સ્થાપના પાછળના ઉદ્દેશો અને આગાખાન સંસ્થાના કાર્યમૂલ્યો વચ્ચે રહેલી એકરૂપતાના કારણે મને ક્યારેય સંસ્થા બદલવાનું મન ન થયું. ઘણી વખત અરુણભાઈએ વધારે ઉંચી અને વધારે આર્થિક લાભ કરાવતી ઘણી જગ્યાઓએ જવાનું ગોઠવ્યા કર્યું, પણ મને અહીં કામનો સંતોષ હતો.

લોકભારતીના નિયામક કુમુદભાઈના વહીવટને અમે બહુ સારી રીતે અવલોકેલો અને લોકભારતીના પરિવારભાવને એવી રીતે જીવેલો કે તેણે મને આગાખાન સંસ્થાના એક સફળ વહીવટદાર તરીકે અને સમગ્ર સંસ્થાના પરિવારમાં ભરોસાપાત્ર સ્થાન અપાવ્યું. આમ હું મારા કામથી અને વ્યવહારથી લોકભારતીના અને પરિવારના સંસ્કારોને ઉજાગર કરી શક્યો તેનો પરમ સંતોષ છે. નિવૃત્તિ પછી આગાખાન સંસ્થાએ ત્રણ વર્ષનો સમયગાળો વધાર્યા પછી અનેક સંસ્થાઓ કામ માટે નિમંત્રણ આપે છે પણ હવે સ્વસંગ અને સત્સંગ જ પ્રિય છે.

આજે આ સંસ્મરણો અને સંબંધો મારી નિવૃત્તિના સાથીદાર બનીને જીવનને સુગંધી બનાવી રહ્યા છે ત્યારે આ સન્માન તેમાં કલગીરૂપ બની રહેશે. હું વિદ્યાર્થી-સન્માન સમિતિ અને સંસ્થાનો અત્યંત ભાવપૂર્ણ વંદન સાથે મારો રાજીપો-આભાર વ્યકત કરું છું.

(મો. ૯૯૨૫૨૩૯૩૨૧)

## ૦૪ વેળાવદરના(વીર) તખુભાઈ સાંડસુર

**ઘનશ્યામસિંહજી રાઠોડ**

---



અગિયાર ઓક્ટોબર ૧૯૬૧માં ગારિયાધાર તાલુકાના વેળાવદર ગામે તખુભાઈનો જન્મ થયો હતો. માતા લાડુબા અને પિતા આલાભાઈના ઉજળિયાત ખોરડે તેમનું બાળપણ લાડકોડથી વીત્યું. માતાપિતાના આદર્શો અને સાંસ્કારિકવારસો તેમને ગળથૂથીમાં મળેલો. વળી પિતાજી શિક્ષક હોવાથી તેમને કિશોરાવસ્થાથી જ વાચન-પર્યાવરણ-પ્રકૃતિનું વિશેષ સાંનિધ્ય સાંપડ્યું. તેમના ઘડતરમાં પારિવારિક વાતાવરણ, સજ્જનોની સંગત અને ઉત્તમ મિત્રવર્તુળનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. પ્રાથમિક શિક્ષણ અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળામાં, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે દક્ષિણામૂર્તિ-આંબલામાં પ્રવેશ લીધો. પછીથી અધ્યાપનમંદિરમાં પ્રવેશ મળવાથી લોકભારતી-સણોસરામાં તેમણે શિક્ષકની તાલીમ મેળવી. ૧૯૮૪માં ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે જોડાયા. ઉચ્ચ અભ્યાસની તીવ્ર તાલાવેલી હોવાથી તેઓએ શામળદાસ આર્ટ્સ્ કૉલેજમાંથી ગુજરાતી સાથે સ્નાતક થયા. કૉલેજકાળથી જ તેઓ નેતૃત્વનો શોખ ધરાવતા હતા, જે તેઓએ આજપર્યંત જાળવી રાખેલ છે. ૧૯૮૭માં બી.એડ. થયા. ૧૯૮૯માં પોતાના ગામ વેળાવદરમાં માધ્યમિક શાળા શરૂ કરવામાં તેમના પિતાજી આલાભાઈએ ખૂબ જ પરિશ્રમ કર્યો હતો. શાળા શરૂ થયા બાદ તે શાળામાં જ આચાર્ય તરીકે ત્રણ દાયકા સુધી કામ કર્યું. તેમનું ગામ અમરેલી જિલ્લાની સરહદ પાસે હોવાથી અને આજુબાજુમાં વનવિભાગનો આરક્ષિત વિસ્તાર હોવાથી વન્યજીવોનો વસવાટ ખરો. તેથી તેમનામાં પ્રાણીપ્રેમ અને પર્યાવરણીય અનુબંધ સતત વિકસ્યો છે, જેને પરિણામે આજે પણ તેઓ 'સિંહ દિવસ' ઉજવણીના જિલ્લા સંયોજક તરીકે સેવાઓ આપી રહ્યા છે. શિક્ષણ-સાહિત્ય-પત્રકારત્વની દિશામાં પણ એક અનોખી છાપ પાડનાર તખુભાઈએ ગુજરાત આચાર્ય સંઘના મુખપત્ર 'સારસ્વત'નું સફળ રીતે સંપાદન કાર્ય કરેલું છે. આજે પણ 'ગુજરાત શૈક્ષણિક-સાંસ્કૃતિક મંચ' નામની એક વિશિષ્ટ સંસ્થા(બંધારણ વિનાની) કેળવણીના ઉત્કર્ષ માટે ચલાવી રહ્યા છે. જેમાં ગુજરાત અને ભારતભરના ઉત્તમ શિક્ષકો-આચાર્યો અને સાહિત્યકારો જોડાઈને અનેક કાર્યક્રમો કરે છે, જેનો તમામ યશ તખુભાઈ આલાભાઈ સાંડસુરને ફાળે જાય છે. તેઓએ વિદ્યાર્થી-શિક્ષક-વાલી-સમાજને ધ્યાને લઈને દસેક પુસ્તકો લખ્યાં છે. જેમાં પોતાના પિતાને અંજલિ આપતું પુસ્તક 'સુવાસના સરવાળા' વિશિષ્ટ છે. માધ્યમિક શિક્ષણ બોર્ડ—ગાંધીનગર ખાતેથી તેઓને અનેક સમિતિઓમાં આમંત્રિત કરવામાં આવ્યા છે. તેમણે સમગ્ર ભારત અને અન્ય દેશોની યાત્રા પણ કરી છે. અન્ય દેશની શિક્ષણ વ્યવસ્થા અને સમાજ વ્યવસ્થા વિશેની તેમની સમજણના પરિપાકરૂપે તેમને વંદનીય રમેશભાઈ ઓઝાએ 'ગુરુ ગૌરવ એવોર્ડ', અચલા ફાઉન્ડેશનનો'અચલા એવોર્ડ' અને નિત્ય સ્વરૂપસ્વામી

તરફથી 'રત્નાકર એવોર્ડ', મળ્યાં છે. પૂજ્ય મોરારિબાપુ સાથે દેશ-વિદેશમાં રામકથાનો લાભ લઈને કથાને શબ્દદેહ આપીને અનેક ભાવકો સુધી પહોંચાડી છે. ૨૦૧૯માં નિવૃત્ત થયા પછી પણ આજ સુધી શિક્ષણ અને લોકશિક્ષણ સાથે ગાઢ અનુબંધ ધરાવે છે. આજે પણ પર્યાવરણ, સમાજ, જાહેરજીવન, સેવાની અનેકાનેક પ્રવૃત્તિઓથી તેઓ વ્યસ્ત અને મસ્ત રહે છે. 'એકલવીર'નામનું એમનું 'ઈ મેગેઝિન' ખૂબ જ વખણાયું છે. તેઓને તટસ્થ, નિર્ભય અને સાચાબોલા(આખાબોલા પણ ખરા..!) વ્યક્તિ તરીકે સૌ કોઈ ઓળખે છે.

લોકભારતી આજે જ્યારે તેમનું સન્માન કરી છે, ત્યારે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

મો.૯૪૨૬૯૨૨૮૪૮

**સન્માન પ્રતિભાવ**

**લોકભારતી જીવનની પાઠશાળા**

**તખુભાઈ સાંડસુર**

આજે ૨૯ ઑગસ્ટ એટલે સ્વ. મનુદાદા પંચોળીની નિર્વાણતિથિ અને તે નિમિત્તે દર્શક વ્યાખ્યાનમાળા અને લોકભારતીના પૂર્વ વિદ્યાર્થીઓને સન્માનવાનો, ઉપક્રમ યોજીને લોકભારતીએ પોતાની સાથે તેમના વિદ્યાર્થીઓનો આત્મીય સંબંધ અને નાતો ઊભો કર્યો છે. આ માળાના મણકામાં મને સંસ્થાના સંચાલકોએ જે રીતે જોડીને મારા પર કંકુ-ચોખા નાખ્યાં છે તેને હું નતમસ્તક વંદન કરીને ઋણસ્વીકાર કરું છું. આમ તો માતૃત્વ એ આભાર કહેવાની વિભાવના નથી, પરંતુ સાંપ્રત સમય એ મૂલ્યોને સતત યાદ અપાવવાનો અને યાદ રાખવાનો સમયકાળ બની ગયો છે, તેથી આ સત્યને ધ્યાને લઈ સંસ્થાને વિશેષ વંદન કરું છું.

હું લોકભારતી સંસ્થામાં સને ૧૯૭૯-૮૧ની બુનિયાદી અધ્યાપનમંદિરની બેચનો તાલીમાર્થી હતો. સને ૧૯૭૭માં ડૉક્ટર થવા માટે મનસુબા કરીને મેં ઉચ્ચ બીજગણિત-ભૂમિતિ વિષયો રાખી ધોરણ ૧૦ પાસ કરવાનો પ્રયત્ન કરેલો. પણ હું તેમાં નિષ્ફળ નીવડેલો. ફરી ઊભો થયો અને ૧૯૭૮માં ધોરણ ૧૦ની પરીક્ષા આપીને આગળ વધ્યો. મારા બાપુ શિક્ષક હતા તેથી તેમની દૃષ્ટિ એક રીતે શિક્ષકત્વ પર હોય તે સ્વાભાવિક છે. તેથી મને તેમણે લોકભારતીમાં પ્રવેશ માટે પ્રેરિત કર્યો. લોકભારતીમાં પહેલાં તો મને એડમિશન ન મળ્યું, પરંતુ જન્માષ્ટમીની રજાઓ પડે અને કેટલાક વિદ્યાર્થીઓ તાલીમ છોડીને જતાં રહ્યાં. ત્યારે પ્રતીક્ષા યાદીમાં મારું નામ આવ્યું ને મારો પ્રવેશ થયો, તે માટે એન.ભાઈને પણ સ્મરું છું. હું એ સમયગાળા દરમિયાન ધોરણ ૧૧માં લગભગ એકાદ મહિનો જેવો સમય ગ્રામદક્ષિણામૂર્તિ-આબંલામાં પ્રવેશ મેળવીને ભણવા લાગેલો. પછી તે પ્રવેશને મેં જતો કરીને હું લોકભારતીના બુનિયાદી અધ્યાપનમંદિરમાં શિક્ષક થવા માટે અને ઘડાવા માટે પહોંચી ગયો.

સમયની ઘડિયાળ અટકતી નથી. હું પણ ચરૈવેતિ ચરૈવેતિ મંત્ર કાંખમાં લઈ ચાલતો રહ્યો. તાલીમ દરમિયાન એ કિશોર વયમાં મને સતત જીવનની સાર્થકતાનો અનુભવ થયો. હું એ અધ્યાપકો કે જેમની પાસે હું તાલીમબદ્ધ થયો. તે આદરણીય ગુરુજનો શ્રી ગણેશભાઈ ડાભી, શ્રી દેવુભાઈ પાઠક, શ્રી બાલાભાઈ પટેલ, શ્રી દેસુરભાઈ આહિર અને શ્રી બાબુભાઈ પટેલ, શ્રી રાવલ સાહેબ વગેરેનું સ્મરણ કરીને તેમનો પણ ઋણ સ્વીકાર કરું છું. લોકભારતી સંસ્થાના એવાં અનેક સ્મરણો છે કે જે જીવનમાં અનેક રીતે ઉપયોગી થયાં છે.

આજે અમારી બેચના ઘણા મિત્રો ઉપસ્થિત છે. એક બે નાનાં નાનાં પ્રસંગોને યાદ કરી લઉં. અમારા ખેતીના શિક્ષક તે વખતે બાબુભાઈ હતા અને તેમનાં ધર્મપત્ની કે જેનું નામ સ્મરણમાં નથી પરંતુ બેનને કંઈક એવી તકલીફ થઈ હતી કે જેમાં તેમને અમદાવાદ હોસ્પિટલમાં દાખલ કરવાં પડેલાં. પછી કેટલાક વિદ્યાર્થીઓને અહીંથી લોહીની જરૂર પડતાં રક્તદાન કરવા મોકલવાની જરૂર પડી અને મેં હોંશેહોંશે અમદાવાદ રક્તદાન માટેની તૈયારી બતાવી અને બાબુભાઈનાં પત્નીને લોહી આપીને બીમારીમાંથી બહાર

લાવવા માટે નિમિત્ત બનેલો. તે મારું પ્રથમ રક્તદાન હતું. પછીથી મને અનેક પ્રકારનાં સેવાકાર્યો કરવાનો ઉત્સાહ જાગેલો. મારા તાલીમકાળ દરમિયાન અમે કેન્દ્ર નિવાસમાં પંદરેક દિવસ સુધી સમી તાલુકાના કોઈ એક નાનાં ગામડાંમાં ગયેલા ત્યારે ગામડું સાવ ભલે અભાવગ્રસ્ત હતું તો પણ ત્યાં અમને ગ્રામજગત અને વિદ્યાર્થીઓ સાથે ઓતપ્રોત થવાનો એટલો આનંદ આવેલો કે તેની સ્મૃતિઓ લાંબા સમય સુધી ટકેલી, સચવાયેલી રહી હતી.

લોકભારતી સંસ્થા પાસેથી મને મુખ્યત્વે ત્રણ બાબતો પ્રાપ્ત થઈ છે. જેમાં સૌથી પહેલું આવે છે ગાંધી તરફનું ગમન. ગાંધીના જીવનને ચાહવાના અને જાણવાના અવસરનો ચસ્કો અહીંથી મળ્યો. પછીથી હું ગાંધીસાહિત્ય પર અનુસ્નાતક કરીને વધુમાં વધુ ગાંધી સાથે જીવવાનો સતત પ્રયત્ન કરતો રહ્યો. સત્ય તરફના સતત લગાવનો જીવનમાં જ્યારે અહેસાસ થાય છે ત્યારે પૂજ્ય મોરારિબાપુ તરફ નજર ઠરે છે. બાપુના સમગ્ર જીવનને સમજવાનો અને જાણવાનો મોકો પણ સત્યે જ આપ્યો. તે તક જીવનની અમૂલ્ય તક બની ગઈ. બીજું મેં સ્વાશ્રયનું મહત્ત્વ સ્વીકાર્યું. આજે પણ મને કોઈ કામ કરવામાં હિણપતનો અનુભવ થતો નથી. આચાર્ય, શિક્ષક કે પછી અન્ય કોઈ મહત્ત્વ આપી શકાય તેવા પદોને પામ્યા પછી પણ સતત પોતાનું કામ પોતાની જાતે કરવામાં કદીય પાછું વાળીને જોયું નથી. શાળાની સફાઈનું કામ હોય કે પછી શૌચાલયની સફાઈ હોય બધું કરવામાં કોઈ લઘુતા દેખાતી નથી. ત્રીજી વાત આવે છે સંગચ્છધ્વમ્ એટલે સાથે ચાલીએ. મારા જીવનના તમામ કાર્યકાળ દરમિયાન મેં મારી સાથે જેમના સંબંધોમાં ક્યાંક ડગુમગુપણું આવ્યું હોય કે પછી કોઈએ પૂર્વગ્રહોથી પણ મને નીરખ્યો હોય તો પણ મારો અનુગ્રહ તેના પ્રત્યે ઘટ્યો ન હોય. પછી તેને મારી મર્યાદાની સભાનતા આવી ગઈ હોય તે બાબત મને ખૂબ મદદકર્તા બની છે. પછી તેઓ સમજ્યા હોય ત્યાંથી ગળે લગાડતા પણ થયાં છે. સૌને સાથે લઈ ચાલવાની મનોવૃત્તિએ મને મારા ગામમાં જ શાળાનું નિર્માણ, સંચાલન અને તેની વ્યવસ્થામાં ખૂબ ટેકો કર્યો છે. જીવનની કડવી વાસ્તવિકતાઓને ક્યાંક બાજુ પર મૂકીને પણ સૌને સાકર જ વહેંચવાનો મારો પ્રયત્ન મને સફળ જીવન માટે ઉપયોગી સાબિત થયો છે. એક જ ગામમાં પ્રાથમિક શાળાના ૭ વર્ષ, માધ્યમિક શાળાના શિક્ષકના ૫ વર્ષ અને તે જ શાળાના આચાર્યના ૨૪ વર્ષ મળીને ૩૪ વર્ષ સુધી શિક્ષણ સાથે જોડાયેલો રહ્યો. પરંતુ ગામમાંથી મારા વિરુદ્ધ અરજી કરનાર પણ ક્યારેય કોઈ મળ્યું નથી. કોની સાથે ક્યાં કેટલો અને કેવી રીતે વ્યવહાર કરવો તે હું બરાબર શીખી શક્યો છું.

આમ તો કોઈ સન્માન લેવાનો હવે પક્ષધર નથી. હું તે માટે કોઈ કામ પણ કરતો નથી. વાત આત્મશ્લાઘા તરફ ન નીકળે તેથી સ્પષ્ટ કરું કે જે સંસ્થાઓ સાથે કે અન્ય કાર્યક્રમ, જ્યાં હું કેન્દ્રસ્થ હોઉં છું, ત્યાં મારું સન્માન ન થાય તેવો મારો દૃઢ દુરાગ્રહ હોય છે. બીજું એ કે હવે એક એવા તબક્કા પર પહોંચી ગયો છું કે જ્યારે કોઈ મહાન વિરાટ વિભૂતિઓના ચરણમાં બેસવાની તક મળે છે ત્યારે કોઈ સન્માનોની આવશ્યકતા જણાતી નથી. તો પણ આપ સૌએ આ અદકેરું સન્માન કરીને મને જે એક ડગલું આગળ દેખાડવાની કોશિશ કરી તે માટે સૌનો પુનઃ આભાર માનું છું.

મો.૯૪૨૭૫૬૦૩૬૬

દરરોજ સવારે સંકલ્પ કરવો કે હું પૃથિવી ઉપર કોઈથી ડરીશ નહીં, એકલા ઈશ્વરનો ડર રાખીશ. કોઈની પણ પ્રત્યે દ્વેષભાવ રાખીશ નહીં, અન્યાયને વશ થઈશ નહીં, અસત્ય ઉપર સત્ય વડે વિજય મેળવીશ.

------------------

સત્ય અને અહિંસાનો જ્યાં સંગમ થાય છે ત્યાં આખી દુનિયાને વશ કરી શકાય છે અને સત્યાગ્રહ એ મૂળમાં પ્રજાજીવનમાં સત્ય અને અહિંસાનો પ્રવેશ કરાવવાનો પ્રયત્ન કરે છે. અહિંસાના આચરણમાં પાયાનો સિદ્ધાંત એ છે કે પિંડે તે બ્રહ્માંડે.

**--ગાંધીજી**

**અતુલભાઈ પંડ્યા**



આપણા દેશની આઝાદી બાદ ગ્રામ પુનઃરચના માટે લોકશાહી સમાજરચના માટેની ઉચિત કેળવણીનું દર્શન લોકદક્ષિણામૂર્તિના સ્થાપકો-સંચાલકોનું રહ્યું છે. કેવી કેળવણી? કોના માટેની કેળવણી? કઈ નિષ્પત્તિની પ્રાપ્તિ માટેની કેળવણી? - આ સ્પષ્ટતા અને તે માટેની વ્યૂહ-રચના-મથામણ 'લોકભારતીત્વ' છે. આ સંદર્ભમાં સુમન-રીટા એક આદર્શ ગણી શકાય. બંનેની કેળવણી ઉત્તર બુનિયાદી વિદ્યાલય અને શિક્ષણતીર્થ એવા લોકભારતીમાં થઈ અને આજ સુધી લોકભારતી ગર્વ લઈ શકે તેવા કામમાં તેઓ વ્યસ્ત છે. ગામડાંનું લોક, સમૃદ્ધ, સમજણ સાથેનું, સંપોષિત, સંગઠિત, સહકાર-સહયોગ, સંપ-સમાનતા, સ્વાવલંબી-સ્વમાની, શાંતિ-સંતોષ, સક્ષમ, નરવું-નિરામય જીવન જીવે તેવા મનોરથ એ ઇચ્છિત પરિવર્તન(Desirable Change) તરફનું પ્રયાણ-પ્રયાસ છે. સુમન-રીટાએ ગ્રામવિકાસનાં આ બધાં જ ક્ષેત્રોમાં છેલ્લાં ૨૯ વર્ષોથી કામ કર્યું છે, તે આજના પ્રસંગે નોંધનીય હકીકત છે.

સુમન અને રીટાનું કૌટુંબિક ઉછેર-વાતાવરણ, વતન, રહેણી-કરણી તદ્દન ભિન્ન. રીટાનો ઉછેર લોકભારતી-મણાર-પાલીતાણાના પરિસરમાં, પિતાજી શિક્ષક અને લોકભારતીના સ્નાતક. સુમનનો જન્મ-ઉછેર-ભણતર ગરીબ પરિવારમાં. સ્વ-મહેનત મજૂરી કરી, અત્યંત અભાવ અને સંઘર્ષની સ્થિતિમાં સમગ્ર ભણતર પૂરું કર્યું. 'Unto the last' અને 'Putting the last first' માટેની લોકભારતીની કેળવણીનું ઉત્તમ ઉદાહરણ એટલે સુમન. સુમન-રીટા, ૧૯૯૦-૧૯૯૨ સુધીના લોકસેવા મહાવિદ્યાલયના સ્નાતકના વર્ષો દરમિયાન સહપાઠી-સહાધ્યાયી. સુમને ડેરી-પશુપાલનના વિષય સાથે એમ.આર.એસ. અને રીટાએ સમાજવિદ્યા સાથે જી.બી.ટી.સી.નો અભ્યાસ કર્યો.

ઉચ્ચ અભ્યાસ બાદ નોકરી મેળવવાની લાઇનમાં ઊભા રહેવાના બદલે, બંને નર્મદા જિલ્લાના આદિવાસી વિસ્તારના અંતરિયાળ ગામોમાં કામ કરતાં શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટ-ભારતીબહેન ભટ્ટ(પ્રયાસ સંસ્થા-માંગરોળ) સાથે ગ્રામસેવાના કામમાં જોડાયાં. સાયકલ પર દૈનિક ૧૫-૨૦ કિ.મી. તથા હોડીમાં નદી પાર કરીને તેમ જ પગપાળા ફિલ્ડ-વર્ક કર્યું. ગાંધી-વિનોબા વિચાર-આચારના ધુરંધરો કહેવાય તેવા અનેક વ્યક્તિ-વિશેષોનો આ દરમ્યાન પરિચય થતો રહ્યો.

આ કાર્ય કરતાં-કરતાં આ બંનેએ જીવનભરના સાથી બનવાનું નક્કી કર્યું. બંને કુટુંબના વિરોધ છતાં, પરસ્પરની સમજણ, ધીરજ, પુખ્તતાથી વડીલોની સંમતિ મેળવી. અતિ સાદાઈના આગ્રહ સાથે સુમન-રીટાએ આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં.

૧૯૯૭થી દેશની નામાંકિત સંસ્થા પર્યાવરણ શિક્ષણ

કેન્દ્ર(CEE)ની જસદણ ફિલ્ડ ઓફિસમાં જોડાઈને પાંચાળ વિસ્તારને કાર્યક્ષેત્ર બનાવ્યું. આર્થિક, સામાજિક, ભૌગોલિક અને પર્યાવણીય બાબતોમાં પડકારરૂપ એવા વિસ્તારમાં આ બેલડી અઢી દાયકાથી કાર્યરત છે. પૂ. નાનાદાદા કહેતા કે, 'આપણે ન બોલીએ, આપણું કામ બોલે' તેવી રીતે કોઈ કોલાહલ, દેખાડો, આત્મવંચના વિના, બંને સાતત્યસભર પ્રયત્નો કરી 'પાંચાળ લીલો તો અમે લીલા' ભાવ-ભાવનાથી કાર્યરત રહ્યાં છે. સીધી નજરે ન જોઈ શકાય-તેવી સૌથી સજ્જડ, નક્કર ઉપલબ્ધિ, તેઓની લોકચાહના, લોકસંગઠન, લોકભાગીદારી, લોકજાગૃતિ અને મહિલા સશક્તિકરણ છે. જળ-જમીન-જંગલ-જાનવર અને જન સાથે સર્વાંગી વિકાસની નેમસભર (Holistic) બહુઆયામી, અભિગમ સાથે તેમણે કાર્ય કર્યું છે.

લાજ-કાઢીને ઘરનાં એક ખૂણામાં ચૂલો ફૂંકતી મહિલાઓને સંગઠિત-સક્ષમ કરી એન્ટરપ્રેન્યોરશિપની શીખ-સમજણ-કૌશલ્ય વિકસાવી આઈ.આઈ.એમ. (IIM, અમદાવાદ)ના સૃષ્ટિ મેળામાં રૂ.૫૦,૦૦૦/-ની છાશ વેચતી કરી છે. 'ગ્રામનિધિ'-પ્રોજેક્ટ દ્વારા વર્લ્ડ બેંક , અમેરિકાની યેલ યુનિવર્સિટી તેમ જ જાપાન સરકાર દ્વારા અપાતા 'હાશિમોટો' એવૉર્ડ સુધીની પહોંચ-સ્વીકૃતિ તેમનાં કામને મળી છે. સુમન-રીટાના પ્રયાસ દ્વારા અનેક નાનાં-મોટાં પ્રોજેક્ટ-પ્રવૃત્તિને પ્રાદેશિક સ્તરે, રાજ્યના સ્તરે અને રાષ્ટ્રિય સ્તરે નવાજવામાં અને પોંખવામાં આવ્યાં છે. સૃષ્ટિ સંસ્થાના ટ્રસ્ટી તરીકે શ્રી અનિલભાઈ ગુપ્તાએ રીટાની પસંદગી કરેલી છે, તે ખૂબ મોટી ઉપલબ્ધિ કહી શકાય. આ દંપતીએ 'Think Globally, Act Locally' દ્વારા સી.ઈ.ઈ., ગ્રામસમાજ અને પોતાનો વ્યવસાયિક વિકાસ અને વ્યક્તિત્વનો વિકાસ કરી ઘણી ઊંચાઈ અને ઊંડાઈ પણ પ્રાપ્ત કરી છે.

સી.ઈ.ઈ. સંસ્થાના રૂરલ પ્રોગ્રામમાં મહત્ત્વનો હોદ્દો ધારણ કરી સુમન ઘણાં મોટા બજેટના સી.એસ.આર. (Corporate Social Resposibility) પ્રોજેક્ટનું સંચાલન કરે છે. તે બંનેના કામોની વિવિધતા-નિપુણતા જાણવા સમજવા વિદ્યાર્થીઓ-અધ્યાપકો સાથે તેમનો સંવાદ યોજી શકાય.

લોકભારતીના વિદ્યાર્થીઓ, કાર્યકરો, ટ્રસ્ટીશ્રીઓ અને બૃહદ લોકભારતી પરિવાર તેમના આ પરિચય દ્વારા તેમને નવાં સ્વરૂપે જાણશે-ઓળખશે તે સર્વે વિદિત છે. સી.ઈ.ઈ. સંસ્થાના માધ્યમ દ્વારા અને માતૃસંસ્થાના આ પ્રોત્સાહન દ્વારા તેઓ હજુ લાંબા સમય સુધી 'લોકભારતીત્વ'ને ઉજાગર કરતાં જ રહેશે તેવી શુભકામનાઓ સાથે.... અસ્તુ.

મો.૯૮૨૫૪૦૬૬૦૮૪

**સન્માન પ્રતિભાવઃ**

**લોકભારતીત્વનો નાદ !!**

**સુમન - રીટા**

મનુદાદાની પુણ્યતિથિ નિમિત્તે પ્રતિ વર્ષ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવે છે, જેમાં આ વર્ષે અમ દંપતીનું સન્માન કરવાનું ઠરાવ્યું તે માટે અમે લોકભારતી પરિવાર અને નિર્ણાયક સમિતિના આભારી છીએ. જન્મદાત્રી જન્મ આપે છે, સંસ્કાર આપે છે. ઘડવાનું અને આકાર આપવાનું કામ લોકભારતી જેવી વિશ્વસંસ્થા નિભાવે છે. માટે આ પહેલાં પણ અમે કહી ચૂક્યાં છીએ કે લોકભારતીને પામીને અમે દ્વિજત્વને પામ્યાં છીએ.

લોકભારતી અને લોકભારતીત્વ એ વાતાવરણમાં પ્રસરતી અલૌકિક મહેક જેવું છે. આંગળી મૂકીને કહી ન શકાય કે આ મહેક આ જ ધૂપસળીની છે કે આ મહેક આ જ દિશામાંથી આવે છે. અમારે પ્રામાણિકપણે કહેવું જોઈએ કે લોકભારતીમાં, અભ્યાસક્રમ અને વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે ઘડાયાં, સાથે ચાર દીવાલોની બહાર પણ એટલાં જ ઘડાયાં છીએ. બુનિયાદી તાલીમ સાથે ધોરણ-૮થી નાતો, પરંતુ ખાદી, છાત્રાલય જીવન, શ્રમ, બધું જ યંત્રવત. લોકભારતીમાં પ્રવેશ મેળવીને ખ્યાલ આવ્યો કે બુનિયાદી તાલીમમાં જે ફરજિયાત છે અને આપણને જે ખૂંચે છે, એવી બાબતો પાછળ તો મહાન વિચારધારા સમાયેલી છે. આજ

સુધી જે યંત્રવત કરતાં હતાં, તેની પાછળ લોકભારતીત્વનો નાદ સંભળાવવા લાગ્યો, અને અચાનક જીવનમાં ધીમા પગલે પરિવર્તન પણ આવવા લાગ્યું.

ખાદી શિબિર અમારા માટે ફરજિયાત હતી. ખાદી શિબિરમાં લોકભારતીનો નાદ સંભળાયો કે "તમારે કોઈ ઉદ્યોગપતિની 'મોટર'માં પેટ્રોલ માટેના પૈસા ખર્ચ કરવા મિલ પહેરવી છે કે કોઈ ગરીબડી ગામડાંની ચરખો કાંતતી 'મા' માટે ખાદી પહેરી તેના પેટનો ખાડો પુરવો છે!! એ તમે નક્કી કરો.' કેટલાય દિવસો સુધી મનોમંથન ચાલ્યું. અંતે મહોર ગરીબડી 'મા' પર જ વાગી.. અને જીવનમાં ખાદી વણાઈ ગઈ.

આદિવાસી શિબિર પણ અમારા માટે ફરજિયાત હતી. આદિવાસી શિબિરમાં લોકભારતીનો નાદ સંભળાયો કે 'વિજ્ઞાન અને વિકાસની વાતું, છેવાડાના વંચિતો સુધી લઈ જાય, જ્યાં અંધારું છે ત્યાં જઈને દીવો કરો. સામાન્ય માણસના દુઃખ-દર્દને કાન દઈને સાંભળો, હોંકારો અને સધિયારો આપો' અને આ લોકભારતીત્વના નાદે જીવનક્ષેત્રના દરેક નિર્ણયમાં વંચિતો માટે વિચાર કરતાં કરી દીધાં.

ખેડૂત નિવાસ પણ અમારા માટે ફરજિયાત હતો. ખેડૂત નિવાસમાં લોકભારતીનો નાદ સાંભળ્યો કે 'જગતના તાતની જીવનશૈલી, બોલી, વસ્ત્રો, વિચાર, પરિવાર ભાવના, શ્રમ અને દિવસ ઊગે ને સાથે ઊગતી પીડાને પણ પીછાણો અને લોકાભારતીત્વના આ નાદે, ગાય-ગરીબ-ગામડું અને જગતના તાત માટેના કલ્યાણની ધરાતલની યોજનાઓ માટે વિચારતાં કરી દીધાં. અમારી નાની અમથી સફળતાના કેન્દ્રમાં, કાનમાં સંભળાતો અને હદયમાં કંડારાયેલો લોકાભારતીત્વનો અવિરત નાદ છે, માટે અમારી તમામ સફળતા અને યશગાથાને લોકભારતીના ચરણોમાં અર્પણ કરીએ છીએ.

મો. ૯૪૨૭૪૧૦૭૧૮

**'અન ટુ ધિસ લાસ્ટ' અને ગાંધીજી**

ગાંધીજી જહોનિસબર્ગથી નાતાલ જતા હતા. ૨૪ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. ગાંધીજીને સ્ટેશને મૂકવા આવેલા મિત્ર પોલાકે બાપુના હાથમાં એક નાનકડી પુસ્તિકા મૂકી (જેનું શીર્ષક હતું 'અન ટુ ધિસ લાસ્ટ'- લેખકઃ જહોન રસ્કિન.)

પોલાકે કહ્યુંઃ

'આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે; તે વાંચી જજો તમને ગમશે.'

૩૨ પાનાનું 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તિકાનું વાચન કરી ગાંધીજીએ કહ્યું હતું :

'જે વસ્તુ મારામાં ઊંડે ઉતરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું તેણે મારા ઉપર સામ્રાજ્ય જમાવ્યું, ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો'---

'અન ટુ ધિસ લાસ્ટ' રસ્કિનના ગ્રંથનો અનુવાદ'સર્વોદય'પુસ્તકરૂપે આપી ગાંધીજીએ કહેલું;

સર્વોદય સિદ્ધાંત એટલે ત્રણ મારગઃ

(૧) બધાના ભલામાં આપણું ભલુ રહેલું છે.

(૨) સાદું,મજૂરનું,ખેડૂતનું જીવન જ ખરું છે.

(૩) વકીલ અને વાણંદના કામની કિંમત સરખી કારણ આજીવિકાનો હક્ક બધાનો છે.

## ૦૬ હું મુમુક્ષુ છું.

**નાનાભાઈ ભટ્ટ**

ગઈકાલે લોકભારતીના ઉપલી શ્રેણીના બે વિદ્યાર્થીઓએ પૂછ્યું કે, 'તમે ઘણીવાર દક્ષિણામૂર્તિ વિશે કહો છો, પણ દક્ષિણામૂર્તિ એ શું છે? કહો.'

આજે જે વિદ્યાર્થીઓ તેમજ કાર્યકર્તાઓ આપણે ત્યાં આવ્યા છે તેમાંથી ઘણાને દક્ષિણામૂર્તિનું ખ્યાલ પણ નહીં હોય. દક્ષિણામૂર્તિ વિશે એક જૂની આખ્યાયિકા છે. એકવાર સનકાદિક મુનિઓ બ્રહ્મા પાસે જ્ઞાન લેવા ગયા હતા. પણ બ્રહ્મા તો સૃષ્ટિના સર્જનનું કામ કરતા હતા. તેમણે ચારે બાજુથી પ્રવૃત્તિઓમાં વીંટળાયેલા જોયા. સનકાદિક મુનિઓનો જીવનનો ઝોક સન્યાસ્ત તરફ હોવાથી તેમને બ્રહ્મા પાસેથી કાંઈ જ જ્ઞાન નહીં મળે તેવું લાગ્યું. તેમને બ્રહ્મામાં શ્રદ્ધા ન બેઠી. તેથી તેઓ બીજા દેવ પાસે ગયા. તે દેવ વિષ્ણુ હતા. તેઓએ ત્યાં વૈભવ -વિલાસ જોયા, લક્ષ્મીજીને વિષ્ણુ ભગવાનની પગચંપી કરતા જોયા. શેષશાયી વિષ્ણુને ભરાવદાર ગાલીચા ઉપર આરામથી સૂતેલા જોયા.

તેથી તેમને ત્યાં પણ નિરાશા સાંપડી પછી તેઓ શંકર પાસે હિમાલય ઉપર ગયા. તેમણે ત્યાં શંકરને જોયા. શંકરના ગળામાં ખોપરીઓની માળા હતી, તેઓ ડમરુ વગાડતા હતા, તેમની આસપાસ પ્રેતાત્માઓ નાચતા હતા, શંકર નગ્ન સ્વરૂપે હતા. આ દેવ તેમને તમોગુણી લાગ્યા. તેમની પાસે પણ તેમને જ્ઞાન ન દેખાયું. બધેથી નિરાશ થયા અને પાછા ફર્યા. શંકરે જોયું કે આ લોકો બહારના ચિહ્નથી તાગ કાઢવાવાળા છે, અંતરનો તાગ કાઢવાનો તેમને ખ્યાલ નથી. પરંતુ તેમનો આત્મા તો ખરેખર જ્ઞાનને માટે ઝંખે છે. તેમને નિરાશ કરવાનું શંકરને ન ગમ્યું. આથી શંકરે બ્રહ્મચારીનું રૂપ લીધું અને હિમાલયથી પાછા ફરતા રસ્તામાં બાજુના વડલાના ઝાડ નીચે ધ્યાનસ્થ મૂર્તિ રૂપે બેસી ગયા. ઋષિઓ નિરાશાથી પાછા ફરતા હતા ત્યાં તેમણે રસ્તામાં વડલાના થડ પાસે આ મૂર્તિ જોઈ અને જોતાં જ ઋષિઓને જ્ઞાન થયું. આમ શંકર જ્ઞાનની દક્ષિણા આપવા માટે જ બાળબ્રહ્મચારીની મૂર્તિ થયા તેથી તેઓ દક્ષિણામૂર્તિ કહેવાય.

મારા ગુરુ શ્રી નથ્થુરામ શર્માના તે આરાધ્યદેવ હતા. તેથી તે મારા પણ દેવ બન્યા. દક્ષિણામૂર્તિનું તેમનું એક સ્ત્રોત મેં વાંચેલું કે જે પરમતત્વની ઝાંખી કરાવનારું હતું :

चित्रम् वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा ।
गरोस्तु मौनम् व्याख्यानम् शिष्यास्तु छिन्नसंशयाः ।।

આ વિચિત્ર વાત છે કે વડલાના મૂળ પાસે યુવાન ગુરુ છે અને વૃદ્ધ શિષ્યો છે. ગુરુ બોલીને વ્યાખ્યાન નથી આપતા, મૌનથી આપે છે. તેઓ તેમના જીવતર દ્વારા જ્ઞાન આપે છે અને શિષ્યોના બધા સંશયો નાશ પામે છે.

મેં આ સ્તોત્રને કેળવણીના મંત્ર તરીકે સ્વીકાર્યો છે. ગુરુ જુવાન કે જે નિત્ય નવું જ્ઞાન મેળવતા રહે; શિષ્યો અનુભવ લેવા આવ્યા હોય છે, કેટલાક નાની ઉંમરે ઘરડા થાય છે કે જે જેનું ભૂલી જ ન શકે. ખરો ગુરુ નિરંતર નવા જ્ઞાનપ્રવાહો ઝીલીને તાજો રહે છે. તમે સૌ વૃદ્ધો છો જ્ઞાન માટે આવ્યા છો. ઘણાં ટપલાં ખાઈને આવ્યા છો. ગુરુ તો તમને શબ્દોથી નહીં પણ જીવનથી ઉપદેશ આપશે. લઈ શકો તો લો. જીવતરમાંથી લો. તે ભાષણ નહીં આપે.

આ વિચારથી તે દિવસે સંસ્થાના મૂળમાં મેં દક્ષિણામૂર્તિદેવને સ્થાપ્યા. આ દક્ષિણામૂર્તિ સંસ્થામાં મને મારો મોક્ષ દેખાય છે. મારો જ વિદ્યાર્થી દક્ષિણામૂર્તિમાં મને મોક્ષ આપશે. હું પરમતત્વને પામવા માટે જીવું છું. હું મોટો સેવક કે સમાજસુધારક નથી માત્ર હું મુમુક્ષુ છું.

(તા.૨૭/૧૨/૧૯૫૯ - માગસર વદ બારસ-સંસ્થાની વર્ષગાંઠ પ્રસંગે લોકભારતીમાં આપેલ પ્રવચનનો અંશ)

## ૦૭ સૂર્ય આપણો પરમ મિત્ર છે.

**વિનોબા ભાવે**

---

સૂર્ય એટલે ઉત્તમ પ્રેરણા આપનારો. સૂર્યને સૂક્ષ્મ રૂપે સવિતા પણ કહે છે. ગાયત્રી મંત્રમાં એના જ વરણીય સ્વરૂપનું ધ્યાન કરીને બુદ્ધિ માટે એની પાસે ઉત્તમ પ્રેરણાની અપેક્ષા રાખવામાં આવી છે. સૂર્ય આપણને અત્યંત ઉપકારક છે. જો સૂર્ય ન હોત તો માટી ન તપત, વરસાદ ન થાત, અન્ન ન ઊગત, પ્રાણ ન રહેત, કેમ કે શરીરમાં ઉષ્ણતા ન રહેત. આમ, સૂર્યના ઉપકારની તો કોઈ સીમા નથી. આપણી ચારે કોર અનંત સૃષ્ટિ ફેલાયેલી છે અને તે અનંતની વચ્ચે આપણે એક તુચ્છ શરીર ધારણ કરીને બેઠા છીએ. ત્યારે સૂર્યનારાયણ સવારમાં આવે છે અને પોતાના સહસ્ત્ર કિરણોથી આપણને અલિંગન આપે છે. રોજ એનો એ સૂર્ય ઊગે છે, પણ પ્રાતઃકાળમાં તેની લાલીમા ને પ્રભા રોજ નવી જણાય છે. તેનું દર્શન ક્યારેય અરુચી પેદા કરતું નથી. રોજ તેનું સૌંદર્ય નવું જ જણાય છે. તે નિત્યનૂતન છે. તે કેટલો પ્રાચીન છે, છતાં આજનો સૂર્ય તો નવો જ છે.

સૂર્યનું તેજ ઈશ્વરીય તેજના અંશથી પ્રદીપ્ત છે. સૂર્યની છબીમાં ભગવત્ છટાનું ધ્યાન થાય છે. સૂર્ય ઉપર ધ્યાન-ધારણા-સમાધિ કરવાથી ખગોળશાસ્ત્રનું જ્ઞાન થાય છે. બાહ્ય વિભૂતિના દર્શનથી આનંદ થતો હોય, તો તેનું કારણ એ જ છે કે આત્માનો કોઈ ગુણ તેના થકી પ્રગટ થાય છે. સૂર્યને જોઈને આત્માની તેજસ્વિતાનો અનુભવ આપણને થાય છે. જેમ આત્મા શક્તિવાન જ નહીં, સ્વયં શક્તિ જ છે, તેમ સૂર્ય પણ પ્રકાશવાન જ નહીં, સ્વયં પ્રકાશ છે.

સૂર્ય બસ આપણને આપતો જ રહે છે, લેતો કાંઈ નથી. તે દરેક કાર્યમાં ભાગ લે છે પણ ફળ કશું નથી માંગતો. કર્મફળત્યાગનું આનાથી ઉત્તમ ઉદાહરણ બીજું કોઈ નહીં મળે. સૂર્ય સૃષ્ટિને અને સર્વ જીવોને પ્રેમ જ પ્રેમ કરે છે. તેનામાં ઈશ્વરનું રૂપ પ્રગટ થાય છે. કઠોપનિષદમાં કહ્યું છે, ‘સૂર્ય બધા લોકોની આંખ છે. સૂર્યને કારણે જ આપણી આંખોમાં જોવાની શક્તિ આવે છે. સૂર્યના કિરણોમાં પ્રકાશ છે અને ઉષ્ણતા પણ છે. ઉષ્ણતા અને પ્રકાશ બંને સૂર્યમાં એકત્ર રહે છે. તમે જ્ઞાન અને કર્મને અલગ કરી શકતા નથી. કર્મ અને જ્ઞાન, સાધકમાં એકત્ર જ રહે છે. એવી જ રીતે બુદ્ધિ અને ભાવનાનું પણ. બુદ્ધિ અને ભાવના પણ ભિન્ન નથી. જ્યાં સાચી બુદ્ધિ છે, ત્યાં સાચી ભાવના હોવી જ જોઈએ, અને જ્યાં સાચી ભાવના છે, ત્યાં સાચી બુદ્ધિ હોવી જ જોઈએ. બુદ્ધિ અને ભાવનાને તમે અલગ કરી શકો જ નહીં. તે બંને એકરૂપ છે. આવું જ શક્તિ અને ભક્તિની બાબતમાં પણ, શક્તિ અને ભક્તિ બંને માત્ર ભિન્ન શબ્દો છે, પણ વાસ્તવમાં બંને એક જ છે. ભક્તિમાં પ્રકાશ છે અને શક્તિમાં ઉષ્ણતા. બંને મળીને એક વસ્તુ બને છે. સૂર્યમાં જેમ પ્રકાશ અને ઉષ્ણતા એકરૂપ છે, તેમ જીવનમાંયે આવી બધી એકરૂપતા છે.

સૂર્ય પોતાની આભા અને પ્રભા નિરંતર ફેલાવતો રહે છે. સૂર્યમાં જો માત્ર આભા હોત અને પ્રભા ન હોત, તો તેનો પ્રચાર ન થાત. વિચારની માત્રા આભા જ નહીં પ્રભા પણ ફેલાતી રહેવી જોઈએ. તો કાંતિ પ્રસરે છે. કાંતિનો અર્થ છે પ્રચાર-શક્તિ. અંદર તેજસ્વિતા હોય અને બહાર તે પ્રસરેલી હોય, તેનું નામ છે, કાંતિ. સૂર્યમાં છે તેવી તેજસ્વિતા આપણી અંદર હશે, આપણા વિચારોમાં હશે, તો તેની કાંતિ ફેલાશે.

## ૦૮ જૂનું માનસ અકબંધ

**મનુભાઈ પંચોળી 'દર્શક'**

ગાંધીજીએ 'હિન્દ સ્વરાજ'માં કહ્યું છે કે, 'અંગ્રેજોએ હિન્દુસ્તાન જીત્યું નથી, પણ આપણે તેમને સોંપી દીધું છે.' ભારે માર્મિક અને કડવું લાગે તેવું, છતાં અંદરથી સાચું વાક્ય છે. તે દિવસે સાચું , તેટલું જ આજે પણ સાચું. અંગ્રેજો થોડા હતા અને આપણે તો અસંખ્ય હતા. આ થોડાએ અસંખ્ય ને કેમ હરાવ્યા? આ થોડા અંગ્રેજોને લશ્કરના સિપાઈઓ અને વહીવટદારો કોણે પૂરા પાડ્યા? આપણે જ એમના સિપાહી થયા, એમના વહીવટદાર થયા. તેનો અર્થ એ કે આપણે જ એમને આપણો દેશ સોંપી દીધો.

જમાનો બદલાતો ગયો પણ આપણે ન બદલાયા. ન્યાતજાતનાં તે જ કુંડાળાં, તે જ ધાર્મિક રૂઢિઓ, તે જ પરલોક- પરાયણતા, આ લોક વિશે તે જ બેદરકારી. આ બધાં લક્ષણો સાથે આપણે નવું બંધારણ ને નવી રાજપદ્ધતિ લાવ્યા, પણ આપણે તો જૂના ને જૂના જ રહ્યા. કોળી કોળી માટે, કણબી કણબી માટે, ગરાસદાર ગરાસદાર માટે, ભણેલા- ખરી રીતે ભૂલેલા - ભણેલા માટે, આ નવો જ્ઞાતિવાદ બધું જૂનું માનસ અકબંધ રહ્યું.

અંગ્રેજો ગયા, ગોરા સાહેબોને બદલે ઘઉંવર્ણા સાહેબો આવ્યા. તે આપણા મુનીમ છે, રાજ્ય આપણું છે તે આપણા લાભમાં ચાલે, એ જાતની જાગૃતિ નથી, જ્ઞાન કે અભ્યાસ નથી. રાજકારણનું પાયાનું જ્ઞાન સૌને મળે તેવા પ્રજાકીય પ્રૌઢશિક્ષણની જરૂર છે. તે માટે આપણે જૂના વિચારો, જૂના આચારો, જૂની વર્ણવ્યવસ્થા, એવું કાંઈ કાંઈ બદલવું પડશે. નહીંતર એ જ મતદાનથી નબળા તત્ત્વો સત્તા પર આવશે. અંગ્રેજોને આપણે જ આપણો દેશ સોંપી દીધેલો, તેમ આજે દેશ ઘઉંવર્ણા સાહેબોને, ન્યાતજાતને આપણે સોંપી દીધો છે.

લોકશાહી તો એવું ઝાડ છે જેનો રસ પાંદડે પાંદડે ડાળીએ ડાળીએ, મૂળિયાંમાં , થડમાં બધે ઊતરેલો હોય. પરંતુ આપણી લોકશાહી કેવળ રાજકીય લોકશાહી છે. સામાજિક લોકશાહી હજી જન્મી નથી. શું શેઠ અને ગુમાસ્તા વચ્ચે લોકશાહી છે? અરે, પતિ-પત્ની વચ્ચે પણ ક્યાં લોકશાહી છે?

ખાઈ-પીને પતિદેવ આરામથી ખાટ પર બેસે, અને પત્ની ઠામ ઊટકવા બેસે ! આ રીતે માત્ર રાજકીય લોકશાહી હોય તે કેમ ટકી શકે?

**શિક્ષણનું ખરું કામ**

ભણાવવું એટલે શું ? ભણાવવું એટલે જ્ઞાન આપવું અને સાથે મરદાનગી આપવી. આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવવાનું છે. આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી એ સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને અન્યાય-નિવારણ માટે લડત આપે. શિક્ષણનું ખરું કામ આ છે : ભણેલો માણસ શૂરવીર હોય. સેવા પણ એને માટે જ છે : સેવામાંથી મરદાનગી પ્રગટવી જોઈએ, સામાન્ય માણસમાં નૂર પ્રગટવું જોઈએ. શિક્ષણ, સાહિત્ય અને સેવાએ જે કરવાનું છે તે આ છે. શિક્ષણ ખાતર શિક્ષણ નહીં, સાહિત્ય ખાતર સાહિત્ય નહીં, સેવા ખાતર સેવા નહીં. તે ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ. માણસ બેઠો થવો જોઈએ. આવી તાકાત જો ન નીપજતી હોય, તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું છે.

'દર્શક'

## ૦૯ સૂર્ય એટલે પરમેશ્વરનો ટપાલી...

### ગુણવંત શાહ

---

સવારના પ્રથમ કલાકને હું 'સૂર્ય-કલાક' કહું છું. એ કલાક એટલે કાન દઈને પંખીઓના કલરવને સાંભળવાનો કલાક ! એ કલાક એટલે પ્રાર્થનામય ચિત્તે સૂર્યના અપાર ઉપકારોનું સ્મરણ કરવાનો કલાક ! આખા દિવસમાં આપણે કેવું કર્મશિલ્પ રચવું છે તે અંગે વિચારતી વખતે સૂર્ય-કલાકમાં નજીકમાં ઊગેલું પુષ્પ ખૂબ મદદરૂપ થાય છે. ઊગતા સૂર્યને જોવો એ ઇશ્વરને જોવા બરાબર છે. આપણે ઇશ્વરને જે કંઈ કહેવા માગતા હોઈએ તે સૂર્ય દ્વારા કહેવડાવી શકીએ. ઊગતા સૂર્યને અધખૂલાં નયને પ્રાર્થનામય ચિત્તે નીરખતી વખતે એક પ્રકાશમય અને ભક્તિમય અનુભૂતિ રોજ થાય છે. સૂર્ય જેટલા દમામથી ઊગે છે એટલા જ દમામથી આથમે છે. આથમતી વખતે પણ ગરિમા જળવાય એ રીતે જીવી જવાનું આપણને સૂર્ય શીખવે છે. સૂર્યના સંતાનોને આ વાત ક્યારે સમજાશે? સૂર્ય તો સ્વભાવે જ એક મહાન ડાયનેમિક ઘટના છે.

સૂર્યનું પ્રત્યેક કિરણ રોકડી ઉષ્મા અને રોકડો પ્રકાશ લેતું આવે છે. સૂર્ય સગી આંખે દેખાય છે, પરંતુ એ સૂર્યને બ્રહ્માંડમાં તરતો મૂકનાર પરમેશ્વર નથી દેખાતો. ભલે ને ન દેખાય ! ભારતીય સંસ્કૃતિ મૂળે સૂર્યસંસ્કૃતિ છે. દરરોજ થતો સૂર્યાસ્ત નવુંનક્કોર અંધારું મૂકતો જાય છે અને રોજ સવારે થતો સૂર્યોદય તાજું અજવાળું લેતો આવે છે. પ્રત્યેક કિરણ સાક્ષાત જીવન લેતું આવે છે. જીવન મોકલનાર સૂર્યને પ્રાર્થનામય ચિત્તે નિહાળવાની ફુરસદ ન હોય એવા આદમીને આસ્તિક ગણવામાં જોખમ રહેલું છે.

કોઈપણ જાતની તકરાર કર્યા વગર કે હો હા કર્યા વગર પૂનમનો ચંદ્ર, સૂર્ય ઊગે તે પહેલાં ધીરેથી વિદાય થાય છે. વિવેક અંગે ઉપદેશ આપવાની ધૃષ્ટતા પણ એ કરતો નથી. સૂર્ય કદી હિમાલયવાદી, ગંગાવાદી, મંદિરવાદી, ખેતરવાદી, ઝૂંપડીવાદી કે બંગલાવાદી નથી હોતો. એ તો કેવળ 'હોય' છે. સૂર્યોદય સમજુ મનુષ્યને અપસેટ કરનારો હોય છે. સૂર્યોદય નીરખીને અપસેટ થયેલા મહાન ઋષિઓએ આપણને વેદમંત્રો આપ્યા છે. ગાયત્રીમંત્ર આપણને ઋષિ વિશ્વામિત્ર તરફથી મળ્યો. ઊગતા સૂર્યના કિરણો ગરમાળાની ટોચ પર પડે પછી એ સુવર્ણમય પીળાશ ધીરે ધીરે અવનિ પર ઊતરતી હોય છે. બસ પાંચ-સાત મિનિટમાં તો આખેઆખો ગરમાળો પીતાંબરધારી.

સૂર્ય દૂર રહ્યો રહ્યો ધરતીના કણકણને ચેતનાની દીક્ષા આપે, દરેક ઘરમાં અજવાળું પહોચાડે, પાંદડે પાંદડે ક્લોરોફિલની ફેક્ટરી ચલાવે, ટોડલેટોડલે દીવડા પ્રગટાવે, વન-પવન-પર્જન્યની લીલાને ઋતુસંહારના ચાળે ચડાવે અને જીવનમાત્રનું સંગોપન કરે એનો યશ સૂર્યની વ્યૂહઘટનાને ફાળે જાય છે. સૂર્યની વ્યૂહરચના જીવનરચના બની રહે છે.

ખોબલે ખોબલે પાણી પીવું અને પ્રકૃતિને ખોળે ખેલવું એ પ્રત્યેક ભૂમિપુત્રનો સૂર્યસિદ્ધ અધિકાર છે. સૂરજનો વિયોગ ધરતીને કઠે છે. ધરતી માત્ર ભેજ નહીં, ગરમાટો પણ ઝંખે છે. વાદળોની ગિરદી વટાવીને સૂરજ જયારે ધરતીને ગરમાટાનાં પાર્સલ રવાના કરે છે ત્યારે કોકરવરણો તડકો વરસે છે.

સૂર્યોદય વાસ્વતમાં વિસ્મયોદય છે. સૂર્યાસ્ત મૃત્યુઘટનાનું સૌંદર્ય હૃદયમાં ઠાલવતો જાય છે. આ બે મહાન ઘટનાઓ વચ્ચે વિષાદનો પથારો હોય છે. ઊગતા સૂર્યને મેં વર્ષોથી પરમેશ્વરના ટપાલી તરીકે નીરખ્યો છે. એ સાક્ષાત જીવનની ટપાલ લઈને રોજ આપણે ત્યાં આવે છે. રોજ પાર્સલ આપતો જાય છે. બહુ ઓછા લોકોને જીવનનાં પાર્સલ ખોલવાની ટેવ હોય છે. પાંદડે પાંદડે સૂર્યનાં કિરણોની નૃત્યલીલા ચાલતી રહે છે. સૂર્યને ભીના હૃદયે નીરખવા માટેની નવરાશ કયાં છે ?

ટહુકો, વડોદરું

## ૧૦ આપણા કામોની પ્રાથમિકતા કેવી રીતે નક્કી કરવી? -૨

**મુની દવે**

લાંબે ગાળે, મનુષ્યજીવનમાં પણ આ 'ખેતરનો કાયદો' કામ કરે છે. તમે નિશાળ/કૉલેજમાં ગોખીને ડિગ્રી મેળવી શકો છો, શિક્ષણ નહીં. સામાજિક પદ્ધતિમાં સફળ થવું અને મનના વિકાસમાં સફળ થવું એ બન્ને અલગ બાબતો છે. આ વાત ધ્યાનમાં રાખીને હવે આપણે એ સમજીએ કે આપણા જીવનની વિવિધ બાબતોમાં ધ્રુવના તારાને - સાચી ઉત્તર દિશાને કેવી રીતે સાંકળવી, આપણા આંતરિક કંપાસને કેવી રીતે જાગૃત કરવો કે જેથી આપણે જીવનને હરપળ ધ્રુવના તારા સાથે મેળવી રાખવા સક્ષમ બનીએ. આપણે એવું માનીએ છીએ કે જીવનમાં ગુણવત્તા આવશે જ, કારણકે આપણે કેટલાંક મૂલ્યો સાથે જીવીએ છીએ. પણ એવું નહીં થાય, જો એ મૂલ્યો મૂળ સિદ્ધાંતો સાથે જોડાયેલાં નહીં હોય. 'પહેલું કામ પહેલાં' એ બાબત મૂલ્યોથી નિરપેક્ષ છે. તેને તમારાં મૂલ્યો સાથે કોઈ સંબંધ નથી. તમારી સઘળી પસંદગીઓ જો મૂળ સિદ્ધાંતો સાથે મેળમાં નહીં હોય તો જીવનમાં ગુણવત્તા નહીં આવે.

હવે આ સમજણ સાથે જાતને તૈયાર કરવાની છે. કંપાસની વાત સમજવા સાથે ઘડિયાળને - સમયને સમજીએ.

જ્યારે આ બન્નેમાં મોટો તફાવત આવે છે ત્યારે મુશ્કેલીઓ શરૂ થાય છે. આપણે સભાન નથી બનતા કે કેટલો સમય બીન મહત્ત્વનાં કામોને આપ્યો, જેવું જીવન આપણે જીવવા માગતા નહોતા. હવે આ સાથે ઘડિયાળનું - સમયનું મહત્ત્વ સમજી લઈએ. તેને ધ્યાનમાં રાખી કામ કરતી વખતે શું કરવું અને શું ન કરવું તે નક્કી થશે.

સમયનું સંચાલન (મેનેજમેંટ):

ત્રણ પ્રકારના સમય સંચાલન છે.

૧. આ 'યાદ દેવરાવવા' પર આધારિત છે. તે ઉઘરાણી હોય, કે તમને યાદ આવ્યું હોય, કે કોઈ સ્મૃતિપત્ર આવે, કોઈ સૂચના આપે, વગેરે. આ દ્વારા આપણે સમયની સાથે રહીએ છીએ.

આમાં કરવાનાં કામોની સાદી નોંધ કે ચેકલિસ્ટ કે રિમાઈન્ડર હોય. જેટલાં કામ નક્કી કર્યા હોય તેમાંથી જે ન થાય તે બીજા દિવસની નોંધમાં કે ચેકલિસ્ટમાં જાય. આને કારણે કોઈ કામ કરવાનું રહી ન જાય.

એવું થવાની શક્યતા ખરી કે કોઈ કામ ભૂલાઈ જાય અથવા નક્કી કરેલી મુલાકાત ન થાય. આમાંનાં કોઈ કામો તમારાં સપનાંઓ કે જીવનલક્ષ્ય સંબંધિત ના પણ હોય. આથી જરૂરી નથી કે મહત્ત્વના કામને પ્રાથમિકતા મળે.

૨. આ 'આયોજન અને તૈયારી' પર આધારિત છે.

આમાં કરવાનાં કામોનો સમય બતાવતું કેલેંડર હોય અને આયોજિત મુલાકાતોની નોંધ હોય. આને કારણે તમારી કાર્યક્ષમતા વધે, વ્યક્તિગત જવાબદારીની અને નક્કી કરેલા ધ્યેયની પૂર્તિ થાય. તે ઉપરાંત ભવિષ્યની પ્રવૃત્તિઓનું આયોજન હોય. આ કારણે વ્યક્તિગત જવાબદારીમાં વૃદ્ધિ થાય, પ્રતિબદ્ધતા જળવાય. વ્યવસાય અને કુટુંબ કે મિત્રો સંદર્ભે મુલાકાત અને રજૂઆત સંદર્ભે અગાઉ તૈયારી થયેલી હોય. આગોતરી તૈયારીઓ, કાર્યક્ષમતા અને અસરકારકતા વધારે. લક્ષ્ય નિર્ધારણ, નિર્ધારિત પરિણામો અને રજૂઆતોમાં સુધાર આવે.

તે સાથે, નક્કી કરેલાં લક્ષ્યો અને કાર્યક્ષમતા કાર્યસૂચિમાં બદલાવ ન લાવવા દે. આથી કેટલાંક કામો ભલે અન્ય લોકોને અને સંબંધોને માટે મહત્ત્વના લાગતાં હોય પણ આવે વખતે કાર્યસૂચિની બહારના 'અન્ય લોકો'

દુશ્મન જેવા લાગે. તેઓને તેમની કાર્યસૂચિને પૂરી કરવામાં આ 'અન્ય લોકો' અંતરાયરૂપ લાગે.

૩. આ 'આયોજન, પ્રાથમિકતા અને નિયંત્રણ' પર આધારિત છે.

આમાં વ્યક્તિ મૂલ્યો અને પ્રાથમિક્તાની સ્પષ્ટતા મેળવવા વધારે સમય ફાળવે. પોતાની જાતને પહેલા પૂછેઃ 'મારે શું જોઈએ છે?' પોતે નક્કી કરેલાં મૂલ્યો પામવાં લાંબા, મધ્યમ અને ટૂંકા સમયનાં લક્ષ્યો નક્કી કરે. તેના આધારે રોજબરોજની પ્રવૃત્તિઓની પ્રાથમિકતા નક્કી કરે. આમાં દાનતની નબળાઈ નથી, પણ પરિણામો નિર્ધારિત કરતી વખતે અપૂર્ણ માનસિકતાને કારણે કેટલીક મહત્ત્વની બાબતો છૂટી જાય છે. નિયંત્રણ, કાર્યક્ષમતા, મૂલ્યો, સ્વતંત્ર સફળતાઓ, કાળગણના, આવડતો અને સંચાલન.. આ બધા અપૂર્ણ માનસિકતાના નિર્દેશકો છે.

નિયંત્રણઃ આપણે આપણી પસંદગીઓને નિયંત્રિત કરી શકીએ પણ તેનાથી ઊભી થતી અસરોને નહીં. તે આપણને એવી પરિસ્થિતિમાં મૂકી દે છે, જેમાં આપણે અસરોને નિયંત્રિત કરવામાં વ્યસ્ત થઈ જઈએ છીએ. આપણે વસ્તુઓને નિયંત્રિત કરી શકીએ, માણસોને નહીં. સમયનું સંચાલન અનિવાર્યપણે એ બાબતને નજર અંદાજ કરે છે કે આપણે મોટાભાગનો સમય માણસો સાથે વ્યતિત કરીએ છીએ, જે નિયંત્રિત થઈ શકતા નથી.

કાર્યક્ષમતાઃ એક સહજ ન દેખાતી આપણી માન્યતા એ છે કે 'વધુ' અને 'ઝડપ' એ વધુ સારી બાબતો છે, પણ શું એ દરેક વખતે સાચી વાત છે? તમે માણસો સાથે ઝડપી કેવી રીતે થઈ શકો? ખાસ તો લાગણીના સંદર્ભે? ભૌતિક બાબતો સાથે ઝડપી થઈ શકો, માણસો સાથે નહીં.

મૂલ્યોઃ મૂલ્ય એટલે કોઈ બાબતને મહત્ત્વ આપવું, અતિ જરૂરી સમજવું. આપણાં મૂલ્યો આપણી પસંદગીઓ અને કૃત્યો નક્કી કરે છે. છે પણ આપણે તો ઘણી બાબતોને મહત્ત્વ આપીએ છીએ, જરૂરી સમજીએ છીએ - જેમ કે પ્રેમ. સલામતિ, પૈસો, પદવી, મોટું ઘર, મોટર વગેરે. પરંતુ એ જરૂરી નથી કે આપણે અમુક બાબતને મહત્ત્વ આપીએ, એ બાબત આપણા જીવનમાં ગુણાત્મક પરિણામો આપે, જીવનમાં કાયમી સુખ આપે.

સ્વતંત્ર સફળતાઃ પરંપરાગત સમય સંચાલન કશુંક પ્રાપ્ત કરવા, સિધ્ધિ મેળવવા, આપણને જે જોઈએ છે તે મેળવી આપવા માટે ઉપયોગમાં લેવાય છે. તેમાં અન્ય માણસોને અનિવાર્યપણે સંસાધન મનાય છે, જે તમારી પ્રાપ્તિ ઝડપી બનાવે. આપણે માનીએ છીએ કે સંબંધો અનિવાર્યપણે આપ-લે પર આધારિત હોય છે. પણ વાસ્તવમાં મોટાભાગના સંબંધો એકમેકને રૂપાંતરિત કરનારા હોય છે. તેમાં કોઈ એકબીજાને નિયંત્રિત નથી કરતું. સંબંધોમાં કાર્યક્ષમતા ન હોય. હોય. તેમાં તો સમજણની, આંતરિક સૂઝની, નવું શીખવાની કે રોમાંચની આપ-લે હોય. સંબંધોમાં એકમેકની સંયુક્ત ઊર્જા દ્વારા રૂપાંતરણ સુધી પહોંચવું એ જ સમય અને જીવનમાં ગુણાત્મકતા વધારવાની દૃષ્ટિએ પ્રાપ્તિ હોઈ શકે.

કાળગણના : સમય સંચાલન કાળગણના સાથે જોડાયેલું છે. કાળની ગણના સીધી લીટીમાં જનારી અને ક્રમિક છે, જેમ કે ૧૫૫૦, ૧૫૬૦, ૧૫૬૫...પણ દુનિયાભરની સંસ્કૃતિઓની શરૂઆત 'યોગ્ય સમયે' કે 'ગુણવત્તાયુક્ત સમયે' થઈ છે. સમય એવી બાબત છે, જેનો અનુભવ કરવો પડે. યોગ્ય સમયનો મતલબ છે કે એ સમયે તમે કેટલું મહત્ત્વનું પ્રાપ્ત કર્યું, એ નહીં કે તમે ક્યા સમયગાળામાં કેટલો સમય રહ્યા. તમે નોકરીમાં કેટલાં વર્ષો ગાળ્યાં એ મહત્ત્વનું નથી, પણ તમે કયા સમયમાં કેટલી બાબતો શીખ્યા, એનું મહત્ત્વ વધારે છે. તમારે અમુક વ્યવસાયમાં તમારી કારકિર્દી બનાવવી છે તો તમે તમને મળેલા સમયમાં કેટલી તૈયારી કરી?

કૌશલ્ય - કાર્યકુશળતાઃ સમય સંચાલન એ કાર્ય કુશળતાનો ભાગ છે. જો તમે કેટલીક કાર્ય કુશળતાઓ

વિકસાવી શકો તો જીવનમાં ગુણવત્તાયુક્ત પરિણામો મેળવી શકો. વ્યક્તિગત અસરકારકતા એ કૌશલ્ય અને ચારિત્ર્યનું પરિણામ છે. 'આપણે શું છીએ' તેના પરથી 'આપણે શું કરી શકીએ' તે નક્કી થાય. બધા ધર્મોનું મૂળ સાહિત્ય એ વાત આગ્રહપૂર્વક કહે છે કે ગુણવત્તાયુક્ત જીવન માટે સર્વોચ્ચ ચરિત્ર અને કૌશલ્યવિકાસ મહત્ત્વનાં છે. તેના વગર જીવનમાં સુખ નહીં મળે. વિચારો કે 'તમે કામ સારી રીતે કરો છો' કે 'તમે સારાં કામ કરો છો?'

નેતૃત્વ અને સંચાલનઃ સમય સંચાલન (મેનેજમેંટ) એ પોતે જ સંચાલન છે, નેતૃત્વ નથી. સંચાલન કોઈ પદ્ધતિની અંદર રહીને થાય છે. નેતૃત્વ પદ્ધતિની ઉપર રહીને થાય છે. તમે વસ્તુઓનું સંચાલન કરો છો, પણ માણસોને દોરો છો - રસ્તો બતાવો છો. 'પહેલું કામ પહેલા કરવું' ના પાયામાં સંચાલનની પહેલાં નેતૃત્વ છે.

લાઓ-ત્સેએ કહ્યું છે કેઃ 'વિચારનું વાવેતર કરશો તો કર્મો ઊગશે. કર્મોનું વાવેતર કરશો તો ટેવો ઊગશે. ટેવોનું વાવેતર કરશો તો ચરિત્ર ઊગશે. અને ચરિત્ર તમારી નિયતિ બનાવશે.' સમયના સંચાલનની આ માનસિકતા બહુ અગત્યની છે. કારણકે તમારી માનસિકતા તમારા મન અને હૃદયના નકશાઓ બનાવે છે. તે તમારા વલણો, વર્તન નક્કી કરે છે અને તેનાથી જીવનમાં ઉદ્‌ભવતાં પરિણામો જન્માવે છે.

પાગલપણાની વ્યાખ્યા એ પણ છે કેઃ 'એક જ રીતે કામો કર્યા કરવાં અને વિવિધ પરિણામો આવે તેવી અપેક્ષા રાખવી.'

'તાત્કાલીક' કે 'તાકીદ'નું બંધાણઃ

અપૂરતી સભાન અવસ્થામાં નક્કી કરીને કરેલું મહત્ત્વનું કામ એ અભાનપણે નક્કી કરીને કરેલા બીનમહત્ત્વના કામ બરાબર છે.

વિચારો કે એવું કયું કામ છે, જે તમે ઉત્તમ રીતે કરો અને સતત લાંબા સમય સુધી કરો, તો એ તમારા વ્યક્તિગત જીવનમાં હકારાત્મક પરિણામો આપશે?

અને વિચારો કે એવું કયું કામ છે, જે તમે ઉત્તમ રીતે કરો અને સતત લાંબા સમય સુધી કરો, તો એ તમારા વ્યવસાયિક જીવનમાં હકારાત્મક પરિણામો આપશે?

જો આનો જવાબ તમારી પાસે હોય, અને જો એ આટલો સુધારો તમારા જીવનમાં કરવાના હો, તો સવાલ એ થાય છે કે તો શા માટે અત્યારે એ કરતા નથી?

જે તાકીદનું કામ છોડીને જ્યારે તમે મહત્ત્વનાં કામો કરો છો, ત્યારે એ 'પહેલું કામ પહેલા' નો પાયો બને છે.

તાકીદનું કામ કરતા કેવા ભાવ જાગે છે? તાણ? દબાણ? ઉશ્કેરાટ? નિચોવાઈ જવું? કે કયારેક હરખ, સફળતા? કદર? માન્યતા? મદદગાર? મહત્ત્વની કટોકટી વખતે તત્કાલિન સવાલનો ઉકેલ લાવ્યા, તેનો તે સમય પૂરતો સંતોષ કે ગર્વ થાય છે?

તો જ્યારે હાથમાં કોઈ મહત્ત્વનું કામ ન હોય ત્યારે કટોકટી દૂર કરવી એ બહુ જોરદાર કામ લાગે છે. દરેક લોકોની એવી અપેક્ષા હોય છે કે તેઓ હંમેશા વ્યસ્ત રહે કે વ્યસ્ત દેખાય. એ બાબત તેમનો સામાજિક મોભો વધારી દે છે. આથી જ્યારે પૂરતું કામ ન હોય એ કબૂલ કરતા શરમ આવે છે, કે તમે વ્યસ્ત નથી તે બાબત તમને સંકોચમાં મૂકી દે છે. મહત્ત્વનું કામ બાજુએ મૂકીને તાકીદના કામમાં કૂદી પડવાની ટેવ મહત્ત્વનું કામ ન કરી શકવાનું સારું અને વાજબી બહાનું બને છે.

આપણી પાસે કામના પ્રકારનાં ચાર ચોકઠાં છે.

૧. તાકીદનાં અને મહત્ત્વનાં કામ;

૨. મહત્ત્વનાં અને બીનતાકીદનાં કામ;

૩. તાકીદનાં અને બીનમહત્ત્વનાં કામ;

૪. બીનતાકીદનાં અને બીનમહત્ત્વનાં કામ.

ક્રમશઃ

મોબાઈલ-૯૮૨૪૦૧૦૩૧૮

## ૧૧ વાચનવિશ્વના મહાનાયક, વાત્સલ્યમૂર્તિ : મુકુંદરાય મુનિ

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

**ભૂમિકા :**

લોકભારતીના અધ્યાપક, આચાર્ય, મુખ્યગૃહપતિ, સંસ્થાની આજીવન યોજનાના સભ્ય મુકુંદરાય બળવંતરાય મુનિ (જન્મ : ૩/૧૨/૧૯૨૮, વિદાય : ૧૦/૯/૨૦૧૦) એટલે વિદ્યાર્થી વત્સલ, વાચનવીર, નમ્રતા, નિખાલસતા, મૃદુતા, સરળતા, સહજતાસભર, વત્સલ વ્યકિતત્વ. પોતાના વતન સિહોરમાં શાળાંતની પરીક્ષા પાસ કરી, ૧૯૪૮માં ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા પ્રાથમિક શિક્ષક અધ્યાપનમંદિરમાં અભ્યાસ સંપન્ન કરી, એલ.ડી. મુનિ હાઈસ્કૂલ સિહોર અને પ્રાથમિક શાળા આંબલામાં સેવાઓ આપી. ઉચ્ચશિક્ષણનો અભ્યાસ કરવાની તેમની તીવ્ર ઉત્સુકતા. ૧૯૫૩માં લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો શુભારંભ થયા પછી ત્યાં ભણવા ગયા. ૧૯૫૬માં પ્રથમ બેંચના સ્નાતક થયા. તુરંત જ લોકસેવા મહાવિદ્યાલયમાં અધ્યાપકીય જવાબદારી વહન કરવાની તક સાંપડી. તેમના શૈક્ષણિક યોગદાનની ચર્ચા કરીએ તે પૂર્વે પ્રારંભના વર્ષોમાં સંસ્થાની પરંપરા અનુસાર તેમને સોંપાયેલ કામગીરીમાં મુનિભાઈની વફાદારી, નિષ્ઠા અને સૂઝ પર દૃષ્ટિપાત કરી લઈએ.

**સમૂહ રસોડાનું મેનેજમેન્ટ :**

પ્રારંભે તમામ વિદ્યાર્થીઓ માટે એક જ સમૂહ ભોજનાલય હતું. તેની વ્યવસ્થા કરવાની. પોતે સ્વાદ પારખું. જાતે સારી રસોઈ બનાવી જાણે. અહીં રસોઈના સ્વાદ, ગુણવત્તા, વિવિધતા, પ્રમાણ, સીધા-સામગ્રીની ખરીદી,જાળવણી વગેરેનું આયોજન. ગામમાંથી આવતી બિનઅનુભવી બહેનોની રસોયણ તરીકે સજજતા કેળવવાની, વિદ્યાર્થીઓને સંવેદના, સ્નેહ, સમયપાલન અને શિસ્તથી જમાડવાના. તેમણે આ કામોમાં પોતાની કુશળતા પૂરવાર કરી આપી. એમના પ્રત્યક્ષ જોડાણને આધારે તેમણે રસોડામાં વિદ્યાર્થીઓની ભાગીદારી પ્રયોજવાના ઉદ્દેશથી વર્ષવાર વિભાજિત એકમની ભલામણ કરેલી. જે સંસ્થાએ સ્વીકારેલી.

વલ્લભીપુર પાસે રતનપર અને અન્ય ગામોમાં કાર્યરત્ત સર્વોદય યોજનાના સંચાલક તરીકે ગ્રામવિકાસ, ગ્રામોદ્યોગના અનેક પ્રજાકીય કામો દ્વારા તેમણે લોકચાહના મેળવી.

**શૈક્ષણિક યોગદાન, જીવંત જ્ઞાનકોશ :**

મુનિભાઈએ ઈતિહાસ, ગાંધીવિચાર, જગતના ધર્મો અને ઈકોલોજીનું ૩૩ વર્ષ સુધી અધ્યાપન કરાવેલું. ૫૦ વર્ષ પૂર્વે પર્યાવરણ શબ્દની પરિભાષા હજુ સ્પષ્ટ થઈ નહોતી ત્યારે લોકભારતીએ ઈકોલોજી વિષયના અભ્યાસક્રમની શરૂઆત કરેલી. આ તમામ વિષયને લગતાં સાહિત્ય, સંદર્ભગ્રંથોનું તેમણે ઊંડાણપૂર્વક ખેડાણ કર્યું.

સૌરાષ્ટ્ર યુનિ.માંથી અનુસ્નાતકની પદવી પણ મેળવી. તેઓ કયારેય માત્ર પોતાના વિષયના વાચન પૂરતાં સિમિત નહોતા રહયા, પણ મૂળશંકરભાઈ ભટ્ટના શબ્દોમાં વોરેસિયસ રિડર, વાચનવિશ્વના મહાનાયક હતા. જયોતિષવિદ્યા સહિત અનેક વિષયોમાં તેમને સાચુકલો રસ. અન્ય ભાષાના સાહિત્યની આરપાર નિકળી જવા તેમણે હિન્દી, અંગ્રેજી, બંગાળી, મરાઠી, અસમિયા અને ઉડિયા ભાષા શીખી લીધેલી. કિશોરાવસ્થામાં સિહોરની લાઈબ્રેરીમાં મોટાભાગનાં પુસ્તકો વાંચી નાખેલાં. લોકભારતીમાં વિશાળ ગ્રંથાલય. ૫૦,૦૦૦થી વધુ પુસ્તકો. ૧૫૦ જેટલા સામયિકોથી છલકાતું સરસ્વતીધામ. અહીં કાર્યકરોના વાચન માટે અલાયદી વ્યવસ્થા. મુનિભાઈના ટેબલ ઉપર વિમલ મિત્ર, તારાશંકર બંદોપાધ્યાય, જીમ કોર્બેટ, સાને ગુરુજી, અમૃતા પ્રીતમ, જયંત કોઠારી જેવા અનેક રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય લેખકોના પુસ્તકોનો ગંજ. તેમાં તેઓ તલ્લીન. મહત્ત્વના મુદ્દાઓની ડાયરીમાં નોંધ કરતા જાય. અનેક પુસ્તકો ખરીદે, વસાવે. ધ ઈલસ્ટ્રેટેડ વિકલી

ઓફ ઈન્ડિયા, ધ ઈમ્પ્રિન્ટ અને રિડર્સ ડાઈજેસ્ટના ગ્રાહક. તેઓ ભાવનગર પસ્તી વેચતા વેપારીઓને ત્યાં જાય અથવા કોઈ સંસ્થાની મુલાકાત લે. વ્યાખ્યાન માટે જાય ત્યારે અપ્રાપ્ય પુસ્તકો, સામયિકો લેતા આવે. એક સ્થળેથી નેશનલ જીઓગ્રાફિક મેગઝિનના ત્રણ વજનદાર થેલા ઉંચકીને લઈ આવેલા.

તેઓ દરરોજ સાંજે લોકભારતી આસપાસની ટેકરીઓ, પાંચેક એકરના વિસ્તારમાં નિયમિત ફરવા જાય. તેમની સાથે ૩-૪ વિદ્યાર્થીઓ, કોઈ સહકાર્યકર હોય. ચાલતાં ચાલતાં દેશ-વિદેશના પ્રવાહો,માહિતીની રસલ્હાણ થતી રહે. તેમના વિદ્યાવ્યાસંગને લીધે વર્ગખંડમાં કોઈ વિષયાંતર નહીં. એમનું જ્ઞાન, ભણાવવાની રીત, અખંડ પ્રવાહ, ભણનારમાં મુગ્ધતા જન્માવે એવા. શકિત અને સરળતાનો સુમેળ. કોઈ અહંકાર નહીં. વિદ્યાર્થીઓ વિષયના પાઠયક્રમ કે પરીક્ષા પૂરતા મર્યાદિત નહોતા રહેતા પણ જીવનઘડતરની સતત તાલીમ મેળવતા. તેમની યાદશકિત તેમજ વિદ્વતાથી મનુભાઈ પંચોળી, વડોદરાના વિચારક, લેખક ભોગીલાલ, સુભદ્રાબહેન ગાંધી, શ્રેયસ વિદ્યાલય અમદાવાદ- લીનાબહેન મંગળદાસ પણ વાકેફ. તેથી ઈતિહાસ જેવા વિષયના રેફરન્સ માટે તેમનો સંપર્ક સાધે. ભોગીભાઈએ તેમને તત્કાલીન વિખ્યાત સામયિક વિશ્વમાનવના સંપાદક તરીકે વરણી કરેલી. એકવાર લોકભારતી આવેલા ઉમાશંકર જોષીને આલ્બેસ્ટ્રોસ પંખી વિશેની સવિસ્તર સચિત્ર માહિતી તેમણે આપી હતી.

વૈશ્વિક વાંચને તેમનાં મન, હૃદયને વ્યાપક બનાવ્યાં હતાં. જીવનમાં આવતાં સુખ-દુઃખ સમયે તેઓ શાંતિ, આશા, સહિષ્ણુતા અને સમતાને આત્મસાત્ કરી શકયા, પુસ્તકો સાથેની પ્રગાઢ ચિરંજીવ મૈત્રીને પરિણામે.

નાટક અને અભિનયનો તેમને શોખ. રવીન્દ્રનાથનું નાટક ‘મુકતધારા’ વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવેલું. શરદબાબુના બા, બહેનમાં તેમણે અને પ્રભાબહેને દંપતિ તરીકે સરસ ભૂમિકા ભજવેલી. મુનિભાઈના વાચન, કલારસને કારણે તેમનાં જીવનસંગિનીમાં અને પાંચ સંતાનો, પૌત્રો, પૌત્રીઓમાં પણ સહજભાવે વાચનપ્રીતિ સિંચાતી રહી. પ્રભાબહેને મુનિભાઈ સાથે લગ્ન થયાં પછી ૧૯૫૨માં ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અધ્યાપનમંદિરમાં તાલીમ મેળવેલી. પશ્ચાત સ્નાતક, ડી.બી.એડ્.ની પદવી પ્રાપ્ત કરી. અધ્યાપનમંદિર સાવરકુંડલામાં આચાર્ય અને સ્નાતક, નઈ તાલીમ મહાવિદ્યાલય લોકભારતીમાં અધ્યાપક પદે સ્થાપિત થયેલાં. મુનિભાઈ દરરોજ રાત્રે જુલેવર્ન, ટોલ્સટોયની વાર્તાઓ, બાસુ ચેટરજી, સત્યજિત રાયની ફિલ્મોની પટકથા કે મોપાંસા, હર્મન હેસ, મિખાઈલ સોલોખોવ જેવા લેખકોનાં લખાણોનું રસદર્શન કરાવે. નવી નવી ભાષા, નવાં પુસ્તકો અને વિષયોની સતત જાણકારી આપે, પરિણામે બધાં જિજ્ઞાસુ સંતાનોએ પોતાનાં અભ્યાસ, કારકિર્દીમાં તેજસ્વિતા પ્રાપ્ત કરી. સાથે જ પુસ્તકોના નિત્ય સંગાથી પણ બની રહયાં. પિતાશ્રીની જેમ જ દીકરાઓ મેધાવૃત અઠંગ વાચક. સ્વપુરુષાર્થથી આગળ વધતાં તે ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય ડી.આર.ડી.ઓ.માં કોચિન ખાતે સંશોધન વૈજ્ઞાનિક બની હવે નિવૃત્ત થયો છે. વિદ્યાવૃત્ત હાઈસ્કૂલમાં શિક્ષક, મિલિંદ ડિસ્ટ્રિક્ટ ફોરેસ્ટ ઓફિસર, ભગીરથ ગુજરાત સરકારના નાણાં, વિજિલન્સ વિભાગમાં સચિવ અને દીકરી નંદિતા સચિવાલયમાં ડેપ્યુટી સેક્રેટરી બની રહયાં.

હવે અહીં મૂકેલ નંદિતાની સાર્થક જલસો સામયિકમાં પ્રકાશિત એક લેખનોંધ વાંચવા વિશેમાં તેની સાહિત્ય સાથે નિર્ણાયક નિસ્બત અને નિપજ દષ્ટિગોચર થાય છે. લેખના કેટલાક અંશ તેના જ શબ્દોમાં...

‘હજુ વાંચતા શીખી નહોતી ત્યારથી પિતાજીએ વાંચી સંભળાવેલી બાલદક્ષિણામૂર્તિ ગ્રંથમાળા અને ગાંડિવ પ્રકાશનની વાર્તાઓએ મારાં અર્ધજાગૃત મનમાં વાચનના મૂળિયાં રોપી દીધા હતાં. વાંચતા આવડયું ત્યારે એ મૂળિયાંમાંથી વિકસેલાં મ્હોરેલાં લીલાછમ છોડ, વૃક્ષ ઉપર માહિતી - જ્ઞાનરૂપી કૂંપળો ફૂટતી ગઈ પછી તો પર્ણ, પુષ્પ અને ફળ. આજે એ ઘેઘૂર વૃક્ષની છાયામાં હું નિરંતર આશ્રય સુખ ભોગવી રહી છું. પિતાજીએ મને સંસ્કૃત સાહિત્યનો પરિચય કરાવવા એક યુકિત કરેલી. કાલિદાસના મેઘદૂતમ્નો મૂળ સંસ્કૃત શ્લોક અને તેની નીચે કિલાભાઈ

ઘનશ્યામ તેમજ ત્રિભુવન વ્યાસના ગુજરાતી સમશ્લોકી અનુવાદ એક નોટબુકમાં લખવાનો. અને મેં જયારે આ કામ ચોક્કસાઈથી હોંશભેર પૂરું કર્યુ ત્યારે મને વ્યકિતગત મળ્યાં રોકડા રૂપિયા ૩૫. મારા રસ-રુચિના વિષય, પ્રકૃતિ અને વન્ય જીવો. વિજય ગુપ્ત મૌર્ય, પ્રદ્યુમન દેસાઈ મારી નજીક. આત્મકથા કે ડાયરીમાંથી પસાર થાઉં ત્યારે લેખક શું કહે છે અને શું નથી કહેતા, જે કહે છે તેની પાછળની માનસિકતા વિશે વિશ્લેષણ કરવામાં મજા આવી જાય. ઈન્ટરનેટના આગમન પછી અનેક વેબસાઈટ પર ઉપલબ્ધ પુસ્તકોનો અદભૂત જાદુઈ ખજાનો મને મળી ગયો છે.પુસ્તકનું કોઈ એક જ સશકત વાકય કે વિધાન, કાવ્યપંકિત મને હલાવી જાય છે. દિવસો સુધી તે શબ્દો મનમાં ઘૂમરાયા કરે છે. કયારેક કોઈ સૂક્ષ્મ અનુભૂતિ થઈ હોય, કોઈ ઉપમા સૂઝી હોય અને આજ અનુભવનું કોઈ સમાનધર્મી લેખકે પોતાના શબ્દોમાં અવતરણ કર્યુ હોય ત્યારે રોમાંચ થઈ જાય છે. અક્ષરમાં સ્થળ અને કાળની મર્યાદાઓને વળોટી દેવાની કેવી શકિત હોય છે. ઊંડાણના સ્તરે મનુષ્યનું મનોગત સમાન હોય એવું લાગે છે. વાચન મને જીવંત રાખે છે.'

**વાત્સલ્યમૂર્તિ :**

સંસ્થાની મધ્યમાં ચાર છાત્રાલય અને તેની આસપાસ ચાર કાર્યકર નિવાસ. તે પૈકી એકમાં મુનિભાઈ રહે. આ સ્થળેથી પસાર થતાં કાર્યકરો, તેમનાં સંતાનો, ગ્રામજનો, વાલીઓ દરેક સાથે મુનિભાઈ આત્મીયતાથી વાત કરે. વિદ્યાર્થીઓના તેઓ પ્રાણ. તેઓ પ્રવેશ મેળવે કે તુરંત જ તેમના છાત્રાલયમાં જાય. તેમના નામ, ગામ, વાલી, વાલીના વ્યવસાય વગેરેની માહિતી મેળવે. આ બધી વિગતો તેમના આંતર મનના કમ્પ્યૂટરમાં ફીટ થઈ જાય. પછી તો દરેકને નામથી જ સંબોધન કરે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓ સાથે વધારે લગાવ. તેમને માર્ગદર્શન આપે, આર્થિક સહાય પૂરી પાડે, બીમારને પોતાના ઘેર રાખે, દીકરાની જેમ સાચવે. તેના અભ્યાસ પછીયે સંપર્ક યથાવત. તેના ઘેર જાય. નિરાંતે ૪-૫ દિવસ રોકાય.

**નિયમપાલનના આગ્રહી :**

તેમણે ગૃહપતિ, મુખ્યગૃહપતિ તરીકે ભૂમિકા ભજવેલી. વિદ્યાર્થીઓને પર્યાપ્ત સ્વાતંત્ર્યના હિમાયતી. તેમની સાથે વ્યકિતગત સંબંધ. કોઈ વિદ્યાર્થી સામાન્ય નિયમભંગ કરે તો તેને સમજાવવાના, ઉપવાસ કરવાના પણ સહશિક્ષણની ગંભીર સમસ્યા સર્જાય ત્યારે કડક પગલા લેવાની ભલામણ અને આગ્રહ.

**સમાપન :**

૧૯૫૬થી ૧૯૮૯ સુધી તેમનો કાર્યકાળ. તેમના પત્ની પ્રભાબહેન કેમ્પસ પર અધ્યાપક તરીકે બીજાં પાંચેક વર્ષ રહયાં. તેથી કુલ ૩૮ વર્ષ સત્વશીલ, સ્નેહી, સરળ કાર્યકર તરીકે અમીટ છાપ મૂકીને ગયા.તેઓ અને પ્રભાબહેન બંને સાંસારિક અને કાર્યજીવન જીવી શકયાં, તેમનાં માતુશ્રી વિજયાબહેનને કારણે. પોતાના ત્રણેય સંતાનો નાનાં હતાં ત્યારે માત્ર ૨૪ વર્ષની વયે બા એકલાં થયેલાં. પોતે ૭ ધોરણ ભણેલાં પણ બાળકોને ભણાવ્યાં, ગણાવ્યા. પૌત્ર–પૌત્રીઓમાં પણ સંસ્કાર સંવર્ધનના નિમિત્ત બન્યાં. સહૃદયી તપસ્વી બા વિદ્યાર્થીઓ અને તૃષાતુરો માટે પોતાને ઘેર એક વધુ પાણીનો ગોળો ખાસ ભરી રાખતાં.

લોકભારતીએ વિશિષ્ટ સંસ્થા તરીકે ખ્યાતિ મેળવી છે તેમાં મુનિભાઈ જેવા અનેક સંસ્કારી પરિવારોનો સિંહફાળો છે. રાતરાણી કે જૂઈ ફૂલ કદમાં નાનાં હોય છે પણ તેની સુગંધનો પ્રભાવ નોંધપાત્ર હોય છે. તેમ નિવાસી સંસ્થામાં ભણવા આવતાં વિદ્યાર્થી ભાઈ-બહેનોનાં ઘડતર, પોષણનો આધાર, પ્રેરણાસ્રોત આવા અજોડ કાર્યકરો સિદ્ધ થયા છે.

**સંદર્ભ :**

૧. વિદ્યાજિજ્ઞાસુ, જીવનરસિક, વાચનવીર, માણસવલ્લા, મસ્તરામ મુનિભાઈ – યોગેન્દ્રભાઈ ભટ્ટ (કોડિયું ડિસેમ્બર–૨૦૧૦,જાન્યુઆરી, મે, જૂન, જુલાઈ, સપ્ટેમ્બર, નવેમ્બર–૨૦૧૧)

૨. વાંચવા વિશે – નંદિતા મુનિ – સાર્થક જલસો સામયિક.

વડોદરા, મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

## ૧૨ એક સાધકની સાધનાનો દસ્તાવેજઃ 'શબ્દ અને શ્રુત'

**ડો. દિનુ ચુડાસમા**

જીવતરની સાધના સંગાથ સમાજ અને સંસ્કૃતિ ઘડતરનું કાર્ય સહજ રીતે જેમના હાથે થઈ રહ્યું છે, એવા સારસ્વત કુમારપાળ દેસાઈનો અભિવાદન ગ્રંથ 'શબ્દ અને શ્રુત'ની બીજી સંવર્ધિત આવૃત્તિ વર્ષ ૨૦૨૪માં પ્રકાશિત થઈ છે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા હાડ બાઉન્ડ, સ્કેવર સાઈઝ, ૧૦૦ GSM - બેલારપુર પેપરના ઉપયોગ સાથે ૬૮૦ પૃષ્ઠમાં પ્રકાશિત પુસ્તકમાંથી પસાર થતાં જ પ્રખર પુરુષાર્થી માણસનો પરિચય થઈ આવે છે. કુમારપાળભાઈ તો એમના કામ અને નામથી પરિચિત છે, લોકો તો એમના માણસાઈથી સભર વ્યકિતત્વથી જાણીતા છે જ, પરંતુ એમના વિશે ઓછું જાણતા લોકોને પણ 'શબ્દ અને શ્રુત' અભિવાદન ગ્રંથ એમની શબ્દ અને માનવીય સાધનાનો સુપેરે પરિચય કરાવી આપે છે.

એમના કામને સમાજના આ ક્ષેત્રના ધુરંધરો કેવી રીતે બિરદાવે છે? જવાબમાં આપણને અનેકવિધ અભિનંદન, વિશેષણો એમના વિશે મળે એવું કામ એમણે પોતાના ગત ૮૦ વર્ષની આયુમાં કર્યું છે. કુમારપાળ દેસાઈ શું છે? જવાબમાં તેઓ જનપ્રિય અને જિનપ્રિય છે. વિરલ સંશોધક, ભદ્રશીલ સંસ્કારસેવક, નખશીખ ભારતીય, પ્રકાશ ફેલાવતી જીવનજયોત, સંકલ્પ અને સિદ્ધિના પર્યાય, મૂલ્યવર્ધનનું અમૂલ્ય કાર્ય કરનાર ઈન્સાન, સૌ માટે સૌજન્યશીલ સ્વજન, સૌમ્ય સંતુલિત વ્યકિતત્વ, બહુઆયામી વ્યકિતત્વ, વ્યકિતત્વ ઘડતરના શ્રેષ્ઠ શિલ્પી, વિરલ સાંસ્કૃતિક પ્રતિભા, માનવતાના પ્રતિબદ્ધ સારસ્વત, પ્રેમભીની મૈત્રીનું સરનામું, માનવધર્મના મહાન ચિંતક, સર્જકના શ્વાસથી ધબકતી વિદ્વતા, ગુજરાતના પબ્લિક ઈન્ટેલેક્ચ્યુઅલ, તાજગી અને પ્રસન્નતાનું પર્મનન્ટ એડ્રેસ, અહિંસાને વરેલા અજાત શત્રુ, ગરિમા અને ગરવાઈનો માણસ, જાગૃત અને કર્મશીલ ભાષાપ્રેમી, તરસ છિપાવનાર મીઠી વીરડી, શાતા અને ક્ષમતાનું સરનામું, જ્ઞાનપ્રેમી સેવા સમુદ્ધ બહુમુખી માણસ, મૂલ્ય સાથે નિસ્બતના અક્ષરયાત્રી, માનવતાના મૂર્તિમંત પ્રતીક, પ્રેરણાનું તીર્થ, ઊર્જાનું પાવરહાઉસ, વન મેન યુનિવર્સિટી. અનેક પરિમાણનું નામ - સરનામું કુમારપાળ દેસાઈ છે.

સ્વકેન્દ્રી નહીં સર્વ કેન્દ્રી માણસની સવિગત, યાજ્ઞિક કર્મનો આલેખ આપતાં પુસ્તક-'શબ્દ અને શ્રુત'નું સંપાદન ડૉ. પ્રવીણ દરજી અને ડૉ.બળવંત જાનીએ કર્યું છે. કુમારપાળ દેસાઈના જીવન કવનની ગાથાને સંપાદિત લેખોમાં સંકલિત કરી આપી છે. સંપાદનનું કાર્ય કાળજીપૂર્વકનું, અભ્યાસનિષ્ઠા સાથેનું થયું છે. સંપાદકોની વિદ્યાનિષ્ઠા સાથે કુમારપાળભાઈ તરફનો આદર-પ્રેમ પણ જોઈ શકાય છે.

'શબ્દ અને શ્રુત' અભિવાદન ગ્રંથમાં ૧૧ વિભાગોમાં કુમારપાળ દેસાઈના વ્યક્તિત્વ અને કર્મશીલ જીવનને દર્શાવતા ૨૮૯ લેખ આ વ્યક્તિ વિશેષની જીવન સાધનાનો નકશો ચીંધી આપે છે. કુમારપાળ દેસાઈ અત્યારે ૮૧ વર્ષના થયા છે. એમના આઠ દશકનાં યજ્ઞરૂપ કાર્યની સાદર નોંધ આ ગ્રંથમાં ૨૮૯ લેખકોએ લખી આપી છે. કુમારપાળ દેસાઈ વિદ્યાસાધક,કળામર્મી જીવન ઉપાસક છે. માણસાઈ ભરેલા માણસ હોવાથી તેમનું વ્યક્તિત્વ સકારાત્મક છે. ખૂબ શાંત ચિત્તે તેઓશ્રી પોતાને કરવાના કાર્યોમાં સંકલ્પપૂર્વક મંડ્યા રહે છે. આ પ્રકારના માણસો કેવા હોય એની રસપ્રદ વાત લીયોનાર્દો-વિન્ચીએ કરી છે.

વિન્ચીને એક માણસે પૂછ્યુંઃ 'કેટલા પ્રકારના લોકો હોય છે? '

લિયોનાર્દ દ વિન્ચી : 'લોકોના ત્રણ વર્ગો હોય છે. એક વર્ગના લોકો કશું જોતા નથી; બીજા વર્ગના લોકો જયારે દેખાડવામાં આવે ત્યારે જુએ છે; અને ત્રીજા વર્ગના લોકો પોતાની જાતે જુએ છે.'

કુમારપાળ દેસાઈનો સમાવેશ આપણે આ ત્રીજા

પ્રકારના લોકોમાં કરી શકીએ છીએ. તેમના મતે જીવનની ક્ષણેક્ષણનો વિનિયોગ કરવો એ જ જીવન કાર્ય છે. શ્રી કુમારપાળભાઈ જૈન ધર્મના જૈન સાહિત્યના ઊંડા અભ્યાસુ છે. જૈન ધર્મનું અમૃત આકંઠ પીધું છે તેથી તેમનામાં ધાર્મિકપણું દેખાઈ આવે છે. એમની પ્રતિભા અનેક ક્ષેત્રોમાં રમમાણ રહી છે. રમત ક્ષેત્રે અનન્ય લગાવ હોવાથી વિવિધ રમતોના તજજ્ઞ અને લેખક પણ છે. સાહિત્ય તો એમનું ગમતું અને ઘરનું ક્ષેત્ર કહી શકાય પરંતુ તેઓ એક ઉત્તમ વક્તા છે. શ્રેષ્ઠ વ્યવસ્થાપક સાથે સભા સંચાલક છે. માતૃભાષા તરફનો લગાવ આકાશને આંબે છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંચાલક તરીકે ધ્યાનાર્હ, વિવેકયુકત કાર્ય કરતા રહે છે. વિશ્વકોશ ટ્રસ્ટને ઉત્તમ સંસ્થા બનાવવામાં શ્રી ધીરુભાઈ ઠાકર પછી એમનો સિંહફાળો રહ્યો છે. હજુ તો એમની પરિપક્ક્વ પ્રૌઢિ આગામી સમયમાં કેવા રૂડા કાર્યો કરશે ! પોતાના ગુરુ ધીરુભાઈ ઠાકરનું અને પિતા જયભિખ્ખુનું નામ ઉજળું કરનાર, કોઈ એક વ્યક્તિ પોતાના આયુષ્યમાં કર્મરત રહી કેવું બૃહદ કાર્ય કરી શકે એનું જીવંત ઠેકાણું કુમારપાળ દેસાઈ છે.

'શબ્દ અને શ્રુત' ગ્રંથમાં એમના વિશે ખૂબ આદરપૂર્વક લેખકોએ એમણે કરેલા કાર્યોની નોંધ લીધી છે. એમાંથી કેટલાક માનનીય મુરબ્બીશ્રીઓ, લેખકોના કુમારપાળભાઈ વિશેના અભિપ્રાય અહીં રાખું તો તમને એમના વ્યક્તિત્વની ઊંચાઈ અને ભીતરની અમીરાત જોવા મળશે.

●'આટલી બધી સિદ્ધિ અને પ્રસિદ્ધિ મળી હોવા છતાં એમના વર્તનમાં ક્યારેય અહ્‌મ કે આડંબર નથી આવ્યા' -- જાદૂગર કે. લાલ

● 'અનેકવિધ ક્ષેત્રે કુમારપાળભાઈની પ્રતિભા અને વ્યક્તિત્વની સુગંધ પ્રસરી રહી છે.'

--શ્રેણિકભાઈ કસ્તુરભાઈ

● 'કુમારપાળભાઈ હંમેશા હકારાત્મક વલણ રાખે છે રાષ્ટ્રમાં તથા સમાજમાં નીતિના ધોરણો તથા મૂલ્યો સચવાઈ રહે તે માટેના આગ્રહી રહ્યા છે' -- બી.જે. દીવાન

● 'તેમની વહીવટી દક્ષતાનું એક મહત્ત્વનું સુખફળ એટલે ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણીનું પ્રકાશન'

- રજની વ્યાસ

● -'કુમારપાળભાઈને અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છતાં અહ્‌મ કે આછકલાપણું એમનામાં ડોકાતું નથી.' -વસુ બહેન

● 'મેં એમનામાં હંમેશા એક સ્વસ્થ કૃતનિશ્ચયી અને કર્મઠ માણસના દર્શન કર્યા છે.'-વિનોદ જોશી

● 'શ્રી કુમારપાળ દેસાઈ મારી ગમતી વ્યક્તિઓમાં અને ગમતા લેખકોમાંના એક છે.'-દલપત પઢિયાર

● 'એક શીલવંત સદાચાર્ય, સંસ્કૃત સજ્જન સાહિત્યકાર લેખે કુમારપાળભાઈની મારા મનમાં બહુ મોટી ઈજ્જત છે.'- વિજયશીલ ચંદ્રસૂરી

● 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના વિકાસમાં એમનો સિંહફાળો છે. અમદાવાદમાં વિશ્વકોશ એક જોવા જેવું સ્થળ છે અને એના સંવાહક મળવા જેવા માણસ છે.'

-રઘુવીર ચૌધરી

● 'જૈન આગમોના કુમારપાળભાઈ ઉદ્‌ગાતા છે. એક લોકશિક્ષક તરીકે એ કેવળ ગુજરાત જ નહીં પણ સમગ્ર વિશ્વના જૈન શ્રાવકો અને તત્ત્વપીપાશુંઓમાં ખૂબ જ લોકપ્રિય છે.'- ભાગ્યેશ જહા

● 'ખૂબ સિદ્ધિઓ અને જવલંત કીર્તિ કુમારપાળભાઈ દેસાઈના અભિજાત અને સરળ વ્યક્તિત્વને અળપાવી શકી નથી. -રતિલાલ બોરીસાગર

● 'કુમારપાળ દેસાઈ એટલે બહુપાશ્રી વ્યક્તિત્વ.'- નીતિન વડગામા

● 'કુમારપાળભાઈ એટલે શાંત સ્વસ્થ પ્રજ્ઞાશીલ કર્મઠ વ્યક્તિ.'- મણિલાલ હ. પટેલ

કુમારપાળ દેસાઈ વિશેના ઉપરોકત મત આપણને એમની સમીપ લઈ જાય છે. નજીક જતા, ઓળખાણ વધતા આપણે એમના અને તેઓશ્રી આપણા બની જાય છે. 'શબ્દ અને શ્રુત ગ્રંથમાંથી પસાર થતાં કુમારપાળ દેસાઈને ન ઓળખતા વ્યક્તિઓ પણ અહોભાવમાં આવી જાય એવું એમનું પાવક વ્યક્તિત્વ અહીં ૨૮૯ લેખોમાંથી પ્રગટ થાય છે. આવા ઉમદા ગુજરાતી શ્રેષ્ઠ માણસ જે ધાર્મિકપણું જીવે છે. સંશોધન શ્વસે છે. વહીવટને દક્ષતાથી સફળ કરે છે. અનેક લોકો સાથે રહી સૌ પાસેથી ધ્યેયલક્ષી કામ લઈ શકે છે. વસુધૈવ કુટુંબકમ્‌નો ભાવ રાખી, કર્મપણું જીવે જાય છે. કુમારપાળ દેસાઈ નિરામય રહો એવી પરમને પ્રાર્થના.

## ૧૩ કથા આશા અને વિકાસની : માતાજીએ પરીક્ષા લીધી

**બિંદુ-પાર્થેશ**

---

હીંચકાનું આવર્તન સતત પ્રગતિ અને છતાં ત્યાં જ હોવાનો અહેસાસ આપતું હતું. આશા અને વિકાસને આજે આ ગામમાં આવે લગભગ એકાદ વર્ષ વીતી ગયું હતું. ગામમાં આવેલાં માતાજીના મંદિરે બેસીને બંનેએ ગામ સાથે કેટલીક ચોખવટ કરી હતી. ગામ માટે કેટલુંક કરીશું. કેટલીક બાબતમાં ના પણ પાડીશું. એવાં કેટલાય પ્રસંગો બન્યાં કે જ્યારે આજ માતાજીએ આશા અને વિકાસની પરીક્ષા લીધી હતી. અને સામાન્ય રીતે એવું પણ હોય કે માતાજી નવા બનેલાં ભૂવાની પરીક્ષા પણ જલ્દી લે !

તે દિવસે વિકાસને આવતાં મોડું થયેલું. ઘડિયાળે સાડા આઠે જ્યારે ગામના લોકોને સૂવાનો આદેશ કર્યો ત્યારે આશાની તાવડીમાં છેલ્લી ભાખરી શેકાતી હતી. ઘરમાં ટીવી પાસ કોઈ સિરિયલ ચાલુ હતી. બાજુમાં રહેતો કેશુભાઈનો મોટો દીકરો સુનિલ બહેનને એકલું ન લાગે એટલે કે પછી સિરિયલમાં મજા આવે એટલા માટે ટીવી જોતો બેસી રહેલો. થોડીવારમાં બાઈકનો આવાજ આવ્યો. આશાને હાશ થઈ કે ચાલો હવે આખા દિવસના થાકેલાં બંને જમીને આડે પડખે થશે. પણ માતાજી એ આજે પરીક્ષા લેવાનું નક્કી કરેલું.

વિકાસે આવીને હાથ પગ ધોઈ જમવાની તૈયારી કરી. ત્યાં રસોઈ પૂરી કરી આશા પણ જમવા આવી ગઈ. જ્યારે ભણતાં હતા ત્યારે એવું ભણવામાં આવતું હતું કે પૃથ્વી પર દોરેલી કાલ્પનિક રેખાઓ.. અહીં કાલ્પનિક એટલે શું તેનો ખ્યાલ આ તંબુમાં આવ્યાં પછી થયેલો. ૧૯ X ૧૯ ના વિશાળ તંબુમાં બરાબર વચ્ચેથી ઊભી અને આડી બે કાલ્પનિક રેખાઓ ધારેલી. જેનાથી તંબુના ચાર ભાગ પડે. નૈઋત્ય ખૂણામાં રસોડું. વાયવ્ય ખૂણામાં સૂવાનો રૂમ. અગ્નિ ખૂણાનો રૂમ સામાન્ય રીતે બાળકોને રમવા માટે કામ લાગે. જ્યારે ઈશાન ખૂણાનો રૂમ મહેમાન રૂમ. ત્યાં ટીવી પણ ખરું. અને આ રીતે ઘર બને. પાંચ ફૂટ ઊંચા આ પીરમીટ આકારના તંબુનો વચ્ચેનો સ્થંભ ૧૦ ફૂટનો હતો. તંબુમાં પૂર્વ તરફ વચ્ચે એક દરવાજો અને પશ્ચિમ તરફ બીજો દરવાજો. પૂર્વ તરફનો દરવાજો પ્રવેશદ્વાર. ત્યાંથી બહાર નિકળીએ એટલે ૨૦ X ૨૦ નો મોટો ઓટલો અને તેની ઉત્તરે બહાર નીકળતાં પગથિયાં. જે પૂર્વ પશ્ચિમ પથરાયેલી ગામની મુખ્ય સડક સાથે મળી જય. પશ્ચિમ તરફના દરવાજાની બહાર વાયવ્ય ખૂણે બાથરૂમ બનાવેલો. જેથી સુવાના રૂમને અટેચ બાથરૂમ વાળો રૂમ પણ કહી શકાય. પશ્ચિમ તરફના દરવાજાથી બહાર જતાં પાછળ સીધું જ કોતર શરૂ થઈ જાય. અલબત્ત ભેંસનો એક વાડો વચ્ચે આવે.

આવા રાજાશાહી મહેલમાં આશા અને વિકાસ બંને ભવ્ય વાળું શરૂ કરી જ રહ્યાં હતા કે ગામના એક બહેન તંબુનો દરવાજો (અલબત્ત કાપડનો પડદો!) હટાવીને આવ્યાં !

‘લે બેન, જમો હો!.. જમી લો..’ આટલું બોલીને ચાર દાયકા વટાવી ગયેલાં રમલીબહેન જતાં રહ્યાં. હજુ તો ૫ મિનિટ માંડ થઈ હશે ત્યાં કાન્તાબહેન આવ્યાં. એ જ પ્રશ્ન..

‘લે બેન, જમો હો!.. જમી લો..’ કાન્તાબહેન રમલીબહેન કરતાં જુવાન હશે. કદાચ આશાની ઉંમરના. આશાએ કહ્યું, વિકાસ, બહાર જોઈએ કોણ કોણ આવ્યું છે? કદાચ કોઈને વાગ્યું હશે ને પાટો બાંધવાનો હશે. વિકાસે બહાર જઈને જોયું તો લગભગ ૧૦ થી ૧૨ લોકો બહાર હતાં. કોઈના હાથમાં લાકડી તો કોઈ ઉઘાડાં ડિલે આવી ગયેલું. કશુંક તો અજુગતું બનેલું. વિકાસે પૂછ્યું શું થયું?

કેશુભાઈ, જે કાન્તાબેનના ઘરવાળા અને પ્રમાણમાં ગામના આગેવાન હતા તેણે કહ્યું, 'દર્શના મળતી નથી!'

'હેં? શું થયું? ક્યાં ગઈ? કેવી રીતે?' આવાં કેટલાંય પ્રશ્નો એક સાથે વિકાસના મુખેથી નીકળી પડ્યાં. ત્યાં આશા પણ આવી ગઈ. બંને જણાં ગામના પ્રશ્નની સાથે જોડાય ગયા.

'સાંજથી જતી રહી છે. એ પરિવાર જ એવો છે. એક વાર હાથમાં આવવા દો.' કેશુભાઈનું ગામનું વડીલપણું રોષપૂર્વક બોલી રહ્યું હતું.

'હા. એક તો પરિવારે પહેલાં પણ આવું કરેલું છે. આજે પણ ગામનું નાક લજવ્યું. હવે તો તે પરિવારને ગામ બહાર મોકલી દો !.' પરિવાનો જ સગો આજે ગુસ્સામાં હતો.

'ઘર જ સળગાવી દો.' રોષ ધીમે ધીમે વધતો જતો હતો.

વિકાસે કહ્યું, 'પહેલાં એ નક્કી કરીએ કે શું થયું છે. ક્યાં પ્રશ્ન છે. પ્રશ્નને જાણ્યાં વગર સીધાં જ નિર્ણય લેવા માંડીએ એ તો ઠીક નહીં ને !'

ગામમાં બે ભાગ. એક ભાગ નદી તરફનો અને બીજો ભાગ બહાર તરફનો. બહાર તરફના ભાગની દીકરી હતી. સ્વાભાવિક છે કે જે લોકો બોલતાં હતાં તે બહાર તરફના ભાગવાળા હતા. જો કે, નદી તરફના ભગવાળા લોકો પણ તમાશામાં હાજર હતા. વિકાસે કહ્યું કે આપણે દર્શનાને શોધવા જઈએ. કેશુભાઈનો વીશી વટાવેલો નાનોભાઈ ઉમેશ બાઇકની પાછળ બેસીને કહે ચાલો સાહેબ, હું તમારી સાથે આવું. બંને બાઇક લઈને ઉપડ્યાં દર્શનાને શોધવા. માંડ પાંચેક કિલોમીટર ગયાં કે ઉમેશ કહે કે સાહેબ, ચાલો પાછાં !

'કેમ?' વિકાસે આશ્ચર્ય સાથે કહ્યું.

'દર્શના આવી ગઈ હશે !!!' ઉમેશે ફોડ પાડ્યો. એ વખતે મોબાઈલ તો દૂર દૂર ન હતો. તો પણ આ જુવાનિયાને કેવી રીતે ખબર પડી તેની ગમ વિકાસને ન પડી. બંને પાછા આવ્યા. સાચે જ દર્શના મળી આવેલી. અને તે પણ બહેનના તંબુમાંથી !!!

બહેનના ઘરે દર્શના ધ્રુસકે ને ધ્રુસકે રડે. આશા તેને છાની રાખે. દર્શનાની મા સૂરજબહેન જાત જાતનું સંભળાવે. તેના પિતા અડધાં ગુસ્સામાં ઓટલાના એક ખૂણા પર આવેલી પાળી પર બીડી સળગાવીને જાણે આગ આગને ઠારે એ નાતે અંદરની આગને ઓળવી રહ્યા હતા. કેશુભાઈ ગામના ખરાં આગેવાન. બસ હવે તો આ પરિવારને પાઠ ભણાવી દેવાનો છે તે નક્કી કરી લીધેલું. આજે ગામના કલંકને ભૂસવાનું પવિત્ર કામ તેના હાથે કરવાનો ઈશ્વરે તેને મોકો આપેલો એવું લાગતું હતું. તંબુની બહારનું આ દશ્ય ન આશાથી સહન થયું ન વિકાસથી. સૌથી કફોડી પરિસ્થિતિ બંનેની હતી. ગામની ૧૫ વર્ષની મુગ્ધ દીકરી ખોવાણી અને તે મળી તો આ દંપતીના તંબુમાંથી. બસ આશ્વાસન એટલું હતું કે ગામ આગેવાન કેશુભાઈનો દીકરો ઘરમાં ટીવી જોતો હતો. વિકાસ દર્શનાને શોધવા બહાર હતો અને આશા બહાર રસ્તા પર બીજા ગ્રામજનો સાથે વાત કરતી હતી ત્યારે દર્શના ઘરમાંથી પ્રગટ થયેલી અને તેને સૌથી પહેલાં સુનિલે જોઈ હતી. ગામને દંપતી પર વિશ્વાસ હતો. બસ તેઓને ખાતરી હતી કે જે કલંક છે તે આ દર્શનાનો પરિવાર છે અને આજે આખું ગામ એક સાથે ન્યાયાધીશ થઈ બેઠેલું. અચાનક ક્યાંથી તાકાત આવી તે તો ગામના માતાજી જાણે, વિકાસે આખુંગામ સાંભળે તેવાં મોટા અવાજે કહ્યું,

'ખબરદાર જો કોઈ અમારા ઘરમાં આવ્યું છે તો !' આશા અને વિકાસ આજે દર્શનાના વકીલની ભૂમિકામાં આવી ગયા તે તેને પણ ખબર ન રહી.

આખા ટોળામાં સોંપો પડી ગયો. અત્યાર સુધી ગામના કોઈ સામૂહિક નિર્ણયમાં આવી રીતે કોઈએ પડકાર નહોતો કર્યો.

'જે કોઈને તમાશો જોવો હોય તે સૌ પોતાના ઘરે જાય. જેને પ્રશ્નના ઉકેલમાં રસ હોય અને પોતે કોઈ રીતે

ઉપયોગી થઈ શકે એમ હોય તે લોકો જ અહીં બેસે. અને જે લોકો પણ અહી બેસે એ લોકો ઓટલાં પર બેસશે. ઘરમાં દર્શના, તેની મા અને આશા આટલાં જ જઈ શકશે.' એક શ્વાસે વકીલ તો શું પણ એક આદેશાત્મક ભાષામાં વિકાસે કહી નાખ્યું. કહી તો શું નાખ્યું, કહેવાય ગયું! ક્ષણમાં ટોળું વિખરાય ગયું. વધ્યાં, કેશુભાઈ, છોકરીના પિતાજી, મા, કાકાનો દીકરો ભાઈ, કાન્તાબહેન આશા, વિકાસ અને દર્શના. કાકાનો દીકરો ભાઈ ખાસ્સા ગુસ્સામાં હતો. ઉશ્કેરાયને ઘરમાં જવા ગયો પણ વિકાસે રોકી લીધો. આ બધુ કદાચ ૧૫ મિનિટમાં બની ગયું. બહાર ખાટલાં નંખાયાં. ચા મુકાણી અને પ્રશ્નની ચર્ચા શરૂ થઈ.

'સુરલી છોકરીની મા જ એવી છે.' કેશુભાઈએ કુંડળી કાઢવાનું શરૂ કર્યું. 'ગામમાં કેટલાય જોડે તેને સંબંધ'

'કેશુભાઈ' આશાએ કહ્યું, 'આપણે મૂળ પ્રશ્નની ચર્ચા કરીએ?' દર્શના અમારા ઘરમા ક્યાંથી આવી?

'બેન એમાં એવું છે કે તમારા તંબુનો પશ્ચિમનો દરવાજો બહાર ખુલ્લામાં પડે છે. ત્યાંથી સીધું જ કોતરોમાં જવાય. હવે એ તો હા છે ને ના છે.. એવું હોય કે કોઈ પાછળ ઓઘામાંથી કોઈ સીધું તમારા તંબુમાં આવે તો આવી શકે ને !

હવે મૂળ ફોડ પાડ્યો કે દર્શના પાછળથી ઘરમાં આવી હશે.

'પણ તે પાછળ શું કરતી હશે?' બેને જિજ્ઞાસા બતાવી.

'ગામનો ભૂપત ત્યાં હતો!' ગામના પંચાયતના સભ્ય સમશુંભાઈ બોલ્યા.

'બેન ભૂપત અને દર્શના બંને વચ્ચે સંબંધ છે.' ઉમેશે કહ્યું.

'એ તો આખા ગામને ખબર છે. પરિવાર જ એવો છે' કેશુભાઈ મુખ્ય ન્યાયાધીશની અદાથી પોતાનો અભિપ્રાય આપી એક સંતોષ સાથે પરિવાર સામે જોયું. ખાસ કરીને સૂરજબહેન સામે. સૂરજબહેન તંબુમાં દર્શના પાસે જતાં રહ્યાં.

'તો પછી ભૂપતનો પરિવાર પણ એવો જ ગણવાનો ને? વિકાસે પોતાની સમજણ દ્વારા કહ્યું.

'ના સાહેબ, એમાં એનો શું વાંક?' કેશુભાઈ હવે ન્યાયધીશમાંથી બચાવપક્ષના વકીલ બની ગયા.

'કેમ? બંને વચ્ચે પ્રેમ છે એટલે જવાબદાર તો બંને સરખા જ ગણવાના ને?' વિકાસે પૂછ્યું.

'એવું તો કેવી રીતે થાય? એમાં છોકરાંનો શું વાંક?' હજુ ભૂપતનો વાંક સાબિત થતો ન હતો.

વિકાસે કહ્યું, 'જુઓ, એક હાથે તો તાળી ન વગડે. બંનેનો એક સરખો પ્રેમ છે એમ કહેવાય. બંને સાથે મળીને લગ્ન કરે એવું પણ વિચારી શકાય ને !'

'ના સાહેબ, બંને પરણેલાં છે !' સમશુંભાઈ મૂળ તો છોકરાંવાળા પક્ષના હતાં. તેણે કહ્યું.

'એવું કરીએ સાહેબ, છોકરીના સાસરીવાળાને કાલે તેડાવીએ અને કહીએ કે તે દર્શનાને તેડી જાય.' કેશુભાઈએ વચલો રસ્તો કાઢ્યો.

'બિલકુલ, બંનેના સાસરીવાળાને બોલાવીએ.' આશાએ દીકરો દીકરી એક સમાનનું સૂત્ર સાવ જુદી રીતે મૂકી આપ્યું.

'ના બેન, તો તો છૂટું થઈ જાય.' સમશુંભાઈ ભય પારખી ગયા. 'એવું કરીએ, આપણે આ વાત અહી પૂરી કરીએ? એમ કહીને તેમણે ચાલતી પકડી. થોડી વારે કેશુભાઈ પણ હથિયાર હેઠા મૂકીને કહે કે, 'વાંક તો બંને તરફનો છે.'

ઘરમાં હવે દર્શના અને સૂરજબહેન બે જણાં વધ્યાં. આશાનો હાથ પકડીને સૂરજબહેન કહે બેન, આજે તમે બચાવ્યાં. થોડાં દિવસ પછી સાસરીમાંથી આવીને દર્શનાને વિદાય આપી. સામીબાજુ થોડાં વર્ષોમાં ભૂપતના ઘરના પણ આવી ગયા. આજે બંનેના બાળકો કૉલેજ કરે છે.

મો: ૯૮૨૫૪૧૨૮૪૧

## ૧૪ સંસ્થા સમાચાર (ઓક્ટોબર, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- ગાંધીજયંતી નિમિત્તે આગલે દિવસે તા.૦૧ના રોજ ગ્રામજીવન યાત્રાના કાર્યક્રમમાં સૌ કાર્યકરો અને વિદ્યાર્થીઓ સણોસરા અને આજુબાજુનાં ગામોમાં જઈ આવ્યા.
- ગાંધીજયંતી નિમિત્તે તા.૦૨ના રોજ સવારે પ્રાતઃ પ્રાર્થના થઈ અને ૦૮-૩૦ કલાકે સારસ્વતભવનમાં સંમેલન યોજાયું, તેમાં બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય રજૂ કર્યા. વક્તા તરીકે બહુ જાણીતાં કર્મશીલ, ગ્રામશિલ્પી અને ખાસ કરીને આદિવાસી ક્ષેત્રમાં વર્ષોથી કાર્યરત અને સર્વાંગી વિકાસનું કાર્ય કરતાં શ્રી નિલમભાઈ પટેલે પોતાની વાતો સંવાદાત્મક શૈલીમાં રસપ્રદ રીતે રજૂ કરી. વક્તાનો આવકાર અને પરિચય શ્રી હસમુખભાઈ સુથારે અને આભારદર્શન શ્રી ગિરીશભાઈ દવેએ કર્યું. બપોર પછી એટનબરોની 'ગાંધી' ફિલ્મદર્શનનો સામૂહિક કાર્યક્રમ રહ્યો.
- નોર્વે પ્રવાસ અંગેના એક પ્રેઝન્ટેશનનો કાર્યક્રમ તા.૦૪ના રોજ સાંજે સારસ્વતભવનમાં યોજાઈ ગયો.
- તા. ૦૪ના રોજ પર્યાવરણ શિક્ષણ સંસ્થાન, અમદાવાદ ખાતે જનીન સંવર્ધિત પાકોની નીતિ ઘડવાની ચર્ચા માટે બોલાવેલ રાજ્યકક્ષાની બેઠકમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુક્લ, શ્રી જગદીશભાઈ કંટારિયા અને શ્રી વિનીતભાઈ સવાણી જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૫ના રોજ શ્રી જે. જે.ગરાછ નિવૃત્ત વિસ્તરણ અધિકારી પંચાયત તાલીમાર્થીઓ સમક્ષ ગુજરાતી વ્યાકરણ નિબંધ વિગેરે વિષે સમજ આપી ગયા.
- તા.૦૬ અને ૦૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના ગુજરાતી મુખ્ય વિષયના વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ વર્ગોનું આયોજન શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા દ્વારા યોજાઈ ગયું.
- અંતે છેલ્લા વરસાદે આપણાં તળાવડાં ભરી દીધાં. પંચાયતીરાજ પાસે પાણી નીકળી ગયું, તેની ખુશાલીમાં તા.૦૭ના રોજ સાંજે નીર-વધામણાંનો એક નાનકડો ઉપક્રમ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના હસ્તે યોજાઈ ગયો. લોકભારતી પરિવારનો બહુ મોટો સમૂહ એકઠો થયો અને હરખ છલકાયો.
- તા.૦૭ના રોજ સાયં પ્રાર્થના અનુસંધાને વિદ્વાન વક્તા અને લોકભારતી યુનિવર્સિટીના પૂર્વ કુલસચિવ શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયાનું 'રામાયણની અપૂર્વતા' વિષયનું વક્તવ્ય ગોઠવાયું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૭ના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા તાલીમાર્થીઓ સમક્ષ ગુજરાતી વ્યાકરણ તથા જોડણી સંદર્ભે વ્યાખ્યાન આપી ગયા.
- તા. ૦૭ના રોજ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ વિષયની કામગીરીની સમીક્ષા માટે જિલ્લા કલેકટરશ્રી દ્વારા યોજાયેલ બેઠકમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુક્લ ભાવનગર જઈ આવ્યા.

- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૮ના રોજ જિલ્લા પંચાયતમાંથી નાયબ ચીટનીશ શ્રી હિતેશભાઈ પંડયા તાલીમાર્થીઓ સમક્ષ નોંધ લેખન, મુસદ્દા લેખન,વિવિધ પત્રોના નમુનાઓ વિષય ઉપર રસપ્રદ વ્યાખ્યાન આપી ગયા તથા પ્રશ્નોતરી યોજી
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૯ના રોજ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી મહુવા શ્રી રાજેશભાઈ લાધવા તાલીમાર્થીઓ સમક્ષ રોસ્ટર રજીસ્ટર,રોસ્ટર રજીસ્ટર નિભાવણી તથા તે અંગેના નિયમો વિષય ઉપર વ્યાખ્યાન આપી ગયા.
- તા.૧૨મીના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વ્યવસ્થાપક મંડળની એક બેઠક મળી ગઈ.
- તા.૧૨મીના રોજ દશેરાનિમિત્તે સાંજે લોકભારતી કાર્યકર કલ્યાણ નિધિ આયોજિત સમગ્ર લોકભારતી કાર્યકર-પરિવારજનોનું સમૂહભોજન યોજાયું.
- તા.૨૯મી ઓગસ્ટના પૂ. મનુભાઈ ચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળાનો એકવીશમો મણકો અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ આયોજિત થયેલ તે ભારે વરસાદની આગાહીઓ વચ્ચે મુલતવી રાખેલ, તે કાર્યક્રમ તા.૧૫મીના રોજ દર્શક જન્મ જયંતી નિમિત્તે સારસ્વતભવનમાં યોજાઈ ગયો. તેમાં શ્રી અરુણભાઈ દવેએ મહેમાનોને આવકાર આપ્યો અને કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી. વક્તાશ્રીનો પરિચય જાણીતા કેળવણીકાર અને લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના પૂર્વઆચાર્ય શ્રી મનસુખભાઈ સલ્લાએ આપ્યો. મુખ્ય વક્તા જાણીતા હાસ્ય લેખક અને ચિંતક મા. શ્રી રતિલાલભાઈ બોરીસાગરે 'દર્શકનું વાલ્મીકિ રામાયણનું મર્મદર્શન' વિષય ઉપર અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. લોકભારતીના ચાર પૂર્વ વિદ્યાર્થીઓ : 'સર્વોદય' માટે શ્રી દોસ્તભાઈ બલોચ-અમરેલી, 'જળ સંસાધન' માટે શ્રી રતિલાલભાઈ સુદાણી-આણંદ, 'ગ્રામોત્થાન' માટે શ્રી પંકજભાઈ દવે-રાજકોટ, 'શિક્ષણ' માટે શ્રી તખુભાઈ સાંડસુર-વેળાવદર તથા 'પર્યાવરણ શિક્ષણ અને તાલીમ' માટે શ્રી સુમનભાઈ અને શ્રી રીટાબહેન-અમદાવાદનું શાલ-સન્માનપત્ર અને રૂપિયા એકવીશ હજારની ધનરાશિનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. અનેક શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું આભાર દર્શન શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ કર્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી ધરતીબહેન જોગરાણાએ કર્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં લોકભારતીના સમગ્ર કાર્યકરો અને વિદ્યાર્થીઓએ જહેમત ઊઠાવી. લોકભારતીની સફાઈ, સુઘડતા અને સમગ્ર વ્યવસ્થા અંગે સૌ મહેમાનોએ સંતોષ વ્યક્ત કર્યો.
- તા.૧૬મીના રોજ તલગાજરડા મુકામે યોજાયેલ 'નરસિંહ મહેતા એવૉર્ડ' અને કવિ વિનોદ જોશીના પ્રબંધકાવ્ય 'સૈરન્ધ્રી'ના નૃત્ય-નાટય મંચન કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમાબહેન દેવમુરારિ, શ્રી રેખાબહેન વ્યાસ અને શ્રી ધરતીબહેન જોગરાણા જઈ આવ્યાં.
- તા.૧૭મીના રોજ ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ અને જાણીતા વક્તા શ્રી ભાગ્યેશભાઈ ઝા લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવ્યા. તેઓ સાથે સંવાદનો એક કાર્યક્રમ સાંજે ૦૪-૦૦ કલાકે સારસ્વતભવનમાં રાખવામાં આવ્યો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૬,૧૯ના

રોજ જિલ્લા પંચાયત ભાવનગરથી વિભાગીય હિસાબનીશ શ્રી કૃણાલભાઈ લાઠીગરા તાલીમાર્થીઓ સમક્ષ લોકલ ફંડ નિયમો ૧૯૭૪ અને લોકલ ફંડ નિયમો ૨૦૨૪ તથા ગુજરાત રાજ્ય ખરીદ નીતિ નિયમ ૧ થી ૧૫ વિષય સંદર્ભે વ્યાખ્યાન આપી ગયા.

- તા.૧૯ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના શનિ સંમેલનમાં 'વ્યક્તિત્વ વિકાસ' ઉપર શ્રી સરોજબહેન ચૌધરીએ વકતવ્ય આપ્યું.
- તા.૨૦ના રોજ લોકભારતીના શુભેચ્છક દાતા કચ્છના શ્રી લીલાધરભાઈ ગડા અને શ્રી ગીતાબેન ગાલા કચ્છ-અમેરિકાના એક દાતા શ્રી વિજયભાઈ શાહને લઈને લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૨૧ના રોજ ભારત સરકારના Indian Council of Agricultural Research (ICAR) તરફથી આપણા ઘઉં સંશોધન વિભાગ દ્વારા સંશોધિત લોક-૭૯ના રીલીઝ કરવામાં આવ્યાના સમાચાર આવ્યા, જેથી આખા લોકભારતી પરિસરમાં હરખના સમાચાર ફરી વળ્યા. આના અનુસંધાને સાયં પ્રાર્થનામાં શ્રી અરુણભાઈ દવેએ લોકભારતીનો ઘઉં સંશોધનની કામગીરીનો ઇતિહાસ, તેની ટેક્નિકલ બાબતો, આ પ્રક્રિયામાં અત્યાર સુધીના કાર્યકરોએ ઉઠાવેલી જહેમત, વિદ્યાર્થીઓનું તેમાં યોગદાન વગેરે બાબતોને કેંદ્રમાં રાખી વિગતે વાત રજૂ કરીને હરખ વ્યક્ત કરી સૌને અભિનંદન પાઠવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તાલીમાર્થીઓ સમક્ષ શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' વિષે, તા.૧૦ના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી 'બાળવિકાસમાં લેવાની કાળજી' વિષે તેમજ 'સ્ત્રી સન્માન' વિષે, તા.૧૧ના રોજ વિશાલભાઈ ભાદાણી 'બાળ ઘડતર માટે માતાની વિશેષ જવાબદારી' અંગે, તા.૨૧ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કૈલાસ માનસરોવર યાત્રાનું પી.પી.ટી.દ્વારા રજૂઆત કરી, તા.૨૩,૨૫ના રોજ શ્રી વિશાલભાઈ જોષી અંગ્રેજી વ્યાકરણ તથા ભાષાંતર વિષય ઉપર વ્યાખ્યાનો આપી ગયા તેમજ તા.૨૪ના રોજ રાત્રી પ્રવૃત્તિમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબેન જોગરાણાએ તાલીમાર્થીઓને આકાશ દર્શન કરાવ્યુ.
- તા. ૨૧ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આત્મા પ્રોજેકટ, ભાવનગરની આત્મા ગવર્નિંગ બોર્ડની બેઠકમાં ભાગ લેવા શ્રી નિગમભાઈ શુક્લ જિલ્લા પંચાયત, ભાવનગર જઈ આવ્યા.
- તા.૨૩મીના રોજ ગૂજરાત વિદ્યાપીઠની ગ્રામજીવન યાત્રાની ટુકડીઓ આ વિસ્તારની મુલાકાતે આવી. તેની સાથે તેના અધ્યાપકો ઉપરાંત ગૂ.વિ.ના ટ્રસ્ટીશ્રી અને ગુજરાત રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા અને કુલનાયકશ્રી હર્ષદભાઈ પટેલ પણ પધાર્યા. તેઓએ સાયં પ્રાર્થનાના અનુસંધાને ટૂંકા સંબોધનો પણ કર્યા.
- શ્રી અરુણભાઈ દવે તા.૨૪મીના રોજ રોજ કાકીડી મુકામે ચાલતી પૂ. મોરારિબાપુની કથામાં લોકભારતીના લોક-૭૯ બિયારણને મળેલી માન્યતા સંદર્ભે આ ભેટ પૂ.ના ચરણોમાં ધરીને તેમનો રાજીપો અને આશીર્વાદ મેળવ્યાં.

**આંબલા સમાચાર**

- તા.૦૨ના ગાંધીજયંતી-દિન નિમિત્તે વિદ્યાર્થી

ભાઈઓ-બહેનોએ આંબલા ગામમાં સવારે ૫:૩૦ કલાકે પ્રભાત ફેરી કાઢી, પ્રાતઃ પ્રાર્થના કરી, શ્રી ગૌરાંગભાઈએ ગાંધીજી વિષે વાત કરી હતી અને ગામના જુદાજુદા વિસ્તારોમાં ૧૦ ટુકડીઓએ ગ્રામ સફાઈ કરી.

- તા.૦૨ના રોજ માલપરા સંસ્થામાં સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની રેલી સંદર્ભે તજજ્ઞો સાથે બેઠક યોજાઈ ગઈ.
- તા. ૦૩ના રોજ ભાવનગર મુકામે શ્રી મહર્ષિભાઈ સોલંકી નેવી NCC યુનિ.માંઈન્ટરવ્યુમાં જઈ આવ્યા.
- તા. ૧૬ના રોજ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ, મુંબઈના ચીફ એકઝીક્સ્યૂટીઝની ૦૪ બહેનો અને ૧૦ ભાઈઓની એમ કુલ ૧૪ વ્યક્તિની ટીમ સંસ્થા શુભેચ્છા મુલાકાતે આવી ગઈ.
- નવરાત્રિ દરમિયાન વિદ્યાર્થી ભાઈઓ-બહેનો સાથે કાર્યકર પરિવારે નવરાત્રિપર્વની આનંદપૂર્વક ઉજવણી કરી.
- તા. ૨૬ને દશેરાને દિવસે મોજીલી પ્રાથમિક શાળાના બાળકોએ રાવણનું પૂતળું બનાવી તેનું દહન કરેલ અને આચાર્યશ્રી મહાશંકરભાઈએ દશેરા વિષે સમજ આપી.

**મણાર સમાચાર**

- ૨જી ઓક્ટોબર ૨૦૨૪ના રોજ શાળામાં 'ગાંધીજયંતી' અને 'લાલબહાદુર શાસ્ત્રી' જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.
- માધ્યમિક શિક્ષણ બોર્ડના સંચાલકોની મિટિંગમાં શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા
- મુખ્યમંત્રી ગોમાતા પોષણ યોજનાની ગ્રાન્ટ સંદર્ભે યોજાયેલ બેઠકમાં શ્રી સુરસંગભાઈ ગાંધીનગર જઈ આવ્યા.
- નવરાત્રીની મોજ દશેરા સુધી સમગ્ર સંસ્થાએ માણી.
- તા. ૦૪ના રોજ આંબલા મુકામે ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા અને મણારના વ્યવસ્થાપકોની મિટિંગ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાઈ ગઈ.
- તા. ૦૪ના રોજ શ્રી લાલજીભાઈ NCCની તાલીમમાં દીવ-દમણ જઈ આવ્યા.
- લોકશાળા મણારની કૃતિ 'પરિવહનમાં આપત્તિ-વ્યવસ્થાપન' (રેલ્વેસ્ટેશન પર સેન્સરના ઉપયોગથી ઓટોમેટીક બ્રીજ) કૃતિનો જીફજી તળાજાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે. વિદ્યાર્થીઓ શ્રી પૃથાવીભાઈ, શ્રી ભાવેશભાઈ અને શ્રી વિપુલભાઈએ માર્ગદર્શન આપેલ.
- તા. ૦૭થી ૧૫ સુધી શાળામાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી જેમાં વકૃત્વસ્પર્ધા અને નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.
- તા. ૦૯ના રોજ સ્વર્ગસ્થ ઉદ્યોગપતિ રતનટાટાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.
- તા. ૧૪થી શરૂ થયેલ પ્રથમ સત્રાંત પરીક્ષા પૂર્ણ થતા સહુ વિદ્યાર્થીઓને દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં આવી.
- તા. ૧૫ના રોજ શાળાને મળેલ બ્લોકનું શ્રી શક્તિસિંહ અને શ્રી વિક્રમસિંહની હાજરીમાં લોકાર્પણ કરવામાં આવ્યું.
- તા. ૧૫ના રોજ શાળામાં મનુભાઈ પંચોળી 'દર્શક'ની જન્મજયંતી ઉજવાઈ.
- તા. ૨૨ના રોજ સાંજે ૬ કલાકે સરકાર દ્વારા 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ વિતરણ કાર્યકર્મનું લાઇવ પ્રસારણ કરવામાં આવ્યું તે સહુ સ્ટાફમિત્રોએ નિહાળ્યું.
- વર્ષોથી ગૃહપતિ તરીકે સેવા આપતા શ્રી નીતિનભાઈ રામાણી વયમર્યાદાને કારણે

નિવૃત્ત થયા.

- વિરમગામ મુકામે ખોડાઢોર પાંજરાપોળ મુકામે મા. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પાંજરાપોળ તથા ગોશાળા માટે મળતી સબસીડી આપવા બદલ તેમનું અભિવાદન કરવામાં આવ્યું. તેમાં નિયામક તથા ગોશાળા વ્યવસ્થાપક જઈ આવ્યા.
- આ વર્ષના અંધજન સપ્તાહ નિમિત્તે એન.એસ.એસ. યુનિટ દ્વારા એકત્ર કરેલ ફંડ ૧,૪૫,૦૦૧નો ચેક અંધજન શાળાના જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણીને શ્રી ડાહ્યાભાઈ ડાંગર તથા શ્રી અંકુરભાઈ શાહ દ્વારા અર્પણ કરવામાં આવ્યો.
- પીડીલાઈટ હેડ ઓફીસથી તા.૧૭ના રોજ એક ટીમ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવેલ.

**માઈધાર સમાચાર**

- તા.૦૨ના રોજ શ્રી અનિલભાઈ પંડિતે દરિદ્રનારાયણ સેવા નિજાનંદ પરિવાર દ્વારા 'ગાંધી ગુંજન' કાર્યક્રમમાં લોકોની સેવા કરવાના રસ્તાઓ અને કેવી રીતે કાર્ય કરવું જોઈએ તે અંગે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. ગાંધી જયંતી નિમિત્તે વિદ્યાર્થીઓએ અલગ અલગ સ્વાધ્યાય તૈયાર કરી રજૂઆત કરી.
- તા.૦૭ના રોજ શ્રી અરુણભાઈ દવે માઈધાર કેન્દ્રમાં ચાલતી પ્રવૃત્તિઓ અંગે વાતો કરી.
- તા.૭ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને કાર્યકરો જેસર મુકામે એસ.વી.એસ કક્ષાના વિજ્ઞાનમેળામાં અલગ અલગ મોડલ્સ લઈને જઈ આવ્યા.
- તા.૧૦ના રોજ નવરાત્રી અંતર્ગત રાસ ગરબાનું આયોજન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું.
- તા.૧૫ ના રોજ લોકભારતી 'દર્શક' વ્યાખ્યાન માળા અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમમાં શ્રી વિજયભાઈ અને શ્રી એભલભાઈ જઈ આવ્યા.
- તા. ૧૭ના રોજ મુંબઈથી પીડીલાઈટની ટીમ સંસ્થા મુલાકાતે આવી ગઈ.
- તા.૨૦ ના રોજ શ્રી વિમલભાઈ ઝાલાવાડિયા પરિવાર સાથે માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- તા.૨૪ ના રોજ શ્રી અરુણભાઈ દવેએ માઈધારના સમગ્ર કાર્યકરો સાથે નવી શરૂ થનારી યોજનાઓ સંદર્ભે વિગતે સમજણ આપી.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીના શુભેચ્છક અને શ્રોફ પરિવારના મોભી શ્રી અતુલભાઈ ગોવિંદભાઈ શ્રોફનું ૦૯-૧૦-૨૦૨૪ના રોજ વડોદરા મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના ભૂતપૂર્વ ગૃહમાતા શ્રી માલિનીબહેન પ્રવીણભાઈ મશરૂવાળાનું તા. ૧૫-૧૦-૨૦૨૪ના રોજ ૯૪ વર્ષની વયે પુના મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
  સંપર્ક : પુત્રશ્રી આશુતોષ મશરૂવાળા
  મો. ૦૯૮૬૦૭૯૨૧૧૩

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ અને સમાપન



સન્માન સ્વીકારતા શ્રી દોસ્તભાઈ બલોચ



સન્માન સ્વીકારતા શ્રી રતિલાલ સુદાણી



સન્માન સ્વીકારતા શ્રી પંકજભાઈ દવે



સન્માન સ્વીકારતા શ્રી તખુભાઈ સાંડસુર



સન્માન સ્વીકારતા શ્રી રીટાબહેન-સુમનભાઈ રાઠોડ



'દોસ્ત, મારો દોસ્ત'નું મહાનુભાવો દ્વારા વિમોચન





વિદ્યાગુરુ શ્રી રતિલાલ બોરીસાગરનું શાલ, પુસ્તકો અને શબ્દોથી અભિવાદન-આભાર કરતા શ્રી રામચંદ્રભાઈ પંચોળી




To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-